

આંતર વૈભવ

ચિત્રભાનુ

આંતરવૈભવ

: પ્રવચનકાર :

પૂ. મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ

'ચિત્રભાનુ'

□

પ્રકાશક :

કાન્તિલાલ નહાલચંદ
દિવ્ય જ્ઞાન સંઘ
ક્વીન્સ વ્યૂ, વાલકેશ્વર
મુંબઈ – ૬

□

મૂલ્ય : રૂા. ૧=૫૦

□

મુદ્રક :

કૈવલ્ય શાહ
લિપિની પ્રિન્ટરી
૩૮૦, ગિરગામ રોડ
મુંબઈ – ૪

ધન્ય પળ

ચન્દ્રની ચાંદની કુમુદના હૃદયને ખોલે છે તો સૂર્યનાં કિરણો કમળના હૈયાને ઉઘાડે છે પણ પૂ. ગુરુદેવ શ્રી ચિત્રભાનુ મહારાજશ્રીની વાણી યુગયુગથી બિડાયેલાં માનવહૃદયોને વિકસાવે છે. એમની પ્રેરક પ્રેમાળ વાણીથી આજે કોણ અજાણ્યું છે? એમની વાણી સાંભળવી એ જીવનની સર્વોત્તમ પળ છે. આ પ્રભાવક વાણીએ હજારો નહિ, લાખો હૃદયોને માનવતા અને અહિંસાના પ્રકાશથી ભર્યાં છે.

પૂ. ગુરુદેવશ્રીનું સં. ૨૦૨૪નું ચાતુર્માસ ચોપાટી શ્રી કલ્યાણ પાર્શ્વનાથના ઉપાશ્રયે હતું. પ્રવચનમાં શ્રોતાવર્ગ વધતો જ ગયો. ચાલુ દિવસોમાં પણ પ્રવચનખંડ સાંકડો પડવા લાગ્યો. રવિવારનું તો પૂછવું જ શું? મૂંઝવણ હતી.

શ્રી મહેતા કુટુંબ પૂજ્યશ્રીની ભકિત માટે જાણીતું છે. એમણે આવીને પૂજ્યશ્રીને વિનંતી કરી: "અમારું રોક્ષી થિયેટર આ માટે ન ચાલે? ગુરુદેવ! સહુનાં સ્થાન આપ આપનાં પગલાંથી પાવન કરો તો અમારું આ સ્થાન પાવન ન કરો?"

આંતરવૈભવની પ્રવચનમાળા રોક્ષીમાં શરૂ થઇ. ખુરશીઓમાં સમાવા ઉપરાંત વધતા જતા શ્રોતાઓને શકય એટલી બધી જ સગવડો મહેતા બંધુઓએ આપી. ઉપરની ગેલેરીમાં, નીચે ગાલીચા બિછાવીને શ્રોતાઓને

સમાવ્યા અને સર્વત્ર ધ્વનિવર્ધકયંત્રની ગોઠવણી કરી. શ્રોતાઓ મંત્રમુગ્ધ બની સાંભળતા જ રહ્યા.

ત્યાં આપેલાં પ્રવચનોમાંથી પ્રથમનાં આઠ પ્રવચનો જે દિવ્યદીપમાં પ્રગટ થતાં રહ્યાં છે તે આ પુસ્તિકામાં પર્વના ટાણે અક્ષરદેહ પામે છે.

આ અમૃતવચનોને અત્યંત શ્રમ લઈ ટેપ પરથી ઉતારી આપવા બદલ કુ. વત્સલાબહેન અમીનનો આભાર સહેજે મનાઈ જાય છે.

પૂ. ગુરુદેવના આશયને જાણતાં અજાણતાં કોઇ અન્યાય થયો હોય તો અમે ક્ષમા ચાહીએ છીએ.

લિ.

સંવત્સરી મહાપર્વ
સં. ૨૦૨૫

દિવ્ય જ્ઞાન સંઘના
ટ્રસ્ટીઓ

૧

व्रजत्यधः प्रयात्युच्चैर्नरः स्वैरेव कर्मभिः।
अधः कूपस्य खनकः ऊर्ध्वं प्रासादकारकः॥

રસ્તામાં બે દૃશ્ય જોયાં. કેટલાક કડિયાઓ ભેગા થઇ એક મકાન બાંધી રહ્યા હતા. કેટલાક મજૂરો કૂવો ખોદી રહ્યા હતા. બન્ને પોતાનાં તન અને મનને ઉપયોગમાં લઈ રહ્યા હતા પણ બન્નેનાં સર્જન જુદાં હતાં. મકાન બાંધનારા, પ્રાસાદ સર્જન કરનારા કડિયાઓ જેમ જેમ મકાન બાંધતા ગયા તેમ તેમ તે ઉપર ને ઉપર, પ્રકાશમાં, આકાશમાં આગળ વધતા ગયા. કૂવો ખોદનારા મજૂરો જેમ જેમ ખાડો ખોદતા ગયા તેમ તેમ તે નીચે ને નીચે, અંધકારમાં ઊંડા ને ઊંડા ઊતરતા ગયા. શ્રમ બન્ને કરે છે પણ શ્રમની પ્રેરક રૂપ સાધના ભિન્ન છે અને પરિણામ પણ જુદું છે. એકના શ્રમથી અવકાશમાં જવાય છે, પ્રકાશ પ્રતિ પ્રયાણ છે, સર્જન થાય છે; બીજાના શ્રમથી ખાડો ખોદાય છે, નીચે જવાય છે, અંધકારમાં જવાય છે.

માણસના જીવનમાં આવું જ કાંઈક જોવા મળે છે. માણસનો જે વિચાર છે, કર્મ છે, ક્રિયા છે, વર્તન છે એના વડે ધારે તો પ્રાસાદ બાંધી, અવકાશમાં અને પ્રકાશમાં એ જઇ શકે; અને બીજી રીતે વાળે તો એ ખાડો ખોદી અધો-ગામી બને છે. મહાપુરુષોએ કહ્યું: 'स्वैरेव कर्मभिः' માણસ ઊર્ધ્વગતિ

કે અધોગતિ પામતો હોય તો એ બીજા કોઇને લીધે નહિ પણ પોતાના જ કર્મથી, પોતાની જ ક્રિયાથી પામે છે.

જીવનમાં ઊર્ધ્વગામી કે અધોગામી બનવાનો આધાર આપણાં કર્મ ઉપર છે, આપણી કરણી ઉપર છે.

મનુષ્ય એ માત્ર હાડ, ચામ અને લોહીનું ખોખું નથી, એની પાસે કોઈ દિવ્ય વસ્તુ છે, જેનો આંતરવૈભવ અનંત છે. એ વૈભવ તરફ માણસની દૃષ્ટિ જાય, એ વૈભવને જાણે, તો આજ મનુષ્ય પોતાના કર્મને સામાન્ય, નિમ્ન અને તુચ્છ ગણીને જીવનને નિરાશામય બનાવી બેઠો છે એને બદલે એ પોતાના જીવનને સમૃદ્ધ, સુંદર અને આશાવંત બનાવી શકે.

મોટા ભાગના માનવીઓ પછી એ ઉદ્યોગપતિઓ હોય કે ધંધાદારી હોય, સહુ પોતાના જીવનની કરણીને માત્ર વૈતરૂં સમજે છે; જીવન મળ્યું છે તો પૂરું કરવું, કાંઈ ન કરીએ તો જીવન જાય કેમ! એમ સમજી પોતાના જીવનકાર્યને સામાન્ય અને તુચ્છ બનાવી બેઠા છે.

આ આંતરવૈભવની વાત તમને સમજાઈ જાય તો પછી તમારી પ્રત્યેક ક્રિયામાં–ખાવાની હોય કે સૂવાની–પરિભ્રમણની હોય કે પ્રવાસની–તમને એમ જ લાગશે કે આ ક્રિયા દ્વારા હું મારા દેહને ટકાવી રાખું છું, જેના વડે હું જીવનપ્રાસાદ નિર્માણ કરી શકું. જે દેહ દ્વારા પ્રકાશ અને અવકાશને પામી શકું એમ છું એ દેહની અંદર તો પ્રભુનો પોતાનો નિવાસ છે.

દીનબંધુ એન્ડ્રયુઝ ઇંગ્લૅન્ડની શેરીએ શેરીએ ફરતા અને જે દારૂ પીતા હોય, જુગાર રમતા હોય એમને સમજાવવા અને સુધારવા પ્રયત્ન કરતા. લંડનની એક ગલીમાં એક જુગારી દારૂડિયો હતો જેને સમજાવવા માટે દીનબંધુ રોજ જતા.

"મિત્ર ! આ તને શોભે ?" એ રોજ કહેતા. એક વખત પેલાએ ચિડાઇને કહ્યું: "હું તમને હાથ જોડું છું, તમારો ઉપદેશ બંધ કરો,- મને તમારા ભગવાનમાં જરા ય વિશ્વાસ નથી. તો પછી રોજ આ ને આ વાત શું કરવા કરો છો ?" દીનબંધુએ એટલી જ શ્રદ્ધા અને શાંતિથી કહ્યું: "તારી વાત સાચી છે. તને ભગવાનમાં વિશ્વાસ નથી; પણ ભગવાનને તારામાં વિશ્વાસ છે જ. તેં ભગવાનમાંથી વિશ્વાસ ગુમાવ્યો છે પણ ભગવાને હજી તારામાંથી વિશ્વાસ નથી ગુમાવ્યો !" પેલો તો આ સાંભળી વિચારમાં જ પડી ગયો. એણે કહ્યું: "ફરી બોલો તો!" "મેં તને કહ્યું નહિ કે તને ભગવાનમાં વિશ્વાસ નથી; પણ ભગવાનને તારામાં વિશ્વાસ છે જ." "હજી વિશ્વાસ છે? મારામાં ? જુગારી દારૂડિયામાં વિશ્વાસ છે ?" "હા, પ્રભુ જાણે છે, પ્રકાશ જાણે છે કે હજારો વર્ષ જૂના અંધકારમાં પણ પ્રકાશનો સંભવ છે. ગુફામાં ભલે હજારો વર્ષ જૂનું અંધારું હોય પણ પ્રકાશ કદી હારતો નથી. પ્રકાશ પહોંચે છે ને અજવાળું પ્રસરી જાય છે. પ્રકાશને પોતાના અજવાળામાં શ્રદ્ધા છે. અંધકાર ગમે તેટલો નિબિડ હોય તો પણ આખર એ અંધકાર છે."

"માણસના હૃદયમાં ગમે એટલું અંધારું હોય, જીવન ગમે એટલું નિમ્ન હોય, ગમે તેટલાં વ્યસનો હોય, ખરાબીઓ ભરેલી હોય તેમ છતાં પરમાત્માને વિશ્વાસ છે કે ગમે તેવો ખરાબ માનવી પણ એક દિવસ મારે રસ્તે આવવાનો છે." આ જ કારણે જ્ઞાનીને, દિવ્યતાના અનુભવીને, માનવીના આંતર-વૈભવ ઉપર વિશ્વાસ છે. માણસ બહારથી ગમે એટલો ખરાબ થઈ જાય તો પણ એની અંદર એક એવું સુંદર તત્ત્વ પડ્યું છે જે એને સદા ચેતવે છે.

મેં ચોરોને જોયા છે. એ હૃદય ખોલે ત્યારે સાંભળવા

જેવું હોય છે. "મહારાજ ! અમે સંતોને પગે પડીએ છીએ કારણ કે અમને મનમાં થાય છે કે અમારું જીવન ખરાબ છે. અમે લોકોને લૂંટીએ છીએ કારણ કે એ બીજાને લૂંટે છે. એ લોકો શહેરમાં લૂંટે છે તો અમે એમને જંગલમાં લૂંટીએ છીએ; એ લોકો દિવસે લૂંટે છે તો અમે એમને રાતના લૂંટીએ છીએ. પણ ત્યાગના માર્ગને જોઈને અમારા હૃદયમાં અહોભાવ જાગે છે." ચોર જેવા ચોરોને પણ આ અનુભૂતિ છે, જે સારી વસ્તુને ચાહે છે.

દુનિયામાં તમને એવો કોઈ માણસ નહિ મળે જેના જીવનમાં એકવાર પણ આંતરવૈભવના અનુભવની સુંદર અભીપ્સા ન જાગી હોય ! આ અભીપ્સાને જ આપણે જગાડવાની છે, પ્રદીપ્ત કરવાની છે. આ અભીપ્સાને જેમ જેમ ખાતર મળતું જાય, સિંચન મળતું જાય તેમ તેમ એ વધારે ને વધારે પ્રદીપ્ત અને પ્રોજ્જ્વલિત બને છે. પ્રદીપ્ત અને પ્રોજ્જ્વલિત અભીપ્સા એ જ આપણા સમગ્ર જીવનની આશાનું દષ્ટિબિંદુ છે.

જીવનનું ધ્યેય જડી જાય તો જે જીવન જીવો છો એમાં સતત અભીપ્સાની શિખા વધતી જ જાય. 'મારામાં છુપાયેલો જે આંતરવૈભવ છે એને હું કઇ રીતે પ્રગટાવું !'

આપણામાં જે સુંદર તત્ત્વ છે, એ ભૂલાઈ ગયું છે. દુનિયાની તુચ્છ વસ્તુઓ સાથે માનસિક રીતે એવા જોડાઈ ગયા છીએ કે એ જોડાણ અને ટેવને કારણે જે પરમજીવન આપણને દેખાવવું જોઇએ અને એની સાથે સંબંધ જોડાવો જોઇએ એ આપણે જોડી શકતા નથી.

પ્લગનું જોડાણ વિદ્યુત્‌પ્રવાહથી જુદું પડી જાય તો બલ્બ હોવા છતાં ત્યાં પ્રકાશ થતો નથી. પ્લગ જ્યારે મહાન વિદ્યુત્-

પ્રવાહ સાથે જોડાય છે તો એ નાનકડો બલ્બ પ્રકાશથી ઝગમગી ઊઠે છે. બલ્બ નાનકડો છે, એમાં માત્ર સામાન્ય તાંબાના જ તાર છે; પણ જ્યારે એનું જોડાણ વીજળી (electricity) સાથે થાય છે કે તરત એનામાં તેજનો સંચાર થાય છે. જે તાર સામે તમે જોઇ શકતા હતા તેની સામે હવે મીટ પણ માડી શકતા નથી. એ પ્રકાશથી તમારી આંખ અંજાઇ જાય છે. બલ્બ અહીં છે પણ એનું જોડાણ મહાન પાવર હાઉસ સાથે થયું અને પાવર હાઉસનું સમગ્ર તેજ આ બલ્બમાં આવી ગયું.

આપણું સ્થૂળ જીવન બલ્બ જેવું છે. એ પરમપ્રકાશની સાથે જોડાય તો પ્રકાશથી સભર બની જાય. માણુસ જ્યારે આ પરમપ્રકાશ સાથેનું જોડાણ ગુમાવી બેસે છે ત્યારે તે એક સામાન્ય માણુસ બને છે. પછી તો આહાર, નિદ્રા, ભોગ અને પરિગ્રહનો ઢગલો વધારી પ્રસિદ્ધિ મેળવવાની દોડાદોડમાં જ એ એનું જીવન સમાપ્ત કરે છે.

આપણી જીવનયાત્રા એ માત્ર આ પચાસ કે સો વર્ષનો ગાળો નથી, આ તો એક વિસામો છે. આપણી યાત્રા અનંતથી શરૂ થઈ છે અને આપણું પ્રયાણ અનંત પ્રતિ છે. માનવ-જીવન સિત્તેર વર્ષનું હોય કે સો વર્ષનું હોય પણ એ એક આરામ લેવાનું સ્થાન છે, યાત્રાનો અંત નથી.

Longfellow એ કહ્યું :

"Dust thou art and dust returnest
Was not spoken of the soul"

મિટ્ટીમાંથી સરજાયો, મળશે મિટ્ટીની માંહ્ય –
એ કીધું કાયા કાજે: આત્માને મૃત્યુ ન્હોય.

ધૂળમાંથી આવ્યો અને ધૂળમાં મળી જવાનો, એ વાત આત્મા માટે નથી કહી. એ વાત તો દેહને લાગુ પડે છે. આત્માને

તો સતત આગળ વધવાનું છે, એ તો યાત્રિક છે. જ્યાં સુધી આપણી જ્યોત નિર્મળ અને ઉજ્જવળ ન બને ત્યાં સુધી આ યાત્રા ચાલુ રહેવાની. આ જ્યોત દિવ્ય બનતાં અંતરમાં જે અલૌકિક શાંતિ, સુખ અને આનંદની અનુભૂતિ થાય તે વર્ણવી ન જાય. તે માટે સાધનાની જરૂર પડે છે.

તમે જાણો છો કે મહિને પાંચસોથી હજાર રૂપિયા મેળવવાં માટે છવ્વીશ દિવસ સુધી શેઠની ઑફિસે બરાબર દસથી સાંજના છ સુધી કામ કરવું પડે છે, ત્યારે આખા મહિનામાં શું મળે છે? માત્ર પાંચસો કે હજાર રૂપિયા.

આપણે પરમજીવનની પ્રાપ્તિ કરવાની છે. એને માટે કાંઇ કરવાનું નહિ? શું એમ ને એમ પરમાત્માની પ્રાપ્તિ થઈ જાય.

માનવી છલનામાં પડ્યો છે. જરૂર પડે ત્યારે તહેવારને દિવસે મંદિરે જાય, લોકલાજની ખાતર થોડું દાન દે અને આત્મસંતોષ મેળવે. આ આત્મસંતોષ તો એક જાતની ઊંઘ છે. જાગૃત બનીને વિચારો તો ખ્યાલ આવશે કે ખરેખર, શું આટલેથી જીવન દર્શન થશે? જે જીવનને પામવા માટે સાધના કરવી પડી એ શું આમ જ પ્રાપ્ત થશે?

તિલકના પૂતળાનો પ્રસંગ યાદ આવે છે. મુંબઇની મ્યુનિસિપાલિટીએ નક્કી કર્યું કે ચોપાટી ઉપર તિલકનું પૂતળું મૂકવું. ઘણા શિલ્પીઓને બોલાવ્યા, એમાંથી એક શિલ્પી, જેણે ઘણાં વર્ષો સુધી સાધના કરેલી તેની પસંદગી કરી અને તેને આ કામ સોંપ્યું. શિલ્પીએ પહેલાં તિલકનું માટીનું model બનાવ્યું. સુધરાઇએ બે સભ્યોને model જોવા મોકલ્યા. આવ્યા. તિલકનું પૂતળું જોયું, મોઢું જોયું, સમસ્ત આકૃતિ જોઈ, ખુશ થયા. આબેહૂબ જાણે શ્રી તિલક જ ઊભા જોઇ લો. પછી

એમાંથી એક પૂતળાની ખૂબ નજીક આવ્યો. શિલ્પીએ કહ્યું "અડશો નહિ, માટીનું છે." "આના ત્રીસ હજાર રૂપિયા?" શિલ્પીને હસવું આવ્યું. 'માટીને માપનારા માણસો સાધનાનો સત્કાર કેમ કરી શકે?'

શિલ્પીએ કહ્યું : "તમે જે પૈસા આપો છો એ માટીના કે બ્રોન્ઝના નહિ, પણ સાધનાના છે. માટીમાં માનવીનો મૂળ આબેહૂબ આકાર આણવાની સાધનાનો આ સત્કાર છે? સાધના અમૂલી છે. તમે ગઈ કાલે વૉટ લઇને ચૂંટાયા છો, તમને માટીનાં મૂલ્ય કરતાં આવડે, સાધનાનો સત્કાર તમે શું સમજો?" બીજા સભ્યે ક્ષમા માગી: "આ તો અમસ્તી વાત છે, ગેર-સમજૂતી ઊભી ન થાય." શિલ્પીએ કહ્યું : ગેરસમજૂતીની વાત નથી, પણ માણસ પોતે શું લઇને આવ્યો છે એ બતાવી આપે છે. તમે કૃતિ જોવા નહિ, પ્રકૃતિ બતાવવા આવ્યા."

માણસ બહુ સ્થૂળ દૃષ્ટિથી જુએ છે. માણસનાં કપડાં, દાગીના, હોદ્દો, ડિગ્રી દેખાય; પણ એમાં કઈ મહત્તા ભરેલી છે અને માણસ એ મહત્તાનો સ્વામી છે એના સામે જોનારા દુનિયામાં બહુ થોડા છે.

વિકાસ કરતો કરતો માણસ કેવો મહામાનવ બની શકે છે એ વિચારવાનું છે. આ વિચાર અંદર ઉતરતો જાય, આપણી મનોસૃષ્ટિમાં એનું દર્શન થતું જાય તો આજનું જે જીવન જીવાય છે એના કરતા શ્રેષ્ઠ જીવન જીવવાની મનમાં અભીપ્સા જાગે. જે દિવસથી આ અભીપ્સા જાગે, ભૂખ જાગે તે દિવસથી જાણવું કે જીવન નવું પરિવર્તન લઈ રહ્યું છે.

માળી બીજને માટીમાં વાવે, ખાતર નાખે, પહેલવહેલો ફણગો ફૂટે ત્યારે માળી સમજી જાય કે હવે આમાંથી વૃક્ષ

બનવાનું છે. ઘણાના જીવનમાં તો બીજ જ વવાયાં નથી, અને બગીચાના સ્વામી થઇ બેઠા છે. અલબત્ત ઊગ્યાં હશે થોરિયા, કાંટાળાં ઝાડ કે સુગંધ વગરનાં કરેણ. એને મોટો બગીચો માની બેઠા છે. થોરિયા, કાંટાળાં ઝાડ કે કરેણ એ બગીચો નથી. બગીચો એ જુદી વસ્તુ છે. બગીચો થાય તો જીવન જ જુદું બની જાય છે. આપણામાં જયારે અભીપ્સાનો છોડ ઊગી નીકળે છે ત્યારથી એમ લાગે કે નવજીવન હવે શરૂ થાય છે.

અભીપ્સા જાગતાં સામાન્ય જીવન જીવવું જ ન ગમે. અસામાન્યતાની ભૂખ જાગે છે. પાર્થિવ નહિ, અપાર્થિવ બનવું છે. આ સ્થૂળ જીવનમાં દિવ્યત્વ પ્રગટાવવું છે.

જીવનના બગીચામાં આવી ભાવનાના છોડ ખીલવા જોઇએ. આ જીવનવૃક્ષની નિશાની છે. ભાવનાની આ કૂંપળ જેમ જેમ વધતી જાય તેમ તેમ વૃત્તિ અને દૃષ્ટિ બદલાતી જાય.

થોડા વખત પહેલાં વિનોબા ભાવેને મળવા એક અમેરિકન આવેલા. વાતવાતમાં એમણે કહ્યું : "તમે તો પદયાત્રા કરો છો પણ અમેરિકા તો એટલું બધું પ્રગતિ કરી રહ્યું છે કે આવતા વર્ષોમાં એવાં મોટાં તોતિંગ મકાનો તૈયાર થશે જેમાં જીવનની જરૂરિયાતો એ બિલ્ડિંગમાંથી જ પૂરી થશે. ૮૦મે માળે જન્મેલો બાળક ૮૦ વર્ષ જીવે તો પણ એને નીચે ઉતરવાની જરૂર જ ન પડે એવી સગવડ અમે કરી આપવાનાં છીએ. કેટલો વિકાસ ! કેવાં અદ્યતન સાધનોથી એ બિલ્ડિંગ સમૃદ્ધ હોવું જોઈએ એની કલ્પના તમે જ કરો !" વિનોબાએ હસીને એક જ વાક્ય કહ્યું : "૮૦ વર્ષ સુધી જીવે અને ૮૦ વર્ષ સુધીના જીવનમાં એ જન્મેલા માણસને જીવનભર નીચે ઊતરવાનો પ્રસંગ પણ ન આવે એવી રચના જો તમે કરી શકો તો એટલું જરા કરી લો કે માણસ જયારે મરી જાય ત્યારે પણ એને નીચે ઉતારવો

ન પડે; એની કબર પણ ઉપર બનાવો. જે ૮૯ વર્ષ સુધી નીચે ઊતરે નહિ તેને બિચારાને હવે છેલ્લે મરી ગયા પછી શા માટે ઉતારવો પડે!"

જે માટીમાંથી જન્મેલો માનવી એ માટીને અડે નહિ, જીવે ત્યાં સુધી એ માટીથી જુદો રહે અને જ્યારે મરવાનો દિવસ આવે ત્યારે જ એ માટી પાસે જાય તો આ સંસ્કૃતિ છે કે વિકૃતિ? આજે દૃષ્ટિબિંદુ બદલાયું છે, લોકો ગગનચુંબી Skyscrapers અને અદ્યતન સાધનો તરફ દોડી રહ્યા છે.

હું સાધનોનો વિરોધી નથી પણ સાધ્ય ભૂલાઇ જાય એનો વિરોધી છું. સાધનોની ભભકમાં તમારું સાધ્ય ચુકાઈ ન જાય! જે માણસ સાધનોમાં અટવાઈ જાય છે અને સાધ્યને ભૂલી જાય છે એના હાથમાં માત્ર સાધન રહે છે. સાધ્ય વગરના સાધકનું જીવન નિષ્ફળ બને છે. મારું કહેવું એટલું જ છે, આ સાધનોનો ઉપયોગ તમારા સાધ્ય માટે કરો. તમે તમારા સાધ્ય તરફ વધારે વેગથી, વધારે એકાગ્રતાથી આગળ વધી શકો એ માટે જ તમારા આજના આ અદ્યતન સાધનોનો ઉપયોગ કરો, જેથી તમારું સાધ્ય નજીક આવી શકે. માણસને સદા એ લક્ષ્ય હોવું જોઇએ કે મારે જીવનમાં કોઈક સાધ્ય છે. જે માણસને સાધ્યનો ખ્યાલ ન હોય અને માત્ર સાધનો જ ભેગાં કર્યા કરે તો એવી પણ પળ આવે કે સાધનો ભેગાં થઈને સાધકને જ દાટી દે. દબાયેલો માણસ ઊંચે કેમ આવી શકે?

માણસને થાય છે કે આટલો વ્યવસાય, આટલો ઉદ્યોગ, કેવી રીતે હું બહાર આવું? પણ થયું શું? જે સાધનો સુખ માટે હતાં એ સાધનોએ એને એવો પરવશ બનાવી દીધો કે હવે એ જો સાધનોને છોડે તો એ nowhere જેવો થઈ જાય, ક્યાંયનો ન રહે. એને થાય, હવે કરવું શું?

કેટલાક લોકો પૂછે છે : "આ બધા ભભકાને લીધે તો અમે છીએ. આ બધું ચાલ્યું જાય તો અમે જ મટી જઇએ."

એનો અર્થ એ થયો કે સાધનો વધતાં વધતાં એટલાં બધાં વધી ગયાં કે ખુદ સાધકને પોતાને જ દબાવી દીધો. આ તો કેવી ગજબની વાત કે નોકરો એટલા બધા વધી જાય કે શેઠને જ રહેવા માટે રૂમ ન રહે. જે સાધનો આપણાં સુખ માટે, સગવડ માટે હતાં તે જ બંધન અને દુઃખરૂપ બને. પૂજામાં હો કે જપમાં, જાત્રાએ જાઓ કે જ્ઞાનવાર્તા સાંભળવા જાઓ, ત્યારે પણ સાધનો વચ્ચે આવી ડોકિયું કરી જાય; એ શું સૂચવે છે? સાધ્યને ગુમાવી માત્ર સાધનોનો સંગ્રહ કરવામાં જ સમગ્ર જીવન પૂરું કર્યું. વર્ષોના વધવા સાથે આંતરવૈભવ ધીમેધીમે ક્ષીણ થઈ રહ્યો છે.

સાધક, સાધન અને સાધ્ય આ ત્રણેનો વિચાર કરવાનો છે. સાધક માણસ છે, સાધન એને મળેલા જગતના પદાર્થો છે અને જે તરફ જવાનું છે એ સાધ્ય છે.

સાધનોને વખોડવામાં સમય બગાડશો નહિ. કેટલાક લોકો આજના વિજ્ઞાનનાં સાધનોને વખોડતા જ હોય છે. "અરે! વિજ્ઞાનનાં સાધનોએ સત્યાનાશ વાળ્યું!" કહીને જ્યારે અને ત્યારે એ સાધનોને વખોડતા જ હોય. સાધન ખરાબ નથી, સાધનનો ઉપયોગ કરનાર સાધક કોણ છે એના ઉપર બહુ આધાર રહે છે.

વિજ્ઞાન શું છે? વિજ્ઞાન તો માત્ર વસ્તુમાં રહેલું તત્ત્વ secret બતાવે છે. ઉપયોગની રીત સાથે એને કાંઇ લાગે વળગે નહિ.

વિદ્યુત્ એક શક્તિ છે. તમે એનો સદુપયોગ કરો તો તમને પ્રકાશ આપે, પણ દુરુપયોગ કરો તો તમને જલાવી પણ નાખે.

વિદ્યુત્ શું છે અને કેમ ઉત્પન્ન થાય છે તે બતાવવાનું કામ વિજ્ઞાનનું છે.

સારાં સાધનોનો ખરાબ ઉપયોગ થાય અને ખરાબ સાધનોનો સારો ઉપયોગ પણ થાય.

ઘણા માણસો એમજ માની બેઠા છે કે સાધન જ ખરાબ છે. જો સાધન ખરાબ ન હોત તો સાધકને વાંધો ન આવત. આ એક સમજફેર misconception છે. એના જ કારણે સાધક સામે નજર નથી નાખતા પણ ચોવીસે કલાક સાધનોને જ વખોડ્યા કરે છે.

તમને જ પૂછું: "શું ધર્મનાં સાધનો મારામારીમાં કામ નથી લાગતાં?" સાધનોનો જો દુરુપયોગ કરવો હોય તો ધર્મનાં સાધનોનો પણ થઇ શકે. પાકાપૂઠાંમાં બાંધેલું, ધર્મનું પુસ્તક હોય અને આવેશમાં આવીને કોઈના ઉપર એથી ઘા કરે તો શું એનાથી માથામાં લોહી નીકળવાનો સંભવ નથી? ચોપડી અહિંસાના પ્રવચનોની છે પણ ઘા કરે તો એથી પણ હિંસા થાય ને? એવી જ રીતે તમારા હાથમાં ધર્મનું સાધન હોય અને ક્રોધમાં આવી એને છૂટું ફેંકો તો એ સાધન વડે માણસને મરી જવાનો પણ સંભવ છે.

અઢી હજાર વર્ષ પહેલાંનો એક દાખલો છે. રાણી પ્રભાવતી પૂજાની સામગ્રી લઇને પૂજા કરવા જાય છે. જતાં પહેલાં દાસી પાસે પૂજાનાં શ્વેત કપડાં મંગાવે છે. એને લાલ દેખાય છે. રાણીએ દાસી ઉપર ક્રોધમાં આવી હાથમાં રહેલ દર્પણનો છૂટો ઘા કર્યો, દાસી ત્યાં જ ઢળી ગઇ. પૂજાનું સાધન હિંસાનું કારણ બની ગયું.

સાધન કરતાં સાધક કોણ છે એ જુઓ. સાધકની દૃષ્ટિ મહત્વની છે.

મુંબઈમાં એક કાચનું કારખાનું ચાલતું હતું. મશીનરીમાં કાંઈક બગડ્યું અને મશીન બંધ પડી ગયું. મશીન જ્યાંથી લીધું હતું ત્યાં તરત ખબર આપી. જર્મન કંપનીએ ઍરોપ્લેનમાં ઈજનેરને મોકલ્યો. એ આવ્યો, મશીન તપાસ્યું, સાત દિવસમાં મશીન ચાલુ કરી આપ્યું, કારખાનું ચાલુ થયું. જતી વખતે કારખાનાના માલિકે ઈજનેરને મોટી બક્ષિસ ધરી.

ઈજનેર કહે: "મારે આપની બક્ષિસ નહિ જોઇએ." "કેમ?" "તમારી બક્ષિસ લઉં તો મારું મન લોભીયું થઈ જાય, લાલચુ થઇ જાય. મને તો મારી કંપની તરફથી પગાર મળે જ છે. ઍરોપ્લેનનું ભાડું, અહીં હોટેલમાં રહેવાનો ખર્ચ, બધું જ મળે છે. જે પગાર લઉં છું એ માટે મારે કામ કરવાનું છે."

ઉદ્યોગપતિ સજ્જન હતો, એને વધુ જાણવાની ઇચ્છા થઈ. પૂછ્યું: "મને એ ન સમજાયું. આમાં લાલચુ કેમ થવાય?" ઇજનેરે કહ્યું: "આજે તમે મને બક્ષિસ ધરી પણ કાલે બીજે ઠેકાણે હું કંપની તરફથી જાઉં અને માનો કે એ મને બક્ષિસ ન આપે તો તે વખતે મનમાં વિચાર આવે કે પેલો ઉદ્યોગપતિ સારો હતો, મોટી બક્ષિસ આપી અને આ ઉદ્યોગપતિ તો કંજૂસ છે, આણે કાંઇ જ ન ધર્યું! મારા મનમાં એક જાતનો ખોટો વિચાર આવી જાય, મન ખોટું પડી જાય."

પગને ખાલી ચઢી જાય તો એ ચાલતો નથી, નકામો થઇ જાય છે તેમ મનને ખાલી ચઢી જાય તો એ પણ ચાલતું નથી, નકામું થઇ જાય છે.

જોનારને થાય કે આ ભાઇના પગ તો બરાબર છે, કેમ ઊભા થતા નથી? પણ અંદર ખાલી ચઢી ગઈ છે, ચાલતાં લથડિયાં ખાશે એની બહારનાને ક્યાંથી ખબર!

મનની વાત પણ ભાઈ એવી જ છે. મનને ખાલી ચઢી ગઈ છે; એ તો જાગૃત સાધક હોય તે જ જાણે.

એટલે જ ઇજનેરે કહ્યું : "જો હું તમારી બક્ષિસ લઉં અને બીજા બક્ષિસ ન આપે તો મારા મનને ખાલી ચઢી જાય, મારું મન ખોટું થઈ જાય. પછી એમ જ થાય કે બક્ષિસ આપે એનું જ કામ કરું. પછી કામ ખાતર નહિ, કાર્યમાં કુશળતા લાવવા માટે નહિ, પણ બક્ષિસ માટે જ કામ કરતો થઈ જાઉં. જે માણસ દૃષ્ટિ સામે માત્ર પૈસા રાખે, પોતાનું કર્તવ્ય ન રાખે એ માણસ પૈસાના જેવો જડ અને નકામો બની જાય છે. પૈસા નહિ, તમારો પ્રેમ એ બહુ મોટી વસ્તુ છે."

સાધક જાગૃત હોય તો સાધન ગમે એટલાં પ્રલોભક હોય પણ એ પ્રલોભનમાં આવે નહિ. જાગૃત મનવાળો માણસ આગળને આગળ વધી શકે છે.

તમે કહો છો કે શું કરીએ ? જમાનો બદલાઇ ગયો છે ! પણ માણસ પોતે કેટલો સ્થિર છે, કેટલો જાગૃત છે એનો વિચાર પોતે ન કરે અને જીવનભર માત્ર સાધનોને જ વખોડ્યા કરે તો સાધન તો એક જાય અને બીજું આવે. સાધન વિના માણસ કદી પણ રહી શકતો નથી.

મન જાગૃત અને સ્ફૂર્તિવાળું હોય તો જેમ ફુવારામાંથી પાણી છૂટે એમ એના મનમાં સુંદર વિચારોના ફુવારા છૂટ્યા કરે. રાતના ઊઠે કે પ્રભાતના જાગે પણ એના મનમાં સુંદર વિચારોની સ્ફૂર્તિ છે. એ કોને લીધે ? જાગૃતિને લીધે.

જાગૃત સાધકને ખ્યાલ હોય કે મારું સાધ્ય આ છે. મારું સાધ્ય શું છે ? મારું સાધ્ય દિવ્ય જીવન છે. હું જે કામ કરું

છું એ કામની બધી જ પ્રક્રિયાઓ મારા જીવનની સાથે, પરંપરાઓમાં આવવાની છે.

એક માને ચાર પુત્રો હશે તો દરેકની ઈચ્છા, દરેકની જીવન-રીત, દરેકના ભાવ જુદા હશે. એનું કારણ શું છે? ગત-જન્મથી આ જે સંસ્કારો લઈને આવેલો છે એ સંસ્કારો પ્રમાણે એ બને છે.

કેટલીકવાર મોટો ખરાબ હોય અને નાનો સારો હોય.

મહાભારતનો એક પ્રસંગ છે. શુકદેવને વ્યાસ કહે છે: તું સંસારમાં રહે, સંસારનો અનુભવ કર અને પછી ત્યાગ કર. પણ શુકદેવ સાંભળતા નથી અને ચાલ્યા જાય છે. પુત્રને પકડવા વ્યાસજી પાછળ દોડી રહ્યા છે. રસ્તામાં સરોવર આવે છે. સરોવરના કિનારે કેટલીક કન્યાઓ સ્નાન કરી રહી છે. શુકદેવજી આગળ ચાલ્યા જાય છે, એની પાછળ થોડે દૂર વ્યાસજી આવી રહ્યા છે. શુકદેવજી સરોવર પાસેથી પસાર થયા, કન્યાઓ સ્નાન કરતી જ રહી. પણ વ્યાસ ત્યાં આવ્યા એટલે પેલી કન્યાઓએ જલદી કપડાં પહેરી લીધાં, અંગ ઢાંકી લીધું. વ્યાસે આ બન્ને પ્રસંગો જોયા. એમને થયું મારો યુવાન દીકરો પસાર થયો તો આ કન્યાઓએ કપડાં પહેર્યાં નહિ અને મારા જેવા વૃદ્ધને જોઈ વસ્ત્રો કેમ પહેર્યાં? પાછા વળતાં કન્યાઓને પૂછ્યું: "જ્યારે મારો પુત્ર જતો હતો ત્યારે તમે નિઃશંક બનીને સ્નાન કરતી હતી પણ મને જોઈ તમે કપડાં કેમ પહેરી લીધાં?"

આ સાંભળીને એક કન્યા હસી પડી. પૂછ્યું: "તમને ખોટું નહિ લાગે?" "ના, નહિ લાગે." "વિકારોનો સંબંધ વર્ષો સાથે નહિ પણ વિવેક સાથે છે."

"શુકદેવના અંતરમાં જ્યોત જાગી, વિવેક જાગ્યો, વિકાર માટે આ માનવ દેહ નથી; વિચાર માટે છે. એની દૃષ્ટિ વિકાસ અભિમુખ હતી. શુકદેવને અમારી સામે નજર નાખવાનો પણ સમય નહોતો. પણ તમારા મનમાં કાંઇક જુદું જ રમે છે."

"અમે તમને પૂછીએ. તમને કેવી રીતે ખબર પડી કે શુકદેવ ગયા ત્યારે અમે કપડાં નહોતાં પહેર્યાં અને તમે આવ્યા ત્યારે પહેર્યાં ? તમે જ કહો ? તમારી નજર ક્યાં હતી ?"

વ્યાસને ખ્યાલ આવી ગયો. સુખદેવ એટલે જે સુખનો દેવ છે, એને મન જીવન વિકાર માટે નહિ, વિકાસ માટે છે.

વર્ષો વધતાં વિકારો ઘટે એમ નથી, વિવેક વધતાં વિકારો ઘટે. વિવેકનો આ દીપક પ્રજ્વલિત થાય છે ત્યારે જ ખ્યાલ આવે છે કે મારું આ જીવન, મારી આ યાત્રા, મારો આ જન્મ, વિકાસ માટે છે, આંતરવૈભવને પામવા માટે છે, એની જ સિદ્ધિ માટે છે.

જ્યારે આ સાધ્ય જડી જાય છે પછી સાધક સાધનોની પરવા કર્યા વિના સાધ્ય તરફ આગળ વધતો જાય છે.

માણસ સાધક છે, દુનિયાના બધા પદાર્થો સાધન છે અને દિવ્ય જીવન એ સાધ્ય છે. સાધક આ સાધનનો ઉપયોગ કેવી રીતે કરે કે જેથી એ પોતાના સાધ્ય તરફ આગળ વધી શકે એને માટેનું આ ચિંતન છે.

૨

મનુષ્ય અને પશુને પારખવાની રીત જુદી છે. પશુની કિંમત એના બાહ્ય દેખાવથી, એની ઉમ્મરથી, એની દૂધ આપવાની શક્તિથી થાય છે. પણ મનુષ્યની કિંમત બહારથી નહિ પણ એના આંતરિક જીવનના વિકાસથી, એના વિચાર, ઉચ્ચાર અને આચારથી થાય છે.

કપડાં અને ડિગ્રી ઉપરથી માણસનું માપ નથી નીકળતું. જેને આંતરિક દર્શન નથી એ માણસ જેમ જેમ ડિગ્રીઓ મેળવતો જાય, બહારનાં કપડાંની ટાપટીપ કરતો જાય તેમતેમ એ છલનાનું પ્રતીક બનતો જાય છે. એનાથી સમાજને અવર્ણનીય નુકસાન થાય છે.

વૈભવ બે પ્રકારના છે! બાહ્ય અને આંતરિક. દુન્યવી માનવોને એક જ વૈભવ દેખાય છે પણ જે ચિંતનની નજીક છે, વિકાસ ક્રમમાં આગળ વધેલા છે; જેમની અભીપ્સા ઉચ્ચ પ્રકારની છે એમને બીજા પ્રકારનો વૈભવ દેખાય છે. પહેલો દૃશ્ય (visible) છે, બીજો અદૃશ્ય (invisible) છે.

ઘણીવાર સામાન્ય લાગે, શરીર ઉપર અલંકારોમાં કંઈ જ ન હોય તેમ છતાં એના સમાગમમાં આવો, એને શ્રવણ કરો, એનાં ઊંડાણમાં અવલોકન કરો તો થાય કે જીવનનું ઝવેરાત તો અહીં જ પડ્યું છે. આ ઝવેરાત મળી જાય તો આ દુનિયા તો સુંદર બને પણ આવનારી નવી દુનિયા પણ સુંદર બની જાય.

જે પોતાના જીવનને સુંદર બનાવે છે એ જતાં જતાં દુનિયાને પણ સુંદર બનાવીને જાય છે.

આ સંસારને સુંદર નંદનવન બનાવવા માટે દરેક માણસે માળી બનીને પોતાનો છોડ રોપીને જવાનું છે. ગઈકાલની પેઢીના પ્રેમનો આપણે આટલો બધો લાભ ઉઠાવ્યો હોય તો આવતીકાલની પેઢી માટે આપણે કાંઈક તો કરીને જવું જોઇએ ને ?

એનું નામ જ તર્પણ છે, શ્રાદ્ધ છે. પિતા પાસેથી લીધેલું છે તો હવે દીકરો નવી પેઢી માટે કાંઇ કરે એ જ ખરું શ્રાદ્ધ છે. કાગડાઓને જમાડવા, ભરેલાં પેટને વધારે ભરવાં એ કાંઈ શ્રાદ્ધ છે ?

શ્રાદ્ધ એટલે જે આચાર, વિચાર અને ઉચ્ચારનો વારસો વડીલ પાસેથી મેળવ્યો એ વારસો જતાં પહેલાં આવતી કાલની પેઢીને અર્પણ કરવો.

વર્તમાનના માનવીને હું ભૂતકાળ અને ભવિષ્યકાળ વચ્ચેનો એક મણકો link કહું છું. એ પોતાના જીવનદ્વારા ભૂતકાળના વારસાને ઉજજવળ બનાવે છે અને આવતીકાલના માર્ગ પર પ્રકાશ પાથરે છે ભૂતકાળ પાસેથી મેળવ્યું એ આચરી બતાવે છે અને આચરણ દ્વારા આવતી કાલની પેઢીને આપીને જાય છે.

મનુષ્ય માત્ર દેહને પોષવા, ઇન્દ્રિયોને તૃપ્ત કરવા, પોતાનું ઘર ભરવા માટે નથી આવ્યો; એણે તો કાંઇ આપવાનું છે. એ ક્યારે બને ? જેનું આંતરિક જીવન વૈભવપૂર્ણ, સમૃદ્ધ હોય એ માનવ જ દુનિયાને કંઇક આપીને જાય છે, એ જ લો સ્મૃતિમાં ચિરંજીવ બને છે. આવાં કેટલાં ય અજ્ઞાત નરનારીઓ હશે જેમનાં જીવનચરિત્ર નથી લખાયાં પણ જેમના આચાર, વિચાર અને ઉચ્ચારના પ્રકાશે આજે માનવજાત શાંતિથી, સુખથી જીવી રહી છે.

માર્ટિન લ્યુથર કિંગનું ખૂન થયું અને લોકોની લાગણીઓ ઉશ્કેરાઈ ગઈ. તોફાને ચઢયા, આગના ભડકા થયા. હિંસાનું તાંડવ રચાયું. ત્યારે આંસુભીની આંખે એની પત્નીએ ટેલિવિઝન ઉપર આવીને અમેરિકનોને બે જ બોલ કહ્યા: "માર્ટિન લ્યુથર કિંગે દુનિયાને કહ્યું હતું કે 'અહિંસાથી દુનિયામાં શાંતિ આવશે અને એ અહિંસા ખાતર જોઇએ તો મારા પ્રાણ આપીશ.' પ્રાણ આપીને પણ અહિંસાની શક્તિનું એણે દર્શન કરાવ્યું, અહિસા માટે જ એ જીવન જીવ્યો અને એ માટે જ જીવન સમાપ્ત કર્યું. એના ઉપાસકો, તમે, હિંસા કરીને એના આત્માની વિરુદ્ધ જઈ રહ્યા છો, એના આત્માને શાંતિ કેમ મળશે? એને જે પસંદ નહોતું એ કામ કરી એના ચાહક તમે કેમ બની શકો?" અને આ શબ્દોએ તો જાદુ કર્યો. હિંસક વાતાવરણ એકદમ શાંત બની ગયું

જે આંતરિક વૈભવથી જીવે છે તે એની સાથે રહેનારને પણ એના સદ્‌ગુણની સુવાસથી ભરી દે છે. માણસ ચાલ્યો જાય પણ એની પાછળ એની સૌરભ મૂકી જાય છે, દુનિયાની આ જ સમૃદ્ધિ છે.

આંતરિક વૈભવ એ બહુ દિવ્ય વસ્તુ છે. એમાં વેરની સામે વેર નથી, વેરની સામે પ્રેમ છે. એ વિચારે છે, જેણે ખરાબ કર્યું એનામાં અજ્ઞાન હતું એટલે દુષ્ટતા આચરી; હું સારો હોઉં તો મારે એને સુધારવાનો છે.

ચિંતકે સરસ વાત કહી: "લોહીથી ખરડાયેલાં કપડાને લોહીથી ધોવા પ્રયત્ન કરશો તો ઉજ્જવળ નહિ બને. એને તો પ્રેમના વારિથી ધોવાનાં છે." દુર્ગુણોને સદ્‌ગુણોથી સ્વચ્છ કરવાના છે.

આ સદ્‌ગુણ પ્રત્યે મનમાં અભિરુચિ, માન અને અહોભાવ

જાગવાં જોઈએ. સદ્દગુણની પૂજા સાથે સદ્દગુણમાં રહેલી શકિત પ્રત્યે આદર જાગવો જોઇએ.

'આજે સદ્દગુણની પૂજા ઘણા કરે છે, પણ મનથી માનતા હોય છે કે સદ્દગુણમાં સામર્થ્ય નથી. એટલે જ માન છે પણ આચરણ નથી. જેવી રીતે મૂર્તિની આરતી ઉતારે પણ એના જેવા બનવાનો પ્રયત્ન ન કરે, એવું જ સદ્દગુણ માટે બને છે.

પૂજા સાથે સદ્દગુણમાં રહેલા સામર્થ્ય માટે હૃદયમાં અભિરુચિ અને શ્રધ્ધા જાગવી જોઇએ. શ્રધ્ધા શકિતમાં અને સન્માન વસ્તુને.

ખરાબમાં ખરાબ લોકો પણ એમ તો કહેતા હોય છે જ કે આ તો સંત છે, સદ્દગુણી છે પણ મનથી માનતા હોય છે કે સદ્દગુણી એટલે સામર્થ્ય વગરનો. એમાં શું છે ? વિચારોમાં દ્વિધા છે, માન સદ્દગુણનું અને આચરણ દુર્ગુણનું.

અલબત્ત, કેટલીકવાર એવું બને છે, કોઈક ક્ષણોમાં સદ્દગુણ નિર્બળ દેખાય, દુર્ગુણની સામે હારતો અને ઘવાતો પણ દેખાય પણ તમે તાત્કાલિક તરફ નહિ, ત્રૈકાલિક તરફ જુઓ.

કેટલીક વસ્તુઓ તાત્કાલિક જીતી જાય છે પણ ત્રૈકાલિક દૃષ્ટિએ એની હાર હોય છે. Temporary અને permanent વચ્ચે આ અંતર છે.

સદ્દગુણની શકિત temporary નથી permanent છે; જ્યારે દુર્ગુણની શકિત temporary છે, permanent નથી.

માથું દુઃખતું હોય અને એનેસિનની ગોળી લઈ લો તો કદાચ એ ક્ષણ પૂરતો માથાનો દુખાવો બંધ થઇ જાય પણ એથી રોગ નથી મટતો. રોગનું મૂળ કયાં છે ? અતિ " વિચાર કર્યો તેથી કે વિચારોમાં ઘર્ષણ ઊભું થયું તેથી ? કોઇની સાથે

કલહ કર્યો તેથી કે ઈર્ષ્યાને લીધે મનમાં બળતરા ઊભી થઈ તેથી ? કોઇનું શુભ જોઈને મનમાં અશુભ વિચાર જાગ્યો તેથી કે ખોરાકના નિયમોનો ભંગ કર્યો તેથી ?" આ શોધવાને બદલે એનેસિનની ગોળીઓથી પતાવો તો લાંબે ગાળે ફરી ઉથલો મારશે જ.

એમ દુર્ગુણમાં તાત્કાલિક સહાય આપવાની શકિત છે પણ ચિરકાળ નહિ. બેચાર વાર સફળતા મળી જાય પણ અંતે તો તે નિષ્ફળ જાય જ છે.

દુર્ગુણો દુનિયામાં ફાવતા દેખાશે, મોટી ગાડીઓ લાવતા દેખાશે, પ્રતિષ્ઠા અને ઇજ્જત પણ અપાવતા દેખાશે, પણ એ તાત્કાલિક શકિત છે. લોકોને તાત્કાલિક શકિતઓનો મોહ છે એટલે ત્રૈકાલિક શકિતઓ સામે દૃષ્ટિ જતી નથી.

જેઓ આંતરવૈભવના સ્વામી છે તેઓ તાત્કાલિક લાભ લેતા હોવા છતાં એમની અસીમ શ્રદ્ધા ત્રૈકાલિક તરફ છે.

લોકો જ્યારે હિંસક યજ્ઞ, સોમપાન અને દ્યૂતમાં ચકચૂર બન્યા હતા ત્યારે એક ધર્મગુરુએ પોતાના શિષ્યોને કહ્યું : "જુઓ, આજે ચારે બાજુ સોમપાન, હિંસા, દ્યૂત–બધું વધી ગયું છે એની સામે તમારું ચારિત્રમય અને તપોમય જીવન જ કામ લાગશે. ઉપદેશ નહિ, આચરણ કામ લાગશે. પુસ્તકો મોકલવાથી નહિ, તમારા જવાથી પ્રકાશ પથરાશે."

માત્ર પુસ્તકોથી માણસ સુધરી જતો હોત તો હિંદુસ્તાનના દરેક છાપામાં દર અઠવાડિયે એક પાનું ધર્મને માટે રાખેલું હોય છે. તો રોજ છાપાં વાંચનારા બધા જ માણસો સારા થઇ ગયા હોત !

એટલું વાચન કાંઈ કામ નથી કરતું. એ વ્યસન બની જાય છે. એનામાં વાચનશકિત reading capacity વધી

જાય પણ પાચનશક્તિ digestive capacity ઓછી થઇ જાય.

જે આચરણ દ્વારા પરિવર્તન આવે છે એ માત્ર ભાષણોથી કે લખાણોથી નથી આવતું.

ભગવાન મહાવીર અને બુદ્ધના સમયમાં જે પરિવર્તનો દેખાયાં એનું કારણ જીવંત આચરણવાળી આદર્શ વ્યક્તિ લોકો સમક્ષ ઊભી હતી.

આજે ચૂંટાવવા માટે નેતાઓ સદાચાર, સત્ય અને પવિત્રતાની વાતો કરે છે પણ આચરણ સાથે એને શું લાગે વળગે?

Drinking wine અને preaching water એ જીવનમાં પરિવર્તન નથી લાવી શકતું. જે સત્ પુરુષ છે, સદાચારી છે એના આચરણનો પ્રતિધ્વનિ એમની પાછળ આવનારાઓમાં પડે છે. ધ્વનિનો જ પ્રતિધ્વનિ છે, આચરણનો પડઘો પડવાનો છે. ધર્મગુરુએ કહ્યું: "અહિંસાનો પ્રચાર કરવા દૂરદૂરના પ્રદેશમાં જવાનું છે. ડુંગરાળ પ્રદેશની પેલી પાર પગપાળા જવાનું છે. પ્રતિકૂળતાને સાથી સમજીને જવાનું છે."

એક શિષ્ય ઊભો થયો, નમન કર્યું અને કહ્યું "ગુરુદેવ! મને આજ્ઞા આપો." "વત્સ! આ પ્રવાસ એ તપશ્ચર્યા છે. માર્ગમાં ઘસારો એટલો લાગશે કે તારાં જીવનનાં ૨૫ વર્ષ ઓછાં થઇ જશે."

આ વાર્તાલાપ બગીચામાં ચાલી રહ્યો હતો. બાજુમાં ગુલાબના છોડ ઉપર એક સુકુમાર પુષ્પ ખીલ્યું હતું. શિષ્યે કાંઇ ન બોલતાં માત્ર નજર પેલા પુષ્પ પર માંડી. ગુરુ સમજી ગયા. કહ્યું: "જા વત્સ! હું તને આશીર્વાદ આપું છું."

પુષ્પ કેટલું જીવે છે? પણ જેટલું જીવે છે એટલામાં સુવાસ,

સુકુમારતા અને સૌંદર્ય સરજીને એ ચાલ્યું જાય છે. થોડું જીવવા છતાં એ અંતરનો વૈભવ વહાવી જાય છે.

પુષ્પનો આંતરવૈભવ છે સુવાસ, સુકુમારતા અને સૌંદર્ય. એ સમજે છે કે આંતરવૈભવ વહાવ્યા પછી વધારે પડતું જીવવાની ઇચ્છા એ જીવનની મૂર્છા છે.

આ વિચાર જીવનમાં આવે તો સમાજના વૃદ્ધ, પ્રાજ્ઞ, અનુભવી પુરુષોનો લાભ ઘરને, સમાજને, દેશને મળે. પણ માણસ એમ વિચાર કરે કે યુવાનીમાં પૈસા પેદા નથી કરી શક્યો અને હવે તક મળી છે તો હું સંચય કરી દીકરાઓને દેતો જાઉં, પેઢીને વધુ સમૃદ્ધ કરતો જાઉં, તો એ માણસ દીકરાઓને પૈસાને બદલે દુર્ગુણો જ આપતો જાય છે. જીવનની અંતિમ ભૂમિકાના પ્રત્યાઘાતો સમાજના માનસ ઉપર પડે જ છે.

શું પુષ્પ આપી શકે એના કરતાં માણસ વધારે ન આપી શકે ? પુષ્પ તો એક જ સ્થાનમાં આપે છે પણ માણસ તો યાત્રી, પ્રવાસી છે. એ પોતાના વિચારોની સુવાસ, આચરણની સુકુમારતા અને જીવનનું સૌંદર્ય જ્યાં જાય ત્યાં આપી શકે.

કેટલાય પુરુષો જીવંત પુસ્તકાલય જેવા હોય છે, એમનું આચરણ આદર્શરૂપ હોય છે. આવા પુરુષો જ્યાં જાય ત્યાં પોતાના આંતરવૈભવને વહાવતા હોય છે.

જે વૈભવ દૃશ્ય છે એ સહુની નજરે આવે છે પણ જે અદૃશ્ય છે એને જોવા માટે તો બીજી વસ્તુની સહાયતા લેવી પડે છે. Bacteria અદૃશ્ય નથી. પણ એટલા ઝીણા છે કે સૂક્ષ્મદર્શક કાચ magnifying glassથી જ દેખાય.

ધ્યાનની, અંતરઅવલોકનની સહાયતા લઇએ તો જ આ વસ્તુ દેખાવા માંડે છે.

આપણું સૂક્ષ્મ તત્ત્વ અમુક પળોમાં આપણને સૂચના

આપે છે. આપણને કાંઇક કહેતું પણ હોય છે.

જે જાગૃત છે એ જ એને સાંભળે છે અને એ અવાજને આધારે આગળ વધે છે.

મહાપુરુષોને જ્યારે વિચારોમાં ગરબડ લાગી ત્યારે કહ્યું: "મને ઉપવાસ કરવા દો, મૌન કરવા દો, આત્મઆલોચના કરવા દો. જોવા દો કે ભૂલ ક્યાં છે." અને આ રીતે તેઓ શોધી કાઢતા કે અંતરના અવાજે જે કહ્યું એની વિરુદ્ધમાં કર્યું તેથી ગરબડ થઇ.

પણ બીજો એક વર્ગ એવો છે જે આ તત્ત્વને દબાવવાનો, મિટાવવાનો ઉપાય લે છે—દારૂ, કામ કે કોઇ વ્યસન. આ વસ્તુઓ અવાજને દાબી દે છે.

માણસ દારૂનું શરણું શા માટે લે છે? ચોક્કસ માનજો કે ખરાબ કામ સામે એનું અંદરનું તત્ત્વ ના પાડતું હોય છે, કહેતું હોય છે: 'તું ક્યાં જઈ રહ્યો છે? તારા આચારને મૂકીને તું તારા કુટુંબને મૂકીને, તારી વિશ્વાસુ વ્યક્તિઓને મૂકીને તું ક્યાં જાય છે?'

તરત પ્યાલી ભરે, પેટમાં ઠાલવે અને જ્યોતને બૂઝવી નાખે, હવે એ અવાજ શું કહેવાનો છે? દબાઈ ગયો.

અવાજ એને પરેશાન ન કરે એનો આ ઉપાય છે.

જ્યોત ઝાંખી પડતાં પશુમાં અને એનામાં કાંઈ ફેર રહેતો નથી. પશુને પણ ભૂલ માટે અફસોસ નથી અને વ્યસનને આધીન બનેલાને પણ અફસોસ નથી. બન્ને એક જ ભૂમિકા ઉપર છે. અંતર એટલું જ છે કે પશુને મદિરાનું શરણું લેવું નથી પડતું જ્યારે માણસને એનું શરણું લેવું પડે છે.

જાગેલ તત્ત્વને બંધ ન કરી શકાય તો એના ઉપર આવરણ તો જરૂર લાવી શકાય. એ આવરણ શું છે? નશો. જ્યાં સુધી એ

તત્ત્વ ઉઘડેલું છે ત્યાં સુધી એ માણુસ માનવ રહેવાનો છે.

ટોલ્સ્ટોય એક વાર્તામાં લખે છે. એક માણુસે એની પત્નીનું ખૂન કરવાનો વિચાર કર્યો. રાતના પત્ની ભરનિદ્રામાં સૂતી હતી. પતિ તો ખૂન કરવાના વિચારોમાં જાગૃત હતો. હાથમાં સાધન લઈને પત્ની પાસે ગયો. એ તો ભરનિદ્રામાં પોઢેલી હતી. મોઢું જોયું અને વિચાર આવ્યો: "એણે મારો શું ગુન્હો કર્યો છે? માત્ર મને ખરાબ માર્ગે જતાં અટકાવે છે; પણ એનો મારા ઉપર કેટલો બધો વિશ્વાસ છે કે હું એને મારવાનો વિચાર કરી રહ્યો છું એવો વિચાર માત્ર પણ એને આવતો નથી. આવી નિર્દોષ સ્ત્રીને કેવી રીતે મારી શકું?"

આમ અંદરથી અવાજ આવ્યો. છરો સંતાડીને પાછો સૂઈ ગયો. પછી એણે બીડી સળગાવી. વ્યસનથી વિવેકબુદ્ધિને ધુમાડાના ગોટામાં મૂઝવી નાખી હવે એ ફરી ઊભો થયો અને છરો હુલાવી દીધો. વ્યસન અવાજને કેવો ગુંગળાવી દે છે?

આજ તો સિગારેટ અને દારૂ સમાજમાં સુધારાનું સ્થાન લઈને બેઠા છે. એ ન લે તે વેદિયો!

કોઈક કોઇક વાર એવું પણ બને કે ઘણા પથરા ભેગા થઈ જાય તો હીરાનું તેજ દબાઈ જાય, કારણ કે પથરાઓની બહુમતી થઇ, હીરો એકલો પડી ગયો.

ખૂન માણુસે નથી કર્યું પણ વ્યસને કર્યું છે. જ્યાં સુધી એ માણુસ હતો ત્યાં સુધી એ ખૂન ન કરી શકયો પણ જ્યારે માણુસ મટી ગયો ત્યારે જ એ ખૂન કરી શકયો.

જ્યાં સુધી માણુસ 'માણુસ' છે ત્યાં સુધી એ ખરાબ કામ નહિ કરી શકે પણ જ્યારે અંદરનો 'માણુસ' મરી જાય છે ત્યારે જ એ આવું કંઇક કરવા તૈયાર થાય છે.

મહાપુરુષોએ કહ્યું: માણુસ કદી ખરાબ હોઈ શકે જ નહિ. માણુસમાં અમને શ્રદ્ધા છે. પણ જયારે કોઇ ખરાબ કામ્ કરે છે ત્યારે એ માણુસ નથી હોતો: પશુતત્ત્વ આવે છે અને કામ કરી બેસે છે. જેવું એ તત્ત્વ જાય છે કે પશ્ચાત્તાપ શરૂ થાય: 'મેં બહુ ખોટું કર્યું.'

નબળી પળોમાં ભૂલ થઈ જાય છે. રાત્રે સૂતાં પહેલાં પ્રાર્થના કરવા જાય ત્યાં એ નબળી પળ અને કૃત્ય યાદ આવે, અને કહે: "ભગવાન! મને ક્ષમા કરો, મારાથી ભૂલ થઇ ગઈ."

વિચારો, ક્ષમા કરો એમ કહેનાર કોણુ? અને પેલું કૃત્ય કરનાર કોણુ? જયાં પાછો માણુસ આવ્યો એટલે કહે છે કે ક્ષમા કરો. પણ જયારે એ કામ કર્યું ત્યારે એ માણુસ નહોતો.

માણુસ આવેશમાં આવીને કાંઇ કરી બેસે છે ત્યારે એ માણુસ નથી જ.

આંતરવૈભવનું દર્શન થતાં સમજાય છે કે માણુસમાં એક એવું તત્ત્વ છે જે સુંદર, સુવાસિત અને પ્રસન્ન છે.

આજના વાતાવરણુમાં આ તત્ત્વ ઝાખું થયું છે. બહારથી મેળવેલી ભૌતિક વસ્તુઓ વચ્ચે આપણે ખુદ ઢંકાઈ ગયા છીએ. જીવનની સુંદરતા સમજાતી નથી.

તક ગયા પછી માણુસ ગમે તેટલો પશ્ચાત્તાપ કરે પણ એને કાંઇ મળતું નથી, માનવભવમાં મળેલી આ તક આવા વાતાવરણુથી ઢંકાઈ ન જાય, માટે મળેલાં સાધનો સાધકને સાધ્યની દિશામાં લઈ જાય છે કે નહિ એ માટે જાગૃત રહેવાનું છે.

સાધન ખરાબ નથી. સાધક સાધનનો ઉપયોગ કરી જાણે તો જગતમાં બધાં જ સાધનો એના વિકાસનાં સહાયક તત્ત્વો બની જાય.

બે પ્રકારના વૈભવ છે, દશ્ય અને અદશ્ય. દશ્ય વૈભવ સહુને દેખાય છે, અદશ્ય વૈભવ બહુ થોડાઓને દેખાય છે. પણ દશ્ય વૈભવ એ અદશ્ય વૈભવનું જ પરિણામ છે.

સામાન્ય રીતે લોકો દશ્ય વૈભવને વધારવા માટે દશ્ય વસ્તુઓનો સહારો લે છે અને એમાં નિષ્ફળ જાય છે, ન ફાવતાં નિરાશ થઈને બેસી જાય છે. પણ દુનિયાના દશ્ય વૈભવની પાછળ અદશ્ય વૈભવ કામ કરે છે તે જો જાણે તો તેઓ જીવનમાં જરૂર પ્રગતિ સાધી શકે.

દુનિયામાં શોધખોળના પરિણામે જે બહાર આવે છે, સંશોધનના પરિણામે જે પ્રાપ્ત થાય છે એ લોકોને દેખાય છે, છાપામાં આવે છે પણ જેણે—આવું સંશોધન કર્યું એણે અંદર કેટલી એકાગ્રતા કેળવી હશે, એ કેટલો ઊંડો ઊતર્યો હશે, એણે એ પ્રાપ્ત કરતાં પહેલાં અંદર કેટલી શક્તિ કેળવી હશે કે જેની દ્વારા વસ્તુ શોધી શકાઇ એ તરફ આપણું ધ્યાન નથી જતું. શું શોધ કરી એ ખબર પડે છે પણ શોધ કરનારે અંતરમાં શું શોધ કરી એની આપણે કદી તપાસ પણ કરતા નથી.

જે અંદર એકાગ્ર નથી બનતો, એકચિત્ત નથી બનતો, સંગીતમય અને સંવાદમય નથી બનતો તે કોઇ જ સર્જન નથી કરી શકતો. દુનિયાના મોટા વૈજ્ઞાનિકોએ જીવનને મોજ મજાહ કરવામાં, સિનેમા, નાટક અને કલબોમાં રખડવામાં ખલાસ નહોતું કર્યું. તેના જ પરિણામે આ નવસર્જન છે.

આઇન્સ્ટાઇનને પોતાની ધૂનમાં બે મહિના સુધી દાઢી કરવાનો ખ્યાલ પણ નહોતો આવ્યો.

માટે તમે માત્ર સાધન તરફ જ ન જુઓ, સાધક તરફ પણ જુઓ. સાધક સાધનાથી શું સાધ્ય કરી શકે છે; શું સર્જન કરી શકે છે?

આપણે માત્ર એમણે કરેલી શોધનો લાભ ઉઠાવી ઉપભોગ જ કરીએ અને કાંઈ પણ નવસર્જન કર્યા વિના, દુનિયાને કાંઇ પણ આપ્યા વિના એમના એમ જ ચાલ્યા જઇએ તો શું આપણે આ જગતના દેવાદાર નથી બનતા?

અંદરના પલટાથી બહાર શું પલટો આવે છે અને બહારનાં સાધનો અંદરના જીવનને ઘડવામાં કેવાં મદદગાર બને છે એ વિચાર કરવાનો છે.

ખેતવાડીના પ્રદર્શનમાં એક ખેડૂતે એક સુંદર ફળ મૂકયું હતું. દૂરથી જુઓ તો પાણીનો કુંજો લાગે. કો'કને થાય ખેતવાડીના પ્રદર્શનમાં કુંભારે બનાવેલા કુંજાનું શું કામ પડયું? પણ નજીક આવતાં ખ્યાલ આવતો કે એ કુંભ નથી, Jug નથી પણ એક કોળું હતું. બધાને આશ્ચર્ય થયું. બધી જાતના આકારો થાય પણ કોળામાં કુંભનો આકાર કેવી રીતે? ખેડૂતને પૂછયું તો કહ્યું: મેં અખતરો experiment કર્યો. કોળું નાનું હતું ત્યારે કુંજામાં મૂકી દીધું. ધીમે ધીમે પેલું અંદર વધતું ગયું. વધતાં વધતાં જયારે એનો વિકાસ growth પૂરો થવા આવ્યો ત્યારે outer shell તોડી નાખ્યો. અંદરથી કુંભ જેવું કોળું નીકળ્યું.

જીવનને શું આ સિદ્ધાંત લાગુ પડતો નથી? માણસ પોતાના વિચારની બહાર જઈ શકતો નથી, outer shellની

બહાર કદી જઇ શકે નહિ. વિચારો જો મર્યાદિત હોય, એમાં જો અમંગળ તત્ત્વ ભરેલું હોય, એમાં નિમ્નતા પડેલી હોય તો તમે કોઇ દિવસ ઊંચે નહિ જઈ શકો કારણ કે બહાર રહેલી વસ્તુ અંદર રહેલી વસ્તુને દબાવે છે. એને આકાર આપે છે.

વિચારો જો ઊંચા હોય તો વ્યક્તિત્વ ખીલે છે. વ્યક્તિત્વની ઉપર વિચારોનો કુંભ છે, એ જ આવરણ બની આકાર આપી રહ્યો છે.

તમને એવો કોઇ માણસ નહિ મળે જે પોતાના વિચારો કરતાં આગળ ગયો હોય. વિચારોની મર્યાદામાં જ માનસ મોટું થાય છે.

માણસ વિચારોને ઘડે છે, પછી વિચારો જ માણસને બાંધી લે છે. આ એક અન્યોન્યયુક્તિ વાળો ન્યાય છે પોતે જ કરેલા વિચારો બહાર આવીને ચોકિયાત થઈને ઊભા રહે છે. વિચાર જેટલા પ્રમાણમાં હોય એટલા જ પ્રમાણમાં માણસ બહાર જઇ શકે, આગળ વધી શકે.

શેઠ કોઈ અનાડી ચોકિયાતને પસંદ કરી નોકર રાખે અને કહે: "તારે હવે આ બારણા ઉપર ઊભા રહેવાનું છે; અંદર-વાળાને બહાર જવા દેવાનો નથી અને બહારવાળાને અંદર આવવા દેવાનો નથી." હુકમ કર્યો એટલે એ દ્વારપાળ બનીને ઊભો રહે. પછી શેઠ કહે: "મારે બહાર જવું છે" તો કહે: "નહિ જવા દઉં." "કેમ?" "તમે જ મને હુકમ કર્યો છે. હું વફાદાર નોકર છું. આજ્ઞાપાલન પહેલાં."

એમ તમે જે વિચાર કરો છો એ જ વિચારો તમારા દ્વારપાળ બની જાય છે, ચોકિયાત બની જાય છે. બહાર

જવા ન દે, અંદર આવવા ન દે. માણુસ વિચાર કરે અને વિચાર માણસને પોતાનામાં પૂરી રાખે.

ઘણા ખરા માણસો અમુક વિચારો નક્કી કરે છે, પછી એની બહાર જઈ શકતા નથી. જ્યાં સુધી બહાર ન જાય ત્યાં સુધી બહાર રહેલું પ્રકાશપૂર્ણ અનંત જગતનું દર્શન એને ક્યાંથી થાય ?

કેટલાક માણસો સુધારક હોવાનો, વિચારક હોવાનો દાવો કરે છે પણ અવસર આવતાં એ ત્યાંના ત્યાં જ હોય. બહાર જવાનો દેખાવ કરે પણ જઈ ન શકે. જોર કરે છે પણ પેલા વિચારો ખૂબ જોરદાર હોય છે. હમેશાં શેઠ કરતાં ચોકિયાત પહેલવાન હોય છે. શેઠ જોર કરવા જાય તો એ બાવડાથી પકડી બેસાડી દે "બેસી જાઓ શેઠ!" શેઠ શું કરે ? પેલો મોટો છ હાથનો અને આ નાનકડો માણસ, પકડીને બેસાડી દે.

તમારા વિચારો જ એટલા બળવાન બની જાય છે કે તમે આંખ બંધ કરી જ્યારે ધ્યાન ધરવા પ્રયત્ન કરો અને પરમાત્માના દ્વારે પહોંચવા પ્રયાણ કરો ત્યાં પેલા જૂના રીઢા વિચારો કહે : અહીંથી આગળ નહિ જવાય. તમે કહો : મારે બહાર જવું છે. પણ ત્યાં પેલાં બંધ દ્વારની દીવાલો સામે આવે, સામે અંધારું આવે, તમારું મન શૂન્ય બની જાય, તમને કાંઇ જ ન જડે. માનસિક ભૂમિકા એવી થાય કે તમે અંદર ને અંદર ગુંગળાઇ જાઓ. પછી એક જ રસ્તો રહે. "ધ્યાન નથી ધરવું. જ્યારે જ્યારે ધ્યાનમાર્ગ પર પ્રયાણ કરું છું ત્યારે ન આવવાના વિચારો આવે છે, મૂંઝવણ ઊભી થાય છે, ગભરામણ થાય છે, ચેન પડતું નથી, એટલું અંધારું જ અંધારું, infinite darkness દેખાય છે."

કારણ શું ? તમારી આસપાસ ચારે બાજુથી વિચારોએ તમને પૂરી દીધા છે, અનંત તરફ પ્રયાણ કરતા માણસને વિચારે મર્યાદિત કરી મૂકયો છે.

પણ જો નોકરને પહેલેથી કહી રાખેલું હોય કે તારે દ્વાર ઉપર ઊભા રહેવાનું નથી, દૂર ઊભા રહેવાનું છે અને ચોરોની ચોકી કરવાની છે. સારા માણસોને આવતાં જતાં રોકવા નહિ. તો નોકર રોકે ? નોકરને જે મર્યાદા આપો છો ત્યાં એ ઊભો રહે છે.

મુખ્ય વાત શું છે ? વિચારો છે. વિચારોની એક દુનિયા છે. કાર્ય અને ભાષાની દુનિયા દેખાય છે પણ વિચારોની દુનિયા અદશ્ય છે; જે નથી દેખાતી. પણ કાર્ય અને ભાષાનું સર્જન કરનાર વિચારો છે. વિચારોમાં જેટલા પ્રમાણમાં શુભ તત્ત્વ હોય એટલા પ્રમાણમાં એ શુભ તત્ત્વ ભાષામાં અને આચરણમાં આવે.

ઘણા માણસો ખરાબ કામ કરવા નથી માગતા. ઇચ્છતા હોય, 'અમે સારું જ કરીએ.' પણ જીવનમાં એવી પળ આવીને ઊભી રહે છે, ખરાબ કરી નાખે છે. ખરાબ થઈ ગયા પછી એકલા પડતાં મનમાં થાય કે આ નહોતું કરવું, કરવા જેવું નહોતું પણ થઇ ગયું. પછી પશ્ચાત્તાપ પણ કરે.

ધર્મ અને અધર્મ સમજાવવા શ્રીકૃષ્ણ દુર્યોધન પાસે આવ્યા. દૃષ્ટાન્ત આપી ઘણું સમજાવ્યું. કૃષ્ણ બોલી રહ્યા એટલે દુર્યોધને કહ્યું: "મારે બે જ વાત કહેવાની છે. તમે જે કહેવા માગો છો એ હું નથી જાણતો એમ ન માનશો. તમે કહેવા માગો છો એના કરતાં હું વધારે જાણું છું."

દુર્યોધને કહ્યું :

"जानामि धर्मम् नचमे प्रवृत्तिः
जानामि अधर्मम् नचमे निवृतिः।
केनाऽपि देवेन हृदि स्थितेन
यथा नियुक्तोऽस्मि तथा करोमि" ॥

"તમે જે ધર્મ કહેવા માગો છો એ હું જાણું છું પણ એ માર્ગે હું જઇ શકતો નથી. અધર્મ શું છે તે હું જાણું છું પણ એમાંથી હું પાછો વળી શકતો નથી. હૈયામાં એવું 'કાંઇક' છે જેના ધક્કાથી આ બધું કર્યે જ જાઉં છું. હૈયે કોઇ શયતાન બેઠેલો છે જે મને દોરે છે અને એવી ક્ષણ આવતાં એ પ્રમાણે હું કરી નાખું છું."

દુર્યોધને જે કહ્યું એ કદાચ તમે પણ કહી શકો. "તમે જે બધું કહેવા માગો છો એ અમને પણ ખબર છે શું અમે અમારા છોકરાને શિખામણ આપવા બેસીએ છીએ ત્યારે અમે સારી શિખામણ નથી આપતા? અમે તો ઇચ્છીએ કે અમારો દીકરો સત્યવાદી હરિશ્ચંદ્ર થાય." પણ કોઈ મળવા આવેલું હોય અને ન મળવું હોય તો દીકરાને કહી દેવાય: "જા, જઈને કહી આવ કે બાપાજી ઘરે નથી."

એક યુગલ મારી પાસે આવ્યું. પત્નીના દેખતાં એ કહે: મને દારૂની ગંધ આવે છે, હવેથી હું એ નહિ લઉં. મહિના પછી એમનાં પત્ની ફરિયાદ કરતાં આવ્યાં. "એ તો ચાલુ થઇ ગયા પાછા!" ભાઇને બોલાવીને પૂછયું: "શું આ વાત ખરી છે?" ભાઇએ કહ્યું: "હું તમને ખરું કહું છું. અત્યારે મને થાય છે કે એ ખરાબમાં ખરાબ, ગંદી વસ્તુ છે. પણ જ્યારે મિત્રો મળે, કલબમાં ભેગા થઈએ અને એ દબાણ કરે, 'દોસ્ત! લે ને હવે!' અને હું પ્યાલી પેટમાં નાખી દઉં છું.

નાખ્યા પછી ભાન નથી રહેતું. પણ જ્યારે અહીં આવું છું. તમને મળું છું. ત્યારે થાય છે કે આ ખોટું થાય છે."

આ ક્ષણ, જે ક્ષણમાં માણસ નિર્બળ બને છે એ કેમ આવે છે? આવું કામ માણસથી કેમ થાય છે? માણસ પોતે નથી કરવા માગતો તેમ છતાં કરી બેસે છે. શા માટે કરી બેસે છે? પોતાની ઈચ્છા વિરુદ્ધ કરે છે એનું કારણ શું?

શોધવાનું આ જ છે, research આની જ કરવાની છે. જે નથી કરવા માગતો છતાં એને એ કરવું પડે છે. કો'કવાર જે નથી ચાહતો એ ચાહી લે છે, એવાં કામ તરફ તણાઇને, ખેંચાઇને ચાલ્યો જાય છે.

કોઇ પણ કામ એકદમ નથી થતું. દરેક કાર્યનું background છે, પાશ્ર્વભૂમિકા એ વિચાર છે. વિચારોની દુનિયામાં જુદું જ તત્ત્વ પડયું છે. એ વિચારો છુપાઇને બેઠા છે. જીવનમાં એવી પળ આવતાં છુપાઈને બેઠેલા વિચારોના દબાણને લીધે માણસ અણધાર્યું કામ કરી બેસે છે.

વિશ્લેષણ કરશો, ઉંડાણમાં ઉતરીને ચિંતન કરશો તો લાગશે કે તમે જે કાર્ય કરી રહ્યા છો એની પાછળ તમારા અજ્ઞાત મનમાં, અજ્ઞાત ભૂમિકામાં પડેલો વિચાર છે એ તમને કો'કવાર એવી રીતે પ્રેરે છે. દોરે છે, ધક્કો મારે છે કે તમે વગર વિચાર્યે જ એ કામ કરી નાખો છો.

સાંકડા દરવાજામાંથી બહાર નીકળવા પચીસ માણસો ઊભા હોય અને તમારી આગળ કોઇ સજ્જન ઊભો હોય. સહુને બહાર નીકળવું હોય, ઉતાવળ હોય એમાં તમે ધક્કો મારો અને આગળ ઉભેલો સજ્જન પડી જાય. એ ધક્કો કોણે માર્યો? તમે માર્યો? ના તમે નથી માર્યો પણ પાછળ ઉભેલામાંથી કોઇકે ધક્કો

માર્યો, એ તમને વાગ્યો, તમારો સજ્જનને વાગ્યો અને એ ઉથલીને પડી ગયો.

માણસ પોતે પાડવા નથી માગતો પણ પાછળથી ધક્કો આવી જતાં એ સમતુલા (balance) ગુમાવે છે અને પડે છે. એવી રીતે વિચારોનો ધક્કો ચાલ્યો આવે છે અને એ નબળાં કાર્ય તરફ, ખરાબ ભાષા તરફ, ખરાબ વર્તન તરફ ઢળી પડે છે.

માટે તમે કાર્યને (action) બદલવાનો બહુ પ્રયત્ન નહિ કરો, ભાષાને સુધારવાનો પણ બહુ પ્રયત્ન નહિ કરો પણ વિચારોને સુધારવાનો પ્રયત્ન કરો. વિચારો, કાર્ય અને ભાષાના જનક છે. જન્મદાતા છે. વિચારો બદલાતાં કાર્ય બદલાઇ જાય છે.

૩

પર્શિયાના એક રાજાને સુંદર, દેખાવડો રાજકુમાર છે પણ એ જરાક કૂબડો છે. રાજાએ મોટા મોટા વૈદ્યોને બોલાવ્યા, ખૂબ દવાઓ કરી પણ અંતે સૌને લાગ્યું કે આ ખૂંધ મટાડી શકાય તેવી નથી. એટલામાં એક શિલ્પી આવ્યો. એણે કહ્યું: હું મટાડી દઉં.

રાજકુમારનું એણે સુંદર ઊંચું પૂતળું બનાવ્યું; મોઢું, આકાર બધું જ જાણે જીવંત રાજકુમાર. પણ જરાક ફેરફાર હતો. આ પૂતળું ટટાર ઊભું હતું. શિલ્પીએ રાજાને કહ્યું: રાજકુમારે એટલું જ કરવાનું છે કે રોજ આ પૂતળાની સામે માત્ર દસ મિનિટ ઊભા રહે અને વિચાર કરે: આ મારું પૂતળું છે, આની બરાબર ટટાર હું કેમ ઊભો ન રહું ?

રાજકુમાર રોજ દસ મિનિટ પૂતળા આગળ ટટાર ઊભો રહેવા પ્રયત્ન કરે અને અંદરને અંદર, મનોમન પ્રયત્ન કરે. એમ કરતાં કરતાં ધીમે ધીમે કૂબડો ઊભો રહેવાને બદલે એ ટટાર ઊભો રહેવા લાગ્યો. રાજકુમાર જ્યારે પચીસ વર્ષનો થયો ત્યારે સીધો અને કડક, tall, straight પેલા પૂતળાની જેમ જ ઊભો રહેવા લાગ્યો.

Only ten minutes a day. રોજની દસ મિનિટ, બીજું કાંઈ નહિ. તમારી ખોડને સુધારવા માટે, ખૂંધને સુધારવા માટે, સીધા બનવા માટે દિવસની માત્ર દસ મિનિટ જ આપવાની છે.

દસ દસ મિનિટના પ્રયત્નથી રાજકુમારની ખોડ નીકળી ગઈ તેમ માણુસ પણુ પોતાના વિચારોને તૈયાર કરે, વિચારોને ખોરાક આપે, વિચારોને ઊર્ધ્વગામી બનાવે, જાગૃત કરે તો અંતરમાં જે દુનિયા ઊભી કરવા માગે છે એ જરૂર ઊભી કરી શકે.

તમારા વિચારો નીચે ન ચાલ્યા જાય, કોઈનું ખરાબ કરતા ન થઇ જાય, એમાં અમંગલ તત્ત્વ આવી ન જાય એટલું જ ધ્યાન રાખવાનું છે. રાજકુમાર જરાક જો વળી ગયો તો પાછો કૂબડો રાજકુમાર Hunchback Prince થઇ જવાનો. પણુ જેને ટટાર થવું હોય એણુે તો પૂતળાની સામે સીધા કડક ઊભા રહેવાનું છે. ટટાર ઊભા રહેતા રહેતા ટટાર થઇ જવાય છે.

માણુસને અસત્ય, અમંગલ અને અભદ્ર વસ્તુઓ ગમતી હોય તો એનું મૂળ કારણુ એના વિચારો છે.

સારી વાતની ચોપડીઓ કેટલી ખપે છે અને ગંદી વાતની કેવી ઊપડે છે? સારા સારા માણુસો ગંદાં લખાણુો વાંચતા હોય છે.

માણુસનું મન ખરાબ તરફ જલદી ઢળી જાય છે. કોઇની બિભત્સ વાત થતી હોય, તમે બહુ ઉતાવળમાં હો તેમ છતાં જરા ઊભા રહી શું કહો છો? " જલદી કહી દો, બે મિનિટમાં કહો, મારે જાણુવું છે."

આવી વાતો બહુ જલદીથી ગમે છે. વૃદ્ધો પણુ ગંદી વાતો થતી હોય, કોઇના અનાચારની વાત થતી હોય તો કહે, " જાણુી લેવા દો, જાણ્યું હોય તો કામ લાગશે."

શું કામ લાગશે? વિચારોને સડાવવા માટે? જાણેલું કામ કામ નથી લાગતું, નુકશાન કરે છે, વિચારોની દુનિયામાં ખરાબ વસ્તુ નાખી દે છે.

દૂધના પાત્રમાં તેજાબનું એકાદ ટીપું નાખી દે તો શું થાય? ટીપું એક જ છે પણ દૂધ બધું ફાટી જાય. પણ એ જ દૂધમાં છાશનાં બે છાંટા પડે તો કેવું સરસ દહીં બને, જામી જાય. દૂધ તમારું છે, બહારનું મેળવણ શું આવે છે એ જોવાનું છે.

હું ઓગણીશ વર્ષનો હતો ત્યારે મારા પિતાએ એક સરસ વાત બતાવેલી. એ દીવાસળીની પેટી લાવ્યા. મને વિશ્વાસ હતો કે એ બીડી નથી જ પીતા. તેમ છતાં એમણે આ દીવાસળીની પેટી કેમ કાઢી? એમણે દીવાસળી સળગાવી, એનાથી કાગળનો ટૂકડો સળગાવ્યો. મને કહ્યું: "જોયું? આ કાગળને સળગાવતાં પહેલાં દીવાસળીને પોતાને સળગી જવું પડયું, બીજાને બાળતાં પહેલાં પોતાનું મોઢું એને બાળી નાખવું પડયું. જે દીવાસળી પોતાના મોઢાને કાળું કરે નહિ એ કોઇને ય બાળી શકે નહિ. આટલું તું ધ્યાન રાખજે. હવે તારે જયાં જવું હોય ત્યાં જા."

એમણે તો ગજબની વાત કરી નાખી, જીવનનો આખો પાઠ આપી દીધો. જે વાતને સમજાવવા કેટલાં શાસ્ત્રો લખાયાં એ વાત match boxની નાનકડી દીવાસળીમાં કહી નાખી. હું તો વિચારતો જ રહ્યો.

વાત સાવ સાચી છે. દુનિયાને ખરાબ કરવા પહેલાં પોતાના મોઢાને ખરાબ કરવું પડે છે, દુનિયાને જલાવતાં પહેલાં પોતાને જલી જવું પડે છે. કોઈને કાળો ચીતરતા પહેલાં પોતાનું મોઢું કાળું કરી નાખવું પડે છે.

માણસ પોતાની અંદર વિચારોને ખરાબ કર્યા વિના પોતે ખરાબ બોલી શકતો નથી. ખરાબ બોલવા માટે અને ખરાબ કરવા માટે એણે પહેલાં અંદરની દુનિયાને ખરાબ કરવી પડે છે.

જે હિંસા કરે છે એ પોતાના આત્માની હિંસા કર્યા વિના બીજાની હિંસા નથી કરી શકતો.

ભગવાને કહ્યું: "તું બીજાની નહિ પણ ખુદ તારી જ હિંસા કરે છે. તું બીજાને નહિ, પણ તું ખુદ તને જ નુકશાન કરે છે."

આ દુનિયામાં સુખ લાવવું હોય તો એટલી વાતોથી નહિ બને. અંદરથી પલટો લાવવો પડશે. ધર્મની ભાષામાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાનને ત્યજવાં પડશે.

આર્તધ્યાન અને રૌદ્રધ્યાનને લીધે કર્મબંધન છે અને કર્મ બંધનને લીધે જ આત્મા દુર્ગતિમાં જાય છે. ધર્મની આ કઠિન ભાષા દીવાસળીની ભાષામાં સરળ દેખાય છે પણ સત્ય એક જ છે.

વિચારોમાં પલટો લાવ્યા વિના બહાર કદી પલટો લાવી શકાતો નથી. વિચારોમાં પલટો કેમ આવે? ધીરે ધીરે આવે છે. આજને આજ તમે સાંભળીને ઘરે જાઓ અને સંપૂર્ણ સુધરી જાઓ તેમ થવું કઠિન છે. ટેવ ઘણા વખતની છે, વિચારો અને સંસ્કારો ઊંડા ઊતરી ગયા છે.

એક વિદ્વાને સાચું જ કહ્યું કે માણસની ટેવ elastic છે; વજન roller નીચે દબાવો, સીધી કરવા પ્રયત્ન કરો પણ roller કાઢી લો એટલે એ ટેવ મૂળ સ્વભાવમાં આવીને ઊભી રહે. માટે જ સતત શ્રવણ, મનન, ધ્યાન, ચિંતન–આ બધાં સાધનો બતાવવામાં આવ્યાં છે.

સાધક તૈયાર હોય તો જ સાધનનો ઉપયોગ થાય, સાધક પ્રમાદી હોય તો સાધન સામે પડયાં હોય તો પણ શું વળે?

જો માત્ર માળાથી જ મોક્ષ મળતો હોત તો માળા વેચનારા બધાંજ મોક્ષે જાત. સાધન તો સામે જ પડયાં છે પણ ગણનારો તૈયાર ન હોય તો માળા બિચારી શું કરે?

સાધન ખરાબ પણ નથી અને સારાં પણ નથી. સાધન તો સાધન જ છે. ખૂબી તો સાધકની છે. સાધક જે રીતે તૈયાર હોય એ રીતે સાધન એને મદદગાર બને છે.

જેવી રીતે બાળકને સુંદર ટેવો પાડીએ છીએ અને ધીમે ધીમે મોટું કરીએ છીએ એમ તમે તમારા વિચારોને ટેવ પાડીને મોટાં કરો.

કોઇ એવો મૂર્ખ બાપ નહિ મળે જે દીકરાને મોટો કરવા પત્નીને કહે કે તું બે હાથ પકડ, હું બે પગ પકડું અને ખેંચીએ, જલદી મોટો કરી નાંખીએ. એ મોટો નહિ થાય, મરી જશે.

સુંદર વિચારો એકદમ બહાર નથી આવતા, એનો પણ વિકાસ growth થાય છે. એને ઊગવા દો. તમારું કામ ખાતર આપવાનું છે, સારા વિચારનું શ્રવણ એ પોષણ nourishment છે, એ તમારા વિચારોને ખોરાકરૂપે અને ખાતરરૂપે મળે છે.

અહીં જે શ્રવણ કર્યું એ ખાલી જતું નથી, એ ખોરાકનું કામ કરી જ રહ્યું છે. આ ખાતરને લીધે પાંચ વર્ષે, દસ વર્ષે તમે એકદમ બદલાયેલા હશો.

જેને જીવનમાં આગળ વધવું છે, જીવનને સુંદર બનાવવું છે, પોતાના આંતરવૈભવને વધારવો છે એણે પહેલાં પોતાના

વિચારોને પલટાવવાના છે. વિચારોમાં ત્રણ તત્ત્વ લાવવાનાં છે; સત્ય, શુભ અને સુંદર; truth, goodness અને beauty' આ ત્રણે, વિચારોનું સુરૂપ છે.

આપણા વિચારોમાં સત્ય રમતું હોય તો જ જીવન સત્યમય બને. પણ વિચારો અસત્ય હોય અને ઉપરથી આવરણ સત્યનું કરવા જાઓ તો દંભ બને. અંદરનું વ્યકિતત્વ બહાર આવવા પ્રયત્ન કરે અને તમે ઉપરથી આચ્ચરણનું દબાણ કરો તો દંભની વિક્રિયા સિવાય શું થાય ?

અબ્રાહમ લિંકનના જીવનનો એક પ્રસંગ છે. એણે વકીલાતની શરૂઆત કરી ત્યારે પ્રારંભમાં ઘરાક ઓછા આવતા. પણ એમણે નક્કી કર્યું : મારા ધંધાને હું મારા વિચાર અને આચારથી સુંદર બનાવીશ.

ધંધો ખરાબ નથી. જે માણસ ધંધાને અપનાવે છે એના ઉપર ધંધાની પ્રતિષ્ઠા અને કીર્તિનો આધાર છે. દરેક ધંધામાં ખરાબ-તત્વ મળી આવવાનું અને ઊર્ધ્વગામી તત્વ પણ મળી આવવાનું. પછી એ વકીલ હોય, ડૉકટર હોય, એન્જિનિયર હોય કે વ્યાપારી હોય. ધંધો નહિ પણ ધંધો ચલાવનાર વ્યક્તિ કોણ છે એના ઉપર ધંધાની પ્રતિષ્ઠા આધારિત છે.

લિંકને નક્કી કર્યું : “ મારો ધંધો મને નીચે નહિ પાડે પણ હું ધંધાને ઊંચે લાવીશ. ”

એમની પાસે એક માણસ આવ્યો : “ મારે એક માણસ પાસેથી અઢી ડૉલર લેવાના છે, એ માટે તમારે મારો કેસ લઢવાનો છે. ” “ અઢી ડૉલર ? ” “ હા, અઢી ડૉલર. મારે એનું અભિમાન તોડવું છે. અઢી ડૉલરનો પ્રશ્ન નથી પણ એ માથું ઊંચું રાખીને ફરે છે, મને સામો મળે તો નમતો ય

નથી. એ મારી બાજુમાં જ રહે છે, મેં એને અઢી ડૉલર આપ્યા-હતા પણ એ હવે આપી શકે તેમ નથી."

લિંકને કેસ લીધો અને પછી પેલાને બોલાવ્યો, પૂછ્યું, તો કહે: "સાહેબ, હું તો ગરીબ માણુસ છું. મેં તો એને અઢી ડૉલર ક્યારના ય આપી દીધા. મને નમાવવા માટે, મારા ઉપર કેસ કરવા માગે છે."

અસીલને બોલાવીને લિંકને કહ્યું: "હું તમારો કેસ લઢીશ ખરો પણ મારી ફી જાણો છો ને?" "કેટલી ફી?" "દસ ડૉલર." "અઢી ડૉલરના કેસ માટે દસ ડૉલરની ફી?"

માણુસના મનમાં અભિમાન અને મોટાઈનો પવન ભરાય પછી એ ગમે તે આપવા કે ફના કરવા તૈયાર જ હોય છે.

"કબૂલ છે. પણુ, એ માણુસ પૈસા આપી શકે એમ નથી. એટલે એ જેલમાં જ જવો જોઇએ." દસ ડૉલર લઈ, કેસની હકીકત લઈ એને છૂટો કર્યો.

લિંકને પેલા ગરીબ પાડોશીને બોલાવ્યો. "લે, આ પાંચ ડૉલર લઇ જા, આમાંથી અઢી ડૉલર એને આપી એની પાસેથી રસીદ લઇને મને આપી જજે, જા"

પેલો રાજી થતો પાંચ ડૉલર લઇ પેલાને બારણે ઊભો રહ્યો: "શેઠ, આ તમારા અઢી ડૉલર લઈ લો અને મને રસીદ લખી આપો. મારે તમારી સામે લઢવું નથી. હું ગરીબ માણુસ તમને કેમ પહોંચું?" રસીદ લઇ જઈ લિંકનને આપી.

બીજે દિવસે પેલા અસીલ શેઠ ગાડીમાં આવ્યા. "વકીલ સાહેબ! હવે આપણે કેસ નથી લડવો." "કેમ?" "હવે જવાં દો." લિંકને પેલી રસીદ આપી અને કહ્યું: "આ લો."

"રસીદ ? તમારી પાસે ?" 'હા. હું વકીલ છું, લઢાવવા માટે નહિ, સમાધાન compromise કરાવવા માટે. હું લોકોને લૂંટવા માટે નહિ, ન્યાય બતાવવા માટે છું. અહંકારને પોષવા માટે નહિ પણ ગરીબોને બચાવવા માટે છું."

પેલો ત્યાં જ બેસી ગયો. "લિંકન તમારા જેવો વકીલ તો કો'ક જ મળે. આવા માણસો આવશે તો જ આ ધંધાની અને સમાજની પ્રતિષ્ઠા વધશે."

જૂઠા માણસોનો પક્ષ લેવો, એમને બચાવવા, એમની વકીલાત કરવી એમાં તો પોતાની બુદ્ધિથી માણસ ધીમે ધીમે નીચે અને નીચે ચાલ્યો જાય છે.

પાંચ વર્ષે, પચીસ વર્ષે એવા માણસો પાસે પૈસા ઘણા થઈ જાય છે પણ એ વિચારોના તળિયે બેઠેલા હોય છે. એવા ઘણાય છે જે પૈસાથી ઊંચા, વિચારોથી નીચા, એમના જીવનમાં સમતોલપણું જ નહિ. સંવાદ વિના તે કાંઇ જીવન છે?

માણસ નીચા વિચારો કર્યા કરે, હલકા વિચારોમાં જીવ્યા કરે તો ધીમે ધીમે એ વામણો જ થાય ને! બહારથી મોટો લાગે પણ અંદરથી વામણો જ હોય. દુનિયા મોટો જાણે પણ અંદરથીએ દુઃખીનો ય દુઃખી હોય. શાંતિ મળતી ન હોય, મનમાં પરેશાની હોય.

વિચારોમાં સત્ય તત્ત્વ આવવું જોઈએ. તમે સત્યની પડખે ઊભા રહો. દસ ડૉલર મળતા હોય કે લાખ મળતા હોય પણ પક્ષ સત્યનો હોવો જોઇએ. અસત્યની દલાલી કરતાં કરતાં માણસ ખુદ અસત્યમય બની જાય છે.

બીજું શુભ તત્ત્વ વિશ્વનું ભલું થાઓ એ વિચારે મનોભૂમિ મેલીરંગાહોવી જોઇએ.

સત્ય અને શુભના સંસ્કારો જ્યારે તીવ્ર બને છે ત્યારે જ માણુસના વિચારો ઊર્ધ્વગામી બને છે અને એને સુંદર તત્વનું દર્શન થાય છે.

માત્ર ચામડીની સુંદરતા જોવાનું કામ તો ગીધડાં પણ કરી શકે. માણસના વ્યકિતત્વમાં, ભાષામાં, વિચારમાં, કર્તવ્યમાં, જીવનચર્યામાં સુંદરતા દેખાય. પ્રકૃતિના પ્રત્યેક પાસામાં સૌન્દર્ય-દર્શન થાય અને એ સુંદરતાને જોઇને આંખો ભીની થાય.

કવિવર ટાગોરે બગીચામાં ફરતાં ફરતાં ખીલેલું ફૂલ જોયું. ફૂલ જોતાં જોતાં એમની આંખ ભીની થઇ ગઇ, "હે પ્રકૃતિ ! તેં આ દુનિયાને કેવી સુંદર ભેટ આપી છે. માટીમાંથી ઉત્પન્ન થનારા તત્વમાં સુવાસ, સુકુમારતા અને સૌન્દર્ય છે. એ જ પ્રકૃતિનો બાળક હું, મારામાં અશુભ અને બીજા વિચારો કેમ આવી ગયા ? કેમ આવી શકે ?" વિચાર કરતાં કરતાં અશ્રુ ધસી આવ્યાં અને જીવનની કાલિમાને ધોવા લાગ્યાં.

ભગવાન મહાવીર અને બુદ્ધના સમયનો પ્રસંગ છે. પ્રસેનજિત રાજાએ સંયમ લેવાનો વિચાર કર્યો. બધે ઠેકાણે ફરીફરીને આવ્યા, સાધુઓને, યોગીઓને મળી આવ્યા. કહ્યું: "મારે સાધુ થવું છે, શ્રમણ થવું છે." બધા કહે : "થઇ જાઓ." રાજાએ કહ્યું : "મારી એક શરત છે. જેના આશ્રમનું આંગણું મોટું હશે એનો હું શિષ્ય થવાનો."

બિચારા સાધુઓ આ ભાષા ન સમજી શકયા. એમણે તો આસપાસની જમીન લેવા જ માંડી, ખરીદવા જ માંડી અને પોતાના આશ્રમનાં આંગણાંને વિશાળ અને વિરાટ કરવામાં લાગી ગયા.

એક વર્ષ પછી રાજા નીકળ્યા. એક કહે: "મારે ત્યાં પાંચ વીઘાનું આંગણુ છે." બીજો કહે: "મારે ત્યાં દશ વીઘાનું."

બધે ફરી ફરીને એ શ્રમણ ભગવાન પાસે આવ્યા. પૂછ્યું: "તમારી પાસે? તમારું આંગણું કેટલું લાંબુ છે?"

પ્રભુના મુખ પર ચંદ્રશીતલ સ્મિત આવ્યું અને કહ્યું: "પ્રસેનજિત! જેને વાડ બાંધવી પડે અને ગજથી માપવું પડે એવું આંગણું અમારું નથી તું અહીંથી ઘોડા ઉપર બેસી દોડવા માંડ. આખી જિંદગી સુધી તું દોડ અને તેમ છતાં પણ અંત ન આવે એવો છેડો જેનો છે એ આંગણું અમારું છે.

"અમારો આશ્રમ અને અમારા આશ્રમનું આંગણુ "વસુધૈવ કુટુમ્બકમ્". છે. આખી પૃથ્વી અમારી છે. પૃથ્વીનો છેડો એ અમારું આંગણું છે.

"પ્રસેનજિત અમારું આશ્રમનું પ્રાંગણુ જોવા તો તારે આંખ બદલવી પડશે. આં સંકુચિત નજર અનંતને infiniteને નહિ જોઈ શકે. તારી આંખો મર્યાદિત છે, મર્યાદિત અમર્યાદિતને કેમ જોઈ શકે?

"અમે તો અમર્યાદિતની દુનિયામાં રહીએ છીએ."

પ્રસેનજિત એમના ચરણોમાં બેસી ગયા. કહ્યું: "ભગવન્! વાત સાચી છે. જેમણે જમીનને વધારી, મકાનોને વધાર્યાં એ તો ગયાં."

તમારી આટલી જ દુનિયા છે, બાકીની દુનિયા તમારી નથી. જગતથી તમે જ જુદા પડ્યા, જગતના પ્રવાહોથી તમે કંપાઇ ગયા; વિશ્વભાવનો લાભ તમને હવે ક્યાંથી મળે?

વિચારોમાં અનંતની વિશાળતા આવતાં એમાં આ ત્રણ

તત્વોનો સમાવેશ થાય છે. પહેલું સત્ય, બીજું શુભ અને ત્રીજું સૌંદર્ય.

પણ ઘણા કહે છે: "ચાલો, વિચારોમાં, અમારા મગજમાં સત્ય, શુભ અને સૌંદર્યને રાખીશું પણ જીવન જીવવું છે તો અમને અસત્યને જાણવા દો, અશુભને જોવા દો અને અસુંદર શું છે એનો અનુભવ કરી લેવા દો. જ્યાં સુધી અનુભવ ન કરીએ ત્યાં સુધી વસ્તુસ્થિતિ સમજાતી નથી. પદાર્થનો સાચો અનુભવ કરવા માટે આ અનુભવ પણ કરી લઇએ."

મારે એક જ પ્રશ્ન પૂછવાનો છે. તમને એવો કોઈ માણસ મળશે જે જોતો હોય નીચે અને ચઢતો હોય ઉપર? જે તળેટી તરફ જુએ છે એ શિખર તરફ કદી આગળ નહિ વધી શકે.

આજના યુવાનોમાં આ માન્યતા દેખાય છે. દુનિયાને જોઇ લેવા દો, દુનિયામાં ખરાબ શું છે એ પણ જરા જાણી લેવા દો. એકવાર ખરાબ જાણી લઇએ તો સારું શું છે એ જાણી શકીએ.

તળેટી તરફ મોઢું રાખીને શિખર તરફ જવાનો પ્રયત્ન કરે તો એ શિખરે તો નહિ પહોંચે પણ એ નીચે ગબડી જ પડવાનો.

જે વિચારોમાં અસત્ય, અશુભ અને અસુંદર રાખે છે એ જીવનમાં કદી ઉપર જઈ શકતા નથી.

તમારે દુનિયામાં જે લાવવાનું છે, જેનુ સર્જન કરવું છે, એને પહેલાં મનોસૃષ્ટિમાં લાવવું પડશે. જેમ જેમ મનોસૃષ્ટિમાં એ ખીલતું જશે તેમ તેમ બહારની દુનિયામાં એનું પરિવર્તન આવતું જશે.

બહારના હજારો હથોડાથી પણ સુધરી ન શકે એ જો અંદરથી પરિવર્તન આણે તો બહારની બધી સૃષ્ટિ વિના શ્રમે

સહજ રીતે પલટાવી શકે. વિચારોની શોધ કરનારો જ ખરો ક્રાંતિકારક છે.

ક્રાંતિ એટલે શું? એક રાજ્યને ખતમ કરી નવું રાજ્ય લાવવું, લાંબા કપડાંઓમાંથી ટૂંકા (mini) કપડાં પહેરવાં, હાથથી ખાતા હોઇએ તેના બદલે છરીકાંટાથી ખાવું - એ ક્રાંતિ છે?

સાત વર્ષ પહેલાં એક ભાઈ ભૂલેશ્વરમાં રહેતા હતા તે હમણાં ફ્લેટમાં રહેવા આવ્યા. એ કહે: "મહારાજશ્રી! તમે જોયું? અમારા ઘરમાં ક્રાંતિ થઇ ગઈ છે."

મેં પૂછ્યું "થયું શું?" કહે "અમે ભૂલેશ્વરમાંથી સીધા અહીં બ્લોકમાં આવી ગયાં. નાના નાના ઓરડાઓને બદલે વિશાળ ઓરડા, એમાં આધુનિક modern ફર્નિચર, મોટાં મોટાં ઘડીઆળો, તમે આવીને જુઓ તો ક્રાંતિનો તમને ખ્યાલ આવે! પહેરવેશમાં, ખાવામાં બધે જ ક્રાંતિ."

આજે 'ક્રાંતિ' શબ્દ કેટલો સસ્તો બની ગયો છે! કેવી અણસમજથી વપરાઈ રહ્યો છે!

ઝારને મારી બૉલશેવિઝમ લાવવું એને લોકો ભલે 'ક્રાંતિ' કહે પણ સાચી ક્રાંતિ માણસના માનસના પલટાથી આવે છે.

અંદરનો પલટો કરો તો બહારના જીવનના પ્રવાહોનો પલટો સહજ થઇ જાય. અંદરના પલટા સાથે બહારનો પલટો થાય જ.

આજે અૅલોપથીમાં, વૈદકીય ક્ષેત્રોમાં કે માનસશાસ્ત્રમાં શું કહે છે? વિચારો બદલો.

કેટલીય માંદગીઓનું નિદાન x-ray માં નહિ મળે તે વિચારોમાં મળશે.

વિચારોથી થાકી ગયો એ કહે કે હું બિમાર છું. અને બિમારીના વિચારોને લીધે ધીમે ધીમે બિમારીઓ વધતી જ જાય.

ભગવાન મહાવીર, રામચંદ્રજી, ભગવાન બુદ્ધ એ બધી મહાન વ્યક્તિઓએ અંદરની દુનિયામાં પરિવર્તન આણ્યું અને બહારનું બધું પલટાઇ ગયું.

ગાડીને બીજે માર્ગે વાળવી હોય તો નીચે ઊતરીને ચારે ટાયરને ફેરવવાની જરૂર નથી; steering ને જરાક jerk આપો, બદલો અને ચારે પૈડાં એ રીતે ફરી જશે.

આ ડ્રાઇવીંગનો અનુભવ એ જ વિચારોનો અનુભવ છે.

વિચારોનું steering જેના હાથમાં બરાબર છે એ જે દિશામાં જીવન પ્રવાહને બદલવા માગે છે, એ દિશામાં એ પરિવર્તન લાવી શકે છે.

ઉપરની દુનિયામાં જવું હોય તો નીચી બાજુના વિચારોને જોવાનું બંધ કરવું જોઇએ, એવા મિત્રોને મળવાનું બંધ કરવું જોઇએ અને એવું વાચન પણ ન કરવું જોઇએ.

સત્ય, શુભ અને સૌન્દર્યના વિચારો જ માણસને ઊર્ધ્વગામી બનાવે છે.

૪

આ જગતમાં જે કાંઇ વાસ્તવિક બને છે એની પહેલાં માણુસની કલ્પનામાં એ વિચાર આકાર લે છે.

ચિત્રકારના મનમાં વિચારનું એક રેખાચિત્ર આકાર લે છે પછી જ એ હાથમાં પીંછી લે છે અને ફલક (canvas) ઉપર ચિતરવાનું શરૂ કરે છે. શિલ્પીના મનમાં આકૃતિ આકાર લે છે ત્યારે જ એને પથ્થરમાં કંડારીને સાકાર કરે છે.

સર્જન પહેલાં મનોભૂમિકામાં થાય છે, પછી જગતમાં દેખાય છે. જે દશ્ય seen છે એની પાછળ અદશ્ય unseen કામ કરી રહ્યું છે. જે દેખાતું નથી એ કારણ છે. અને જે દેખાય છે એ એનું કાર્ય છે. કારણ શાશ્વત છે, કાર્ય નશ્વર transient છે.

પીંછી વડે દોરાયેલું ચિત્ર નાશ થાય પણ જેણે એ ચિત્રનું મનમાં સર્જન કર્યું એ આત્મશક્તિ કોઇ દિવસ નષ્ટ થવાની નથી.

જે સુખી બન્યા, સમૃદ્ધિવાન બન્યા, પ્રથમ કક્ષા પ્રાપ્ત કરી એ પહેલાં વિચારોની દુનિયામાં તૈયાર થયા.

માણસનો આ જ આંતરવૈભવ છે.

જેને સુખી બનવું છે, આનંદમય બનવું છે એ પોતાના વિચારોમાં એવો બને, એને લાગવું જોઈએ કે હું આનંદમય છું. જ્યાં સુધી પોતાના વિચારોમાં પોતે આનંદમય છે એનો અનુભવ ન કરે, એ જ ધૂનમાં જ્યાં સુધી એ વિચરે નહિ ત્યાં સુધી એ આનંદમય કેમ બની શકે ?

એકવાર હું મરીનડ્રાઈવ દરિયાની પાળે પાળે ચાલ્યો જતો હતો. સામેના મકાનમાં છઠ્ઠે માળે કૂતરો ઊભો ઊભો ભસતો હતો. પાછળ વળીને જોયું તો મારી પાછળ એક ગરીબ કૂતરું ચાલ્યું આવતું હતું. એને જોઈ પેલો છઠ્ઠે માળેથી ભસ્યા કરે, કારણ કે એ અજ્ઞાની છે. એટલે એ દુ:ખી છે, હેરાન છે, એને આનંદ જ નથી. ભલે એ દરિયાની સામે બેઠેલો છે, મોટા મકાનમાં બેઠેલો છે, કરોડપતિની કારમાં સાંજે ફરવા જાય છે પણ એને પોતાનું જ્ઞાન નથી. શેઠની ખુરશી અગર ગાડી ઉપર, જ્યાં મુનીમ પણ ન બેસી શકે ત્યાં એ બેસી શકે એટલું માન અને સ્થાન મળેલું છે એનું ભાન બિચારા એ કૂતરાને નથી. એને ખબર નથી કે હું કરોડપતિનો સાથી companion છું.

એમ જ્યાં સુધી માણસ અંદર નક્કી નહિ કરે કે હું સુખી છું ત્યાં સુધી એને કોઈ સુખી નહિ બનાવી શકે. તમે એને પૈસા આપો, દાગીના આપો, હીરા અને પન્ના આપો, મોટામાં મોટી ગાડી અને ઊંચામાં ઊંચો flat આપો, સારામાં સારી સગવડ આપો પણ એ દુ:ખી રહેવાનો. શા માટે? એને ખબર જ નથી કે અંદર કોણ બિરાજે છે! એ તો માને છે કે હું દુ:ખી છું, પાપી છું.

આજે માનવીના મન ઉપર એવા વિચારો ઠસાવી દેવામાં આવ્યા છે કે તું પાપી છો, અધર્મી છો, પાપથી ભરેલો છો, તારા પાપમાંથી તને ભગવાન આવે તો જ છોડાવી શકે. એટલે જ તો લોકો અવતાર માટે પ્રાર્થના કરે છે પણ અવતાર આવીને ઊભો રહે છે ત્યારે કહે કે તમે અમારી વચ્ચે કેમ આવ્યા? અમે તો પાપી છીએ જ; હવે તમે અમારામાં આવ્યા તો તમે પણ પાપી, અમે તમને ખતમ કરીશું.

માણસે વિચારો બદલવાની જરૂર છે, વિચારોમાં નવી

દૃષ્ટિ લાવવાની છે. ભગવાન સ્વરૂપ એવો હું આત્મા, પાપી કેમ?

ભગવાન મહાવીરે કહ્યું: તું ભગવાન છે. તું ભૂલી ગયો છે એટલે બીજી રીતે આચરી રહ્યો છે. તું ભગવાન છે એ જો યાદ કરીશ, સમજી લઈશ તો તું નિર્બળતામાંથી ઊભો થઈશ. માણસ ઉપર લદાયેલા ખોટા સંસ્કારો, અણસમજભરી માન્યતાઓ અને ન સમજાય એવા ભયોથી એ પાપી ન હોવા છતાં પોતાને પાપી માને છે.

જે પોતાની જાતને પાપી માને છે એ ગમે તેટલી ડૂબકીઓ મારે તો પણ ઉજ્જ્વળ, નિર્મળ, સ્વચ્છ અને પવિત્ર નહિ બની શકે.

જે કાળા ચશ્મા પહેરે એને આખું જગત કાળું દેખાય છે.

આજે પાપના ભયના માર્યા સહુ મરી રહ્યા છે. તાવ આવે તો ટી. બી. નો વિચાર, ગળામાં દુઃખે તો કેન્સરનો વિચાર આવે.

જાગૃત બનો, ચેતતા ભલે રહો પણ ભયભીત ન બનો. ભયને લીધે જિંદગીમાંથી આશા અને ઉત્સાહ ચાલ્યાં જાય છે અને જે કરવાનું છે એ જ રહી જાય છે.

સારામાં સારો માણસ નકારાત્મક વિચારોથી હતાશ બને છે. એ જ્યોતીષીને જન્મોત્રી બતાવે. જ્યોતીષી કહે કે તમારી ગ્રહદશા ખરાબ છે, પેલો નિરાશ થઈને આવીને બેસી જાય. પૂછો: કેમ? કહે: હમણાં કંઈ જ નથી કરવું, stars against છે.

પોતાની ઇચ્છાશક્તિ (willpower) ગુમાવી દીધી, પોતાનામાં જે શ્રદ્ધા હતી એ ગુમાવી દીધી. ધીમે ધીમે ભયને લીધે, નિર્બળતાને લીધે એ ખલાસ થતો જાય છે. જતાં જતાં

દુનિયાને પણ એ ચેપ આપતો જાય છે. જે નિર્બળ છે એ માત્ર ખુદ નિર્બળ નથી પણ આખા ઘરને, સમાજને, પ્રજાને નિર્બળ બનાવે છે.

હું પાપી છું, હું દુઃખી છું, મને ભય છે; આ રોગ ભયંકર છે. આ ચેપી રોગ છે.

હું એ યાદ આપવા માગું છું કે તું આનંદમય છો પણ તારા આનંદમય સ્વરૂપ ઉપર આવરણ છે. આનંદ તારામાં છે પણ તું જોતો નથી કારણ કે તેં દુઃખનો પછેડો ઓઢ્યો છે. તારા મનમાં, તારા વિચારોમાં, તારી ભાવનાઓમાં સતત દુઃખ, દુઃખ અને દુઃખનો જ પડછાયો છે.

માણસ જે જાતના વિચારો અંદર કરે છે તેવું ધીમે ધીમે બહાર થઈ જાય છે. ચિત્રકારના મનમાં અંદર હબસીની વિચારરેખા હોય તો એના ચિત્રમાં હબસી સિવાય બીજું કાંઈ નહિ હોય. જે Mona Lisaના વિચાર કરે છે એના ફલક ઉપર Mona Lisaનું રહસ્યમય સૌંદર્ય અને સ્મિત આવ્યા વિના નહિ રહે.

એમ જેના મનમાં દુઃખનું જ ચિત્ર છે એ સુખી બને કેવી રીતે? હજારો ડૉકટરો આવે, માનસશાસ્ત્રના નિષ્ણાતો આવે કે પછી ફિલસૂફો આવે પણ એ કહે કે હું દુઃખી છું. એ શું કરે?

હા, કદાચ એને ઇંજેકશન દઈને એ બેભાન કરી શકે. એટલી-વાર એ ભૂલી જાય, એને આરામ મળે પણ જેવો એ જાગે કે તરત વિચારે કે-હું દુઃખી છું.

દુઃખનો વિચાર માણસના મનમાં ઘર કરી ગયો છે. એ વિચારને કાઢવા માટે એની સામે સાચો વિચાર મૂકવાનો

છે: હું આનંદમય છું. દુ:ખ એ તો બહારનો વિચાર છે, લોકોએ બેસાડેલો વિચાર છે.

તમે જો સુખી થવા માંગતા હો—કેવળ સુખી થવા માંગતા હો તો કાલથી જ થઇ શકો એમ છો.

પણ લોકો પોતે સુખી થવા નથી માગતા, બીજાની અપેક્ષાએ સુખી થવા માગે છે. પોતે જો સુખી થવા માગે તો બની શકે, પણ બધા લોકોની નજરમાં સુખી બને એ કેમ બની શકે? લોકોની અપેક્ષા તમારા હાથમાં નથી અને લોકોના સુખ માટે તમારો અભિપ્રાય (opinion) બહુ વધારે પડતો છે. ગુણોની બાબતમાં નહિ, દુન્યવી વસ્તુઓ માટે. બીજાની પાસે એકાદી ગાડી હોય તો તમે માનો કે ઓહોહો! એની પાસે કેટલું બધું છે, આ માણસ કેટલો સુખી છે! હવે એની અપેક્ષાએ તમે સુખી કેવી રીતે બનો? તમને ગમે તેટલું સુખ મળે છતાં તમે તમારું ઓછું જ માનવાના અને બીજાનું વધારે જ માનવાના. એટલે તમારું માનસિક, લઘુતાગ્રંથીજન્ય દુ:ખ ચાલુ જ રહેવાનું. પણ તમે મનથી નક્કી કરો કે મારે નિરપેક્ષ સુખી થવું છે તો થઈ શકો. કેટલાક કહે છે: Happiness is relative સુખ સાપેક્ષ છે; સાચું. બીજાના ઉપર આધાર રાખો છો ત્યારે સાપેક્ષ (relative) છે, પણ જયારે તમે independent બની જાઓ છો, સ્વતંત્ર બની જાઓ છો, ત્યારે relative નીકળી જાય છે, પછી તમે તમારી રીતે સુખી બનવા માગો છો. તમે નિર્ણય કરો છો કે હું સુખી બનવાનો છું, હું આનંદમય છું, શા માટે મારા ઉપર દુ:ખ આવે? શા માટે હું દુ:ખી થાઉં?

જે ઘડીએ આ વિચાર જાગ્યો, પછી જે નાની નાની વાતો બીજાને હેરાન કરતી હોય છે તેને તો તમે ગણકારશો પણ નહિ.

જીવન પ્રત્યેનું તમારું દર્શન જ બદલાઈ ગયું હશે. કુદરતમાં થોડું અનુકૂલ અને થોડું પ્રતિકૂલ ચાલ્યા જ કરે. એનો આ સ્વભાવ છે અને એ સ્વભાવમાં થોડું ગોઠવીને માણસે adjust થવાનું છે. પોતાની જાતને અનુકૂલ કરીને શાંતિથી રહી શકે તે દુઃખી ન બને.

રવિવારે તૈયાર થાઓ અને વ્યખ્યાનમાં આવવાને સમયે વરસાદ આવ્યો તો તમે શું કહો? અત્યારે આ વરસાદ ક્યાંથી આવી પડયો! વરસાદે તો હેરાન હેરાન કરી નાખ્યા. વર્ષાઋતુમાં વરસાદ આવે છે તો હેરાન થાઓ છો કે વરસાદ નથી આવતો તો હેરાન થાઓ છો એ વિચાર્યું?

માણસને તાત્કાલિક (temporary) સગવડ જોઇએ છે. એની પાસે છત્રી નથી, એને ઘરમાંથી ટેક્સીમાં બેસવું છે ત્યાં સુધી વરસાદ ઊભો રહી જાય તો એનાં કપડાં ભીંજાઇ ન જાય! કેટલો સ્વાર્થ! પોતાની સગવડ સાચવવા, પોતાનાં કપડાં બંગલામાંથી નીકળી ગાડીમાં બેસે ત્યાં સુધીમાં ભીંજાઇ ન જાય માટે વરસાદ ન આવે એમ ઇચ્છવું? પણ એ વરસાદ ન આવે તો કેટલાય લોકો દુઃખી બની જાય, દેશની પરિસ્થિતિ શું થઇ જાય એના વિચાર એને નહિ આવે!

પ્રવચનમાં આવતાં જરાક કપડાં ભીનાં થયાં એટલે એની તો મજા બગડી ગઈ! બેઠો બેઠો જીવ બાળ્યા કરે. એનું મન પ્રવચનના ચિંતનમાં નહિ, કપડાંમાં છે. બહાર નીકળે, પૂછો: "સાંભળ્યું કે?" "અરે, સાંભળ્યું શું? આવતાં આ કપડાં ભીંજાઈ ગયાં, હું તો દુઃખી દુઃખી થઈ ગયો!"

એણે નાની-શી વાતમાંથી કેવું, મોટું દુઃખ ઊભું કરી નાખ્યું! ઘરમાં લગ્ન હોય, સાંજે સત્કાર સમારંભ (reception)

હોય એ વખતે વાદળાં આવી જાય તો એ દુ:ખી દુ:ખી થઇ જાય. હવે આખું reception બગડી જવાનું. તારું એકનું reception બગડી જવાનું, પણ બધા લોકોનું conception સુધરી જવાનું. વર્ષાની લોકો તો પ્રતીક્ષા જ કરતા હોય છે.

માણસ જયાં સુધી આમ બહારની નાની નાની વાતો પર કૂદાકૂદ કરે ત્યાં સુધી એ કોઈ પણ સાધનમાં, સગવડમાં કે સંજોગોમાં સુખી નહિ બની શકે.

એક ભિખારી એક ઝાડના નીચે એક જ ઠેકાણે બેસીને એકવીસ વર્ષથી ભીખ માગતો હતો. એના મનમાં હતું કે હું એક દિવસ આમ કરતાં પૈસાદાર બનીશ, મોટર લાવીશ અને ગાડીમાં બેસીને ગામના લોકોને lift આપીશ.

એક દિવસ ભિખારી મરી ગયો. ગામડું હતું, બધા ભેગા થયા. બધાએ કહ્યું: આ જગ્યાએ, આજ પથરા ઉપર બેસીને એણે એકવીસ વર્ષ સુધી ભીખ માગી છે, તો હવે એને આ જ જગ્યાએ દાટીએ. એને દાટવા ઊંડો ખાડો ખોદ્યો તો એ જ પથ્થરના નીચેથી મોટો ખજાનો નીકળ્યો !

જે જગ્યાએ બેસીને એકવીસ વર્ષ સુધી સુખનાં ફાંફાં માર્યાં, પૈસા માટે વલખાં માર્યાં અને મરી ગયો ત્યાં જ ખજાનો હતો. જરાક ખોદ્યો હોત તો આ ખજાનો એને જ મળત.

ઘણા માણસો સુખ અને શાંતિના ખજાના ઉપર જ બેઠેલા હોય છે. ઉપર બેસીને રોજ વિચારે: "એક દિવસ હું જરૂર શાંતિ મેળવીશ. I shall live a happy life"

બિચારો સુખના સ્થાન (spot) ઉપર બેસીને સુખની ભીખ માગ્યા કરતો હોય છે. જિંદગીભર સુખ, સુખના વિચાર કરતો

દુ:ખમાં જ મરી જાય! જે વસ્તુને માટે બહાર ફાંફા મારીએ છીએ, જે માટે તીર્થોમાં ભટકીએ છીએ એ વસ્તુ બીજે ક્યાંય નથી, આપણામાં જ પડેલી છે. પણ પેલા ભિખારીને ખબર નહિ કે જ્યાં હું એકવીસ વર્ષથી બેઠેલો છું એના નીચે જ ખજાનો પડેલો છે.

આ જીવને પણ ખબર નથી કે સુખ અને શાંતિ બહાર નહિ પણ અંદર ભરેલી છે. જેમ પેલો ભિખારી ખાડો ખોદે નહિ એમ આ અંદર જાય નહિ, વિચાર કરે નહિ, અંદર ડૂબકી મારે નહિ. જો ડૂબકી મારે તો સુખ જ સુખ.

અલબત્ત શરીરની માંદગી આવી જાય, અસહ્ય વેદના પણ થાય, તેમ છતાં શાંત રહી શકો અને કહો: કાંઈ નહિ, શરીર બેચેન છે પણ થોડી પ્રાર્થના કરીશ, શાંતિથી પડયો રહીશ, થોડુંક વાંચન કરીશ, સ્વજનો સાથે બેસીને સારી વાત કરીશ એમ કરીને આ માંદગીનો સમય વીતાવીશ. પણ રાડો નાખીને, ચિંતા કરીને, ઉત્પાત કરીને બગાડીશ તો નહિ જ.

માંદગી એટલે શું? તન અને મનની દોડાદોડ. Heart attack થાય તો ડૉક્ટર કહે: છ અઠવાડિયાં સૂઇ જાઓ. સૂઈ જાય પણ ચૂપ રહે નહિ. એનો cardiogram લે પણ એના મનનાં તરંગો (waves) તો ચાલતા જ હોય. Cardiogramમાં ફેર કેમ પડે?

શાંતિ કેવી રીતે લેવી એ જ ધર્મે બતાવ્યું છે. મર્યા પછી શાંતિ મળે એમ બતાવતો ધર્મ એ ધર્મ જ નથી. ધર્મ તો કહે છે કે જે જીવતાં શાંતિ ન માણે, આનંદનો અનુભવ ન કરે, વિચારોમાં સુંદરતા ન લાવે એ માણસ મર્યા પછી આ બધું કેવી રીતે લાવી શકશે?

કેટલાક કહે: "તમે જો જો તો ખરા! એક દિવસ એવું જીવીશ જાણે સ્વર્ગ." મેં કહ્યું: જે આજ નથી જીવતો તે કયારે જીવવાનો?

જે ભવિષ્યમાં કરવાની દૃષ્ટિ રાખીને બેઠા છે એ વર્તમાનમાં, પોતાની પાસે જે ક્ષણો છે એનો પેલા ભિખારીની જેમ દુરુપયોગ કરી રહ્યા છે.

સુખ અંદર શોધવાનું છે. શોધવા માટે નક્કી કરો કે હું આનંદમય છું. આ વિચારને મુખ્ય સિદ્ધાંત (fundamental principle) તરીકે સ્વીકારવાનો છે. સ્વીકાર્યા પછી જ આગળ વધી શકાશે. જ્યાં સુધી આ વિચાર તમારા મનના ઊંડાણમાં બેસે નહિ ત્યાં સુધી આગળ નહિ વધી શકાય. ગાડી ત્યાં જ અટકી જાય છે.

ગાડીનાં આગલાં પૈડાં (wheel) આગળ મોટો પથરો મૂકી દો અને પછી ગાડીને ચાલુ (start) કરો તો ગાડી start જરૂર થાય, પણ આગળ વધે નહિ. એમ આપણે આપણા વિકાસના માર્ગમાં પહેલાં જ એક દુઃખનો પથરો મૂકી દીધો છે. માની લીધું છે કે હું પાપી છું, હું દુઃખી છું. ખલાસ! હવે આગળ નહિ વધી શકાય.

જયોતને ચીમની સાથે કાં સરખાવો? અંદરની જયોત તો ઉજળી જ છે, ચીમની કાળી થઇ ગઈ છે. ચીમનીને જયોતની સાથે એક ન કરો. ચીમની એ મન છે, વાસના છે, વૃત્તિ છે. ત્યાં મેંશ જામી જાય છે. જયોતને તો કોઇ અડતું નથી. જયોતને જે અડવા જાય એ જ જલી જાય છે.

આપ સહુમાં આ આત્માની જયોત છે. એને કોઇ કાળી કરી શકે એમ નથી.

જે આંખ દ્વારા જુએ છે, વાણી દ્વારા વિદ્યા બનીને વહે છે એ જયોત શુદ્ધ છે, નિર્મળ છે; એ ખરાબ કેમ હોઇ શકે? ચીમની ઉપર ચઢેલી મેંશને લૂછવાની છે. ચીમની પારદર્શક transparent કરી અંદરની જયોતના પ્રકાશને બહાર લાવવાનો છે.

જો હું આનંદમય છું તો હું આનંદમય કેમ દેખાતો નથી, આનંદનો અનુભવ કેમ કરતો નથી? મારા મનની અંદર આનંદ સ્વરૂપનો ઉલ્લાસ અને ભરતી કેમ આવતાં નથી?

શૈશવમાં મારા શિક્ષકે મને એક સુવાકય ગોખવા આપેલું. Sow a thought and reap an action.

તું તારી મનોભિભૂમાં એક સુંદર વિચારનું બીજ વાવીશ તો એમાંથી સુંદર કાર્યનો મોલ ઊતરશે. જે જાતના વિચારો રોપીશ એ જાતનું કાર્ય ઊગશે.

દુનિયાની સફરે Lady Blavatsky નીકળ્યાં ત્યારે સાથે થોડાં સુંદર ફૂલનાં બીજ લઇને નીકળ્યાં. જ્યાં સારી જમીન જુએ, સુંદર બગીચો જુએ કે તરત એ બીજ કાઢી ત્યાં વેરે. કો'કે પૂછયું: "આ શું કરો છો?" "સુંદર ફળો અને ફૂલોનાં બીજને વાવું છું." "પણ એ ઊગશે કયારે, એને તમે જોવા આવશો કયારે?"

હસીને કહ્યું: "એવું ખરું કે જે કાંઈ કરીએ એ જોઈએ તો જ એનું ફળ મળે? જેને માટે કરીએ એ જુએ તો જ આપણું કાર્ય કરેલું કહેવાય?"

આપણાં સુકૃત્યો કદી નિષ્ફળ જતાં નથી. બીજા માટે કરીને જાઓ છો એ જિંદગીભર આશીર્વાદ આપે છે. એ અંતરના આશીર્વાદના આંદોલનો (vibrations) અદશ્ય દુનિયામાં પહોંચતાં હોય છે.

થોડા સમય પહેલાં kidney ના રોગોના એક અમેરિકન નિષ્ણાત આવેલા. ઘણા કુશળ. એમની સલાહ લેવા, મદદ લેવા માટે મોટી ગાડીવાળાઓ દોડાદોડ કરવા લાગ્યા પણ સમય થોડો હોવાથી appointment આપી શકતા નહિ. એ જે. જે. હોસ્પિટલની મુલાકાતે ગયા. ત્યાં ખોડ સાથે જન્મેલું દોઢ વર્ષનું બાળક હતું. ડોકટરનું ધ્યાન ખેંચાયું. જલદી જવાનું હતું છતાં એમનું અંતર દ્રવી ગયું. એ નિરાધાર બાળકનું એમણે પોતે જ ઓપરેશન કર્યું. ત્રણ કલાક ચાલ્યું. સરસ ઓપરેશન થયું અને બાળકની ખોડ નીકળી ગઇ. એમને ફી આપવા કોણ ગયું ? આ માનવતાનો પુકાર !

આ બાળકના પિતાએ જ મને આ વાત કરેલી અને વાત પૂરી થતાં અવકાશમાં હાથ જોડીને કહ્યું : "એ જ્યાં હોય ત્યાં એનું ભલું થજો."

ડોકટરે આ સાંભળ્યું નથી, આ જાણ્યું નથી પણ શું એના અંતરના ઉદ્દગાર ત્યાં નથી પહોંચ્યા ? એ પહોંચે જ છે.

પણ ઘણા તો કહે : "આ પાટ ઉપર મારું નામ લખો તો હું પાટના પૈસા આપું." કેવી કમનસીબી !

હવે તમારે નવો પાઠ શીખવાનો છે. જે દૃશ્ય (seen) છે એ અસ્થાયી છે અને જે અદૃશ્ય (unseen) છે એ શાશ્વત છે.

અદૃશ્ય વસ્તુઓનું રહસ્ય તમને સમજાય તો તમને લાગે કે વિચારોના તરંગો, ભાવનાના તત્ત્વો, અંદરથી ઊછળતી વૃત્તિઓ વિશ્વને પહોંચ્યા વિના રહેતાં નથી.

જે બીજ વાવીએ છીએ એનાં ફળ અને ફૂલ જેવાં જ

જોઈએ ? અરે ! કલ્પનાનો પણ આનંદ છે, વિચારોનો પણ આનંદ છે, બીજ વાવ્યાનો પણ આનંદ છે.

તમારે તમારા વિચારોના ક્યારામાં સુંદર વિચારને વાવવાનો છે. વિચાર વાવો છો અને કાર્ય બને છે. તમારી દરેક ક્રિયા પાછળ ભાવ કામ કરે છે.

જેના વિચારો ખરાબ હોય પણ કાર્ય સારું દેખાતું હશે તો ત્યાં દંભ હશે, એ કામ બહુ લાંબુ નહિ ચાલે.

જે જાતના તમે બેઠા બેઠા અંદર વિચાર કરો છો એ જ જીવન છે. પછી ભગવાન પાસે જાઓ, ગુરુ પાસે જાઓ કે યાત્રાએ જાઓ, ગમે ત્યાં જાઓ, તમારા વિચારો અંદર ઊગી જ રહ્યા છે.

બીજું ચરણ: Sow an action and reap a habit.

માણસ મોટે ભાગે ટેવ પ્રમાણે જીવી રહ્યો છે. સારી ટેવો સારા માર્ગે લઇ જાય છે. ખરાબ ટેવને લીધે એ નકામો બને છે. નિયમિત ઊઠવાની, પ્રાર્થના કરવાની, સારા વિચારો કરવાની, સારું બોલવાની, સારું આચરણ લાવવાની ટેવ પાડવી હોય તો કાર્ય વાવો. સતત કરાતાં કાર્ય ટેવ બની જાય છે. પછી સહજ રીતે જ એમ જીવાય.

ઘણા પથારીમાંથી ઊઠે, શુદ્ધ થાય, હાથ જોડી પરમાત્મા સાથે એકતાર થઇ જાય, અંતર ખોલીને પ્રકાશને આવકારે. આ શું છે ? Habit છે, ટેવ છે.

કેટલાકને કહો: પ્રાર્થનામાં આવો. શું કહે ? "અરે, આ તો માથાના દુઃખાવા જેવી વાત છે. આજના આ આધુનિક

જમાનામાં સમયની જ્યાં ખેંચ છે ત્યાં નકામી વાતો માટે સમય ક્યાં છે? વખતની મારામારી હોય ત્યાં આંખો બંધ કરીને બેસવું?"

એને માથું દુ:ખે છે કારણ કે એને ટેવ નથી. થોડીકવારમાં જ એ બેચેન અને હેરાન હેરાન થઇ જવાનો.

વિચારમાંથી કાર્ય ઊભું થાય અને કાર્યમાંથી ટેવ ઊભી થાય. ટેવ પડે પછી તમને એમ થાય કે લાવ હું સારું કરું.

જેમણે સારી ટેવો પાડી છે એમના જીવનમાં પછી એ સહજ બની ગઇ છે. પછી એમને કરવું નથી પડતું, થઇ જાય છે.

કોઇને બીડી પીવી પડે છે. છીંકણી સૂંઘવી પડે છે, ચ્હા પીવી પડે છે. આ બધી ટેવ છે. એમ સારા વિચારો કરવાની, સારા ભાવો ફેંકવાની, સારું જોવાની, ખરાબ તત્ત્વોને ફેંકી દેવાની પણ ટેવ છે.

સીતાફળ લાવો છો ત્યારે શું કરો છો? ઉપરનાં ફોતરાં ફેંકો છો, અંદરના બીયાં પણ ફેંકો છો અને વચ્ચેનો માલ ખાઇ જાઓ છો. સીતાફળમાં કેટલું બધું ફેંકી દેવું પડે છે તેમ છતાં પણ ખાનારા લઈ આવે છે. લેનાર વિચારતો નથી કે આટલું બધું ફેંકી દેવું પડે છે અને ખાવાનું તો બસ આટલું જ!

જીવનમાં આ શીખવાનું છે. સંસાર સીતાફળ જેવો છે. તમને બધા જ સારા દેખાય એવું નહિ બને. બધું સારું જ મળશે એમ પણ નહિ માનો, કારણ કે તમે ખુદ પોતે પણ એટલા બધા સારા નથી. જો તમે સોળેસોળ આની સારા હો તો તો વાત જુદી છે, પણ જરા તપાસી જુઓ! આ તો ચૌદ કેરેટનું સોનું વીસ કેરેટના સોનાની ટીકા કરે.

સારું જોવાની ટેવ પડી જાય પછી બધે સારું સારું જ જુએ. એને વિશ્વમાં, સર્વત્ર સુંદરતા દેખાય.

ત્રીજું ચરણ : Sow a habit and reap a character. ચારિત્ર્ય એ જીવનનું બંધારણ છે, જીવનનું અસ્તિત્વ છે. ટેવમાંથી સ્વાભાવિક રીતે ચારિત્ર્ય ઘડાય છે.

ચોથું ચરણ : Sow a character and reap a destiny ચારિત્ર્યની વાવણી કરો તો ભાગ્યનું નિર્માણ થશે. તમારું ભાગ્ય એ પેલો બિચારો જોષી શું જોવાનો? તમે તમારું ચારિત્ર્ય જાણો છો. ભાગ્ય તમારા હાથમાં જ છે.

વિચારને વાવીને આચરણ લીધું, આચરણને વાવીને ટેવ લીધી, ટેવને વાવીને ચારિત્ર્ય ઘડ્યું અને ચારિત્ર્યને વાવીને ભાગ્યનું નિર્માણ કર્યું. તમારા ભાગ્યના નિર્માતા તમે જ બન્યા ને? તમારા સર્જનહાર તમારા સિવાય કોણ છે?

વાવો વિચાર કે હું આનંદમય છું. તરત તમારા મોઢા ઉપર થોડાં થોડાં આનંદનાં કિરણો દેખાશે.

મોઢા ઉપર એકવાર આનંદ દેખાશે પછી ધીમે ધીમે આનંદમાં રહેવાની ટેવ પડશે. તમારી આંખોમાં, તમારા શબ્દોમાં, તમારા મુખ ઉપર આનંદ જ દેખાશે. પછી તમારું આખું ઘડતર આનંદમય બની જશે.

ભગવાને કહ્યું: જે ધર્મધ્યાન અને શુકલધ્યાનમાં રહે છે એ નવા કર્મમળનો સંચય કરતો નથી અને જૂના મળનો ક્ષય કરે છે. ધર્મધ્યાન અને શુકલધ્યાન શું છે? સદા પ્રમોદભાવમાં અને આનંદભાવમાં રહેવાનું.

સારાને જોઇને તમારામાં પ્રમોદનો ઉછાળો આવે અને

દુઃખીને જોઇને કરુણાનું ઝરણું વહે. ચેતના અને ચિત્ત પ્રસન્ન હોય તો ધર્મધ્યાન અને શુકલધ્યાનનો જીવનમાં નિવાસ થાય.

દુનિયામાં જે કાંઈ સારું અગર ખરાબ દેખાય છે એનું સર્જન પહેલાં માણુસની મનોભૂમિમાં થાય છે. 'મનોભૂમિમાં જે થાય છે એ અદૃશ્ય છે પણ એ જ શાશ્વત છે, સાચું છે.

આ અદૃશ્ય જગતમાં જેની વાવણી કરીએ છીએ એનું જ પરિણામ એક યા બીજી રીતે જગતમાં દૃશ્યમાન થાય છે.

જગતને આનંદરૂપ જોવું હોય, તમારે આનંદરૂપ બનવું હોય તો પહેલાં તમારી મનોભૂમિને એક જ વિચારથી ભરી દો. હું આનંદમય છું. આનંદમાંથી પ્રાદુર્ભાવ છે અને આનંદમાં જ મારી પૂર્ણ નિર્વાણ સમાધિ છે.

૫

એક ભાઈ મળવા આવ્યા ત્યારે ખૂબ રાજી રાજી હતા. એમના કાંડે એક ઘડિયાળ હતું, એનું ડાયલ ખૂબ જ આકર્ષક હતું. પૂછ્યું તો કહે: "બારસોનું Omegaનું ઘડિયાળ મને માત્ર પોણાબસોમાં મળી ગયું" મેં કહ્યું: "બહુ સરસ કમાણી કરીને આવ્યા!"

બીજે દિવસે એમના ઘડિયાળી મિત્રને એ બતાવવા ગયા. એણે ખોલ્યું, જોયું, બોલી ઊઠ્યો: "ભલા માણસ, આ મશીન તો બનાવટી છે, પૂરા પચ્ચીસનું પણ નથી! હા, ડાયલ Omegaનું છે. એક અઠવાડિયું ચાલે તો તારું ભાગ્ય."

એ પાછો મારી પાસે આવ્યો. "મહારાજશ્રી, હું તો બની ગયો, સાવ બની ગયો." "પણ શું થયું? ગઈ કાલે રાજી હતો આજે નારાજ! પલમેં તોલા પલમેં માસા." "મશીન બનાવટી નીકળ્યું, પચીસનું પણ નથી."

જીવનમાં પણ આવું જ છે. બહારનું જીવન ડાયલ છે, અંદરનું જીવન મશીન છે. જે માણસો ડાયલ ઉપર મોહી પડે છે અને મશીન સામે જોતા પણ નથી એમના હાથમાં ડાયલ રહે છે પણ મશીન બદલાઈ ગયેલું હોય છે.

સારી વસ્તુ વસાવવી હશે તો ડાયલની સાથે મશીનને પણ જોતાં શીખવું પડશે. મશીનની પારખ અનિવાર્ય છે.

માનવ જીવનને સુંદર બનાવવું હોય તો ભૌતિક વસ્તુઓની જેમ પારખ અને કાળજી કરો છો તેમ આધ્યાત્મિક વસ્તુઓની પણ કરો. તનને જાણો છો તેમ મનને પણ જાણો. તન એ ડાયલ છે, મન એ મશીન છે. મન રચના (mechanism) નહિ જાણો તો હાથમાં ડાયલ રહી જશે અને મશીન સાવ ઠોઠિયું આવી જશે. આંચકાની સાથે બંધ પડી જશે.

જીવનમાં એક આંચકો લાગતાં હૃદયનો હુમલો (heart attack) થઈ જાય છે ને? પછી છ અઠવાડિયાં સુધી આરામ! એક–હા, આ હૃદય એક આંચકો સહન કરી શકતું નથી.

તનનો વ્યાયામ છે તેમ મનનો પણ વ્યાયામ છે. એથી મન આઘાતક્ષમ (shockproof) થવું જોઈએ. ઘડિયાળમાં shockproof હોય છે ને? પણ પહેરનાર shockproof છે? એમે કેટલા આંચકા (shocks) લાગવાનો સંભવ છે? ધાર્યું ન હોય એ બની જાય, ધાર્યું હોય એ સરકી જાય, કલ્પના ન કરી હોય એ જોવું પડે, કરેલી કલ્પના ધૂળમાં મળી જાય અને જે બીજાનાં ઘરમાં ન જોયું હોય એ પોતાના જ ઘરમાં બની જાય. થાય, હવે જીવીને શું કામ છે? જીવનમાં હવે શું મઝા છે?

વાત ખોટી છે. તમે કોઈને માટે જીવવા નથી આવ્યા. તમે માત્ર લોકોને પાળવા માટે, પોષવા માટે, ખવડાવવા માટે, કીર્તિ વધારવા માટે, ભેગું કરીને આપવા માટે જ નથી આવ્યા. પણ અંદરનો વિકાસ સાધવા માટે અને અનંતની યાત્રા પૂર્ણ કરવા માટે આવેલા છો. એ વિકાસનો વિચાર ન કરો અને માત્ર બહારનું સાચવવામાં રહી જાઓ તો જે મેળવવાનું છે એ જ રહી જાય.

સાધનાથી તન અને મનને ઘડવાનું છે. ગમે તેવો આંચકો લાગી જાય ત્યારે સમાલીને તમે હસીને કહી શકો: વાંધો નહિ, એવું પણ બને. બીજાને ત્યાં બને એ મારે ત્યાં પણ બની જાય. બીજાની જેમ હું અંતરથી કાયર કે દુઃખી નહિ બનું. કારણ કે મેં મારી અંતરની દુનિયા તૈયાર કરી છે.

સારી ઘડિયાળની કિંમત ડાયલ ઉપરથી નહિ પણ એના મશીન ઉપરથી, એના યંત્રોની રચના ઉપરથી, એની ઝીણવટ ઉપરથી થાય છે. મશીનો તૈયાર થયા પછી એમને તપાસવા માટે, પ્રયોગ (experiment) માટે, એમને આંચકા (shocks) આપવામાં આવે છે.

મૂલ્યવાન અને સારી વસ્તુને બરાબર તપાસીને, એની પરીક્ષા કરીને જ બજારમાં મૂકવામાં આવે છે. નહિતર કંપનીનું નામ બદનામ થાય.

જેવી રીતે કંપનીનો માલિક બધી રીતે પરીક્ષા (test) કરીને ઘડિયાળોને બજારમાં મૂકે છે તેવી જ રીતે મનને જ્ઞાન દ્વારા, ધ્યાન દ્વારા, ચિત્તના વિશ્લેષણ દ્વારા, તપશ્ચર્યા દ્વારા, સાધના દ્વારા તૈયાર કરીને વિશ્વમાં વિહરવાનું છે.

આજે તમારું મન sub-conscious mind નબળા વિચારોનું શિકાર બની ગયું છે. નબળા વિચારો નાનપણથી આપવામાં આવ્યા છે.

સુખીમાં સુખી માબાપ દીકરાને દુઃખીમાં દુઃખી બનાવે છે. એને જે તાલીમ આપવી જોઈએ તે નથી આપી શકતાં. કઠોરતા અને દુઃખો પણ અમુક પ્રમાણમાં જિંદગીમાં ખાતરનું કામ કરે છે.

જૂના જમાનાની આ વાત છે. જયપુરમાં એક શિક્ષક ક્ષત્રિયકુમારને ભણાવતા. એ ખૂબ જ પ્રમાણિકતાથી ભણાવતા.

વિદ્યાર્થીમાં ભૂલ દેખાય તો ભણાવતી વખતે કો'કવાર પંદર મિનિટ તો કો'કવાર અર્ધો કલાક એક પગ ઉપર રહેવાની સજા પણ કરતા. શિક્ષા અને પરીક્ષાની એ ઘણી રીતો વાપરતા. પણ વિદ્યાર્થી સરસ તૈયાર થઈ જતો. ત્યાંના રાજાને સંતાન ન હોવાથી એણે દૂરના સગાના આ છોકરાને દત્તક લઇ ગાદી ઉપર બેસાડ્યો.

ગાદી ઉપર આવ્યા પછી નવા રાજાએ પેલા શિક્ષકને બોલાવીને કહ્યું: "હવે મારો વારો છે. તમે મને માર્યો, એક પગ ઉપર ઊભો રાખ્યો અને શિક્ષા કરી તે હું ભૂલ્યો નથી. મારી આંખમાંથી આંસુ પડતાં હતાં ત્યારે પણ તમે સ્વસ્થ રહેતા."

શિક્ષકે હસીને કહ્યું: "બદલો લેવો હોય તો ભલે લો. પણ મને જો ખબર પડી હોત કે તમે રાજા થવાના છો તો હું આના કરતાં પણ વધારે શિક્ષા કરત. મને ખબર નહિ કે તમને આવી મોટી સત્તા મળવાની છે, તમે પ્રજાના પાલનહાર બનવાના છો."

જે પ્રજાના પાલનહાર બનવાના હોય એને જીવનની બધી જ શિક્ષા અને દીક્ષા આપીને એની દૃષ્ટિને વ્યાપક અને પૂર્ણ વ્યવહારુ બનાવવી જોઇએ.

જે ઘડામાં અમૃત ભરવાનું છે એ ઘડો જ પાકો ન હોય તો અમૃત પણ ઢળે અને ઘડો પણ જાય.

સાચા માતાપિતા કોણ છે? જે પોતાનાં સંતાનોને તૈયાર કરવા માટે જીવનની કડક સાધના તરફ પણ લઈ જાય છે તે.

માણસને સગવડોએ નહિ, પણ સાધનાએ મહાન બનાવ્યો છે. સાધનાથી સબળ બનેલું મન ગમે એવા પ્રસંગોમાં અણનમ રહી શકે છે. સુષુપ્ત મનમાં જેટલા પ્રમાણમાં સહન કરવાની શક્તિ વધે છે એટલા પ્રમાણમાં એ માણસ મહાન બને છે.

આપણું શિક્ષણ પણ કેવું છે? મરવાના જ વિચારો આપે; નિર્બળતાને પોષે. હું મરી જવાનો છું, મારાથી શું થવાનું? માટીનો માણસ કરી કરીને શું કરી શકે તેમ છે? આવા નબળા વિચારો જેના જીવનમાં છે તે સુખની હવાનાં આનંદભર્યાં સ્વપ્નો પણ ક્યાંથી સેવી શકે?

તમારા મનમાં, વિચારોમાં એવી તાકાત ભરવી જોઇએ કે જેથી તે અકલ્પ્ય બનાવોમાં અણનમ રહી શકે.

કેટલાંક ડાયલ દેખાવમાં સામાન્ય હોય પણ કામ સબળ રીતે કરે.

લાલબહાદુર શાસ્ત્રી વડા પ્રધાન થયા ત્યારે ઘણા કહેતા કે આ શું કરશે? એમનું ડાયલ સામાન્ય દેખાતું હતું, પણ મશીન સરસ હતું. ગાંધીજી, સોક્રેટિસ એ બધાં આવાં ડાયલ હતાં, પણ એમનાં મશીન એટલાં મજબૂત (sound) હતાં કે દુનિયાના ગમે એવા આંચકા લાગી ગયા છતાં એ બગડ્યાં નહોતાં.

ઘણા કહે કે હવે પાકા ઘડે કાંઈ નવા કાંઠા ચઢી શકે? આજના જમાનામાં skin grafting. હૃદય બદલી (heart transplanting) શકે તો જૂના ઘડાને નવા કાંઠાનો શું વાંધો આવે?

આ એક માનસિક વૃત્તિ છે. હવે અમારામાં કાંઇ પરિવર્તન (changes) નહિ થાય. માની લીધું. માણસ પોતે જ જ્યાં આમ માનતો થાય પછી એને કોણ બદલી શકે?

એમ કહો કે જીવનની છેલ્લી પળ સુધી સુધારાને અવકાશ છે, વિચારોને બદલવાની તૈયારી છે; જિંદગીની છેલ્લી પળ સુધી

હું વિશ્વશાળાનો છાત્ર છું, અભ્યાસ કરવા માટે ઉત્સુક છું. પછી જુઓ તમારું મન કેવું ગ્રહણ કરે છે, તમારી સ્મરણશક્તિ કેવી વધે છે!

પછી તમે કોડિયાને નહિ, જ્યોતને જોતા થશો. જ્યોત પીળી કે કાળી નથી. જ્યોતને કોઈ રંગ નથી. દુનિયામાં ગમે ત્યાં જાઓ, દીવો સળગાવો પણ જ્યોતનો રંગ એક જ હશે. હિંદુસ્તાનનો માણસ હોય, કે આફ્રિકાનો; પણ બધા એક જ જ્યોત લઈને બેઠા છે. ચીમનીઓ જૂદી જૂદી હોઈ શકે છે, એ ચીમનીઓ ઉપર રંગો (colours) જૂદા જૂદા ચઢી શકે છે.

જે જાતનું તેલ અંદર બળે છે એ જાતના રંગ ઉપર ચઢતા જાય છે.

આત્માનું આનંદ સ્વરૂપ કદી પાપ સ્વરૂપ નથી બની શકતું. પાપ સ્વરૂપ કોણ બને છે? મન. મનને લીધે જીવનમાં પાપવૃત્તિ પ્રવેશે છે અને એને લીધે લઘુતાગ્રંથિ (inferiority complex) બંધાય છે.

બહેનો નાની હોય ત્યારથી જ એમના મનમાં ભરવામાં આવે છે કે આપણે છોકરીની જાત કહેવાઈએ, આપણાથી આ ન થાય, આપણી ચારે બાજુ ભય છે. એ બાઈ પચાસ, સાઠ કે સિત્તેર વર્ષની થાય તો પણ એમ જ માને કે આપણે તો સ્ત્રીની જાત, નબળી જાત કહેવાઈએ.

સીતાએ રાવણ જેવા રાવણને કેવો જવાબ આપેલો! એ પણ સ્ત્રી હતી, પણ તે જમાનો સ્વયંવરનો હતો, પુરુષ સ્ત્રીને નહી પણ સ્ત્રી પુરુષને પસંદ કરતી.

રાવણે સીતાને કહ્યું: "વિધિએ ભૂલ કરી કે તારા જેવી રૂપરમણીને જંગલમાં ફરનારા રામ જેવાને સોંપી દીધી. તારે

પાંદડાં ઉપર સૂવાનું હોય? વલ્કલ પહેરવાનાં હોય? ફળ ખાવાનાં અને જંગલમાં જીવવાનું હોય? આ વિધિની ભૂલને હું સુધારવા માગું છું. તને સોનાની લંકાથી શોભાવીશ, સુંદર વસ્ત્રો અને ઉત્તમ ભોજનથી સત્કારીશ, તને સામ્રાજ્યપદે મહારાણી કરી બેસાડીશ."

સીતાએ શું કહ્યું? "રાવણ તને ખબર નથી, તું કાગડો છે. એઠું કોણ ખાય? કાગડા અને કૂતરાં. તું એઠું ખાવા નીકળ્યો છે. તારી જાતને તું રામની સાથે સરખાવે છે? તારી બહેન શૂર્પણખાએ આવીને રામને ઘણી વિનંતી કરી પણ રામે એની સામે પણ નથી જોયું. રામ જંગલમાં ફરે છે, જમીન ઉપર સૂએ છે, પણ એંઠવાડ નથી ખાતા. રાવણ, તું વામણો છે, રામ વિરાટ છે."

રાવણને ચેલેન્જ કરવાની શક્તિ ક્યાંથી આવી? આ અંદરની શકિત છે, આપણા બધામાં છે.

તમે જો આવા નહિ બનવા માગો તો તમને કોઈ બનાવી શકે એમ નથી. આપણે જો આપણી ચીમની નહિ માંજીએ તો કોઈ આવીને માંજી શકે એમ નથી.

આપણે સ્વાધ્યાયમાં, પ્રવચન શ્રવણ કરવામાં, ધ્યાન ધરવામાં શું કરીએ છીએ? ચીમની તરફ નહિ, એટલી જ્યોત તરફ એકાગ્ર બનીએ છીએ. એની ઉજ્જવળતાનો ખ્યાલ આવે છે.

ઘણાખરા માણસો આત્માની આ તેજોમય જ્યોતને જોઈ શકતા નથી, એના સામે ઊભા રહી શકતા નથી.

લોકો શરીરને ધૂએ છે પણ મનથી શરૂઆત કરે તો બહુ મજા આવે. વ્યાખ્યાન પહેલાંની આપણી આ પ્રાર્થના મન ધોવા માટે છે.

તમે બહારથી આવો, કેટલાય આડાઅવળા વિચારો લઇને આવો, વાતો લઇને આવો; ચિંતા લઇને આવો, જરાક પ્રાર્થના કરો, મન ધોવાઈ જાય, વાતો અને વાસનાનો મળ નીકળી જાય અને ચિત્ત શાંત થાય.

જમીન સરખી થાય તો એના ઉપર સર્જન થાય. સમૂહ પ્રાર્થના પછી મન શાંત થતાં આપણામાં એકાગ્રતા આવે. ચૈતન્ય તરફ, પરમ જ્યોત તરફનજર નાખતાં ઉલ્લાસ આવે. આત્માનું દર્શન થાય.

આજે તમારાં મન અશાંત છે, મનમાં ભય છે. રાત્રે તમને ભયજનક સ્વપ્નો આવે છે. તમે તમને પાણીમાં ડૂબી મરતા જુઓ, તમને જંગલનાં જાનવરો ખાઈ જતાં જુઓ–આ બધાં સ્વપ્નો કેમ? મનમાં બેઠેલા ભયને કાઢી નાખો, પછી પાણીમાં તમે તમને ડૂબતા નહિ તરતા જોશો અને જંગલનાં જાનવરો તમને ખાતાં નહિ, પ્રેમ કરતાં દેખાશે.

મનમાં આનંદમય સ્વરૂપનું અધિષ્ઠાન થયું પછી પ્રત્યેક પ્રસંગ તમને જુદી રીતે જ દેખાશે.

પરિસ્થિતિના સ્વામી બનશો કે દાસ? પરિસ્થિતિના સ્વામીમાં તાકાત છે, એ હિંમતથી કહે છે: આ પરિસ્થિતિને હું કાબૂમાં (control) રાખીશ. પરિસ્થિતિનો દાસ શું કહે? અરેરે! હવે મારાથી શું થાય?

આ વાત વખાણવા કરતાં વિચારવા જેવી છે.

બીજા વિશ્વયુદ્ધમાં જર્મનીનું લશ્કર જોઇને ઇંગ્લેંડના વડા પ્રમુખ ચેમ્બરલેઈનની છાતી બેસી ગઇ.

પાર્લામેન્ટમાં આવીને કહ્યું: "આપણે તો ખલાસ થઈ ગયા. હવે નહિ જીતી શકીએ. આપણું કાંઈ નહિ વળે." એનું

મન તૈયાર ન હતું, થાકી ગયો હતો.

સામેથી ચર્ચીલ ઊભો થયો: "અરે, એમાં શું છે? આપણે કાંઈ કમ છીએ?"

જેમાં એકે હાર જોઇ, બીજાએ એમાં જ જીત જોઇ.

ઘણાખરા પરિસ્થિતિના દાસ બનીને, એને આધીન બનીને, પરિસ્થિતિના પ્રવાહમાં તણાઈ રહ્યા છે.

જે તણાય છે એ નદીના પ્રવાહમાં તણાતો તણાતો મહાસાગરમાં ફેંકાઇ જાય છે. જે તરે છે, મહેનત કરે છે એ જ કિનારે પહોંચે છે.

પરિસ્થિતિમાં તણાયા જ કરીશું તો શોક, ચિંતા, દુઃખ અને દુર્ગતિમાં ફેંકાઈ જઇશું. પણ તરવાનો પ્રયત્ન કરીશું તો જરૂર પાર ઊતરીશું.

અલબત્ત, બાવડા દુઃખશે, પાણીનાં મોજાંના જબરદસ્ત ધક્કા ખાવા પડશે, ગુલાંટો પણ ખાવી પડશે, પણ કિનારે જરૂર પહોંચાશે.

પુરુષાર્થથી તૈયાર થયેલ ચૈતન્ય જેમ માને છે કે હું આનંદમય છું તેમ માને છે કે હું જ્ઞાનમય પણ છું.

ઘણાખરા માને છે કે આપણે તો અજ્ઞાની, આપણે કાંઇ જ જાણતા નથી, ભણીએ એટલું જાણીએ બાકી આપણામાં શું પડ્યું છે?

'હું અભણ છું, હું અજ્ઞાની છું, હું તુચ્છ છું.' આ વિચારોનું શું પરિણામ આવ્યું? આજે કોઈ કહે તો તરત જવાબ મળશે 'હું ભૂલી જઈશ, મને બહુ યાદ રહેતું નથી, લખી લેવા દો.'

જે પોતાને અજ્ઞાની અને ભુલકણો માને છે અને આ

વિચારોને ઘર કરવા દે છે એ લખી લે તો પણ એને યાદ નથી રહેતું. લખ્યું છે એ યાદ કરાવવા માટે પણ એને કો'કની જરૂર પડે!

એક પ્રૉફેસરે નક્કી કર્યું કે મારે કોઇ દિવસ કોઈના ય લગ્નમાં ન જવું. એનો મિત્ર એને લગ્નમાં જ મળ્યો, પૂછ્યું: "તમે અહીં કયાંથી?" "અરે! હું તો ભૂલી જ ગયો કે મારે લગ્નમાં નથી જવાનું. તમે કહ્યું ત્યારે યાદ આવ્યું!"

ના, તમે હવે નવો વિચાર કરો. હું જ્ઞાનમય છું, હું અનંત જ્ઞાનનો સ્વામી છું. મારી અંદર અનંત જ્ઞાન પડેલું છે; મારે એને બહાર લાવવું છે.

હીરામાં તેજ છે તો મારી અંદર જ્ઞાનનો પ્રકાશ છે. આજે એ ઢંકાઇ ગયો છે, એને જ બહાર લાવવાનો છે.

કેવી રીતે બહાર લાવશો? ચકમકની અંદર અગ્નિ પડ્યો છે. ચકમક હાથમાં લેશો તો કાંઈ નહિ દેખાય. પણ ઘસવા માંડશો તો એમાંથી અગ્નિની શક્તિ બહાર આવશે.

આપણામાં જ્ઞાન છે; એની ઉપર મોહનું આવરણ છે. જેમ જેમ પ્રયત્ન કરતાં જઇએ તેમ તેમ આવરણ ઘસાતું જાય અને અંદરનું જ્ઞાનતેજ બહાર આવતું જાય.

જ્ઞાન બહારથી નહિ, અંદરથી આવે છે.

જેવી રીતે ટેલિફોનમાં એક બાજુથી બીજી બાજુ અવાજ સંભળાય છે એમ માણસના મનમાં પ્રવાહ અને અંતરપ્રવાહનાં ઊછળેલાં મોજાં સામા કિનારે પહોંચે છે.

જે ચૈતન્યની શક્તિ ઉપર દૃષ્ટિ રાખી કામ કરે છે, અનંત શક્તિઓનો સ્વામી એવો આત્મા પોતાનામાં તેમ જ સહુમાં

બિરાજમાન છે એવી અનુભૂતિથી જે પ્રવૃત્તિ કરે જે એનામાં અંતઃસ્ફૂરણા – (intuition) વધારે તીવ્રતાથી કામ કરે છે.

પોતાના મનમાં થતા વિચારોનો ધ્વનિ સામાના મનમાં થાય છે અને પોતાને કહેવાની વાત સામાના મુખથી કહેવાઈ જાય છે.

સામાને કહી જવાનું કામ કોણ કરે છે? આપણું અનંત જ્ઞાનમયે ચૈતન્ય.

આ જ્ઞાન ઘણી રીતે અવિષ્કાર લે છે. વિદ્યા મેળવવાથી, પ્રયત્ન કરવાથી, એકની એક વાત ઉપર એકાગ્રતા કરવાથી.

શૈશવકાળમાં અમારા શિક્ષક અમને કહેતા:

Give maximum strain to your brain and everythiug will be clear. બને એટલું મનને એકાગ્ર કરો અને તમને જવાબ મળી જશે.

લોકો ખાવાનું જેટલું પસંદ કરે છે એટલું વિચારવાનું નથી કરતાં. ખાવાનું ત્રણવાર જોઇએ પણ વિચારવાનું એક વારમાં પતી જતું હોય તો કેવું સારું? કહે કે અમારા વતી તમે જ વિચારી લો, તમે જે કહેશો એ બરાબર જ હશે.

Less to stomach and more to brain. પેટને ઓછું અને મગજને વધારે. અત્યારે દુનિયામાં ઊંધું ચાલી રહ્યું છે. પેટને ખૂબ અને મગજ ખાલી. શરીર મોટું થાય અને મગજ નાનું થાય, ખલાસ થઇ જાય. એટલે જ તો psychiatrist અને psychology analyse કરનારા ડૉકટરોનો રાફડો વધતો જ જાય છે. મગજ ખાલી થતું જાય અને શરીર વધતું જાય પછી સ્થિતિ શું થાય? અવળી થાય.

એકાગ્રતા એ શકિત છે, એ જેટલા પ્રમાણમાં વધે તેટલા પ્રમાણમાં ચૈતન્યની જ્ઞાનશકિત બહાર આવે.

ધ્યાન એ જ્ઞાન મેળવવાનું સાધન છે. ધ્યાન સાધ્ય નથી, જ્ઞાન સાધ્ય છે. ધ્યાન સાધન છે, સાધ્યને પ્રકટ કરે છે. જેમ જેમ તમે ધ્યાન ધરતા જાઓ તેમ તેમ જ્ઞાન આવતું જાય છે.

આપણો આત્મા પોતે જ જ્ઞાની છે, જ્ઞાનમય છે, જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાનને આપણે પોતે પામી શકીએ એ માટે ધ્યાન એ સાધન છે, means છે.

જેમ નીચેથી ઉપર આવવા માટે નિસરણી છે એમ જ્ઞાનની દુનિયામાં પહોંચવા માટે ધ્યાન એ પણ નિસરણી છે. ધ્યાનની નિસરણી દ્વારા જ્ઞાનાનંદ મહેલમાં પ્રવેશ કરવાનો છે.

સી. વી. રામનના પિતાએ ઘાસનાં તણખલાં ભેગાં કરીને દીકરાને બોલાવ્યો અને કહ્યું: " બેટા ! આ તણખલાં ઉપર સૂર્ય કિરણ પડે છે પણ બળે છે ?"

"ના" પછી એ અંદરથી magnifying glass લઇ આવ્યા, અને એના પર સૂર્યનાં કિરણોને કેન્દ્રિત કર્યાં. ત્યાં તો ઘાસનાં તણખલાં સળગી ઊઠયાં.

પિતાએ કહ્યું : " જોયું ? સૂર્યનાં કિરણો તો ત્યાં જ હતાં પણ વિખરાયેલાં હતાં. આ magnifying glass એ શું કર્યું ? કિરણોને એકાગ્ર કર્યાં. એમનામાં શક્તિ આવી. શક્તિએ આ તણખલાંઓને બાળી નાખ્યાં. "

આખો દિવસ સૂર્ય તપ્યા કરે પણ એ ઘાસને બાળશે નહિ. પણ પાંચ મિનિટ જો તમે સૂર્યનાં કિરણોને કેન્દ્રિત કરો તો ઘાસની ગંજી પણ સળગી જાય.

પિતાએ પુત્રને કહ્યું : " તું જે કાંઇ કામ કરે તે એકાગ્રતાથી કર, તો એમાંથી શક્તિ પેદા થશે. "

આજે આપણી શક્તિ વિખરાયેલી છે, એટલે એ વહી જાય છે.

બધા કહે છે કે પાણી મળતું નથી. પણ ચારે બાજુ નળ ખુલ્લા હોય ને પાણી ચાલ્યું જાય તો જ્યારે પાણી જોઇએ ત્યારે ન જ મળે ને?

આપણી શક્તિ પણ આજે એમ જ વહી રહી છે. આખો દિવસ જોવામાં, સાંભળવામાં, બોલવામાં, ચિંતા કરવામાં, પારકા ભાર ઉઠાવવામાં, લોકોની પંચાત કરવામાં શક્તિઓ નષ્ટ થઈ રહી છે. પછી જોઈએ ત્યારે કયાંથી મળે?

આ શક્તિઓને કેન્દ્રિત કરવાની છે, એકાગ્ર થવાનું છે. જેમ જેમ શક્તિઓ સંચિત થતી જાય છે તેમ તેમ આપણું સ્વામિત્વ પ્રગટ થાય છે.

લોકો માને છે કે જ્ઞાન બહારથી આવે છે. ના, બહારથી નથી આવતું. જે છે તે જ બહાર આવે છે.

તમે પૂછશો એમ કેમ? શાળામાં બધા વિદ્યાર્થીઓ ભણવા જાય છે. બધાને એક જ શિક્ષક ભણાવે, એક જ પુસ્તકમાંથી ભણાવે છતાં એક વિદ્યાર્થી ફર્સ્ટ કલાસ, એક સેકન્ડ કલાસ, એક થર્ડ કલાસ અને કો'ક તો વળી ઊડી જ જાય છે. શું શિક્ષકે પક્ષપાત કર્યો? શું પુસ્તકો જુદાં હતાં? ના. પહેલા નંબરે આવ્યો એણે એકાગ્રતાથી ભણવાનો પ્રયત્ન કર્યો અને અંદરની શકિતઓ બહાર આવી.

જો જ્ઞાન બહારથી જ આવતું હોત તો ચોપડીઓથી, શિક્ષકથી, શાળાથી બધા જ વિદ્યાર્થીઓ પરીક્ષામાં એકસરખા ઉત્તીર્ણ થાત.

પણ પુસ્તકો એક હોવા છતાં, શિક્ષક એક હોવા છતાં વિદ્યાર્થીઓના અભ્યાસની અંદર અંતર પડતું જાય છે—એનું કારણ આંતરિક શકિતઓનો વિકાસ જુદો છે.

જ્ઞાન અંદર છે, બહારનાં સાધનો, બહારનાં નિમિત્તો એને મદદ કરે છે.

God helps those who help themselves.

ભગવાન તેને મદદ કરે છે જે પોતાની જાતને, પોતે મદદ કરવા તૈયાર થાય છે.

જે પોતાની જાતને તૈયાર કરવા માગતા નથી એને ભગવાન પણ મદદ નથી કરતો.

તમે બેઠેલા હો, પગમાં ખાલી numbness આવી જાય, ઊભા થવા પ્રયત્ન કરો પણ ઊભા ન થઇ શકો તો બાજુવાળો શું હાથ નથી આપતો? એ જાણે કે તમે ઊભા થવા માગો છો એટલે હાથ આપે છે.

પણ તમે આરામથી બેઠા હો તો કોઈ આવીને નહિ કહે કે ચાલો, તમને ઊભા કરું.

જે પોતે ઉપર આવવા માગતા હોય, એમને જ અદૃશ્ય શકિત મદદ કરે છે, પણ જે પોતે ઊભા થવા નથી માગતા એમને દુનિયાની કોઈ શકિત કે વ્યકિત મદદ કરતી નથી.

જ્યારે ધ્યાનમાં બેસીએ છીએ, એકાગ્ર બનીને વિચાર કરીએ છીએ, આપણે વિશ્વબળને નિમંત્રીએ છીએ અને સ્વાગતથી બળ આવે છે.

ઇસપ ગુલામ હતો. એના માલિકને એક દિવસ વિચાર આવ્યો: 'ગામમાં સાચો માણસ કોણ છે? કોણ પોતાની જાતને મદદ કરવા માગે છે?'

એ ગામના કૂવે એક સાંકડો રસ્તો જતો હતો. ત્યાં એણે રાત્રે ખાડો ખોદાવીને અંદર અશરફીની નાની થેલી મૂકી અને

એની ઉપર મોટો જબરજસ્ત પથરો મુકાવી દીધો. વહેલી સવારથી માલિક બાજુની હવેલીમાં બેઠો બેઠો બધાને જોયા કરે. પાણી ભરવા જતાં આવતાં સ્ત્રી પુરુષો ઠોકર ખાય અને ગાળો દે. અને બબડયા કરે: ‘ રસ્તા વચ્ચે કયા નાલાયકે આ પથરો નાખ્યો?’ કોઈ વળી સારું દેખતો હોય તો બાજુમાં થઈને ચાલ્યો જાય. ઘણાએ ઠોકર ખાધી, ઘણા ગબડયા, કેટલાકે ગાળ દીધી, કેટલાક બાજુમાં થઈને ચાલ્યા ગયા.

એટલામાં ઇસપ પાણી ભરવા નીકળ્યો. એણે જોયું કે રસ્તામાં મોટો પથરો પડયો છે. થયું “કો'કને વાગશે તો?” વાસણ નીચે મૂકી પથરાને હલાવવા લાગ્યો. પથરો મોટો હતો. બાજુમાંથી જનારને એણે વિનવ્યા: “ દોસ્ત! જરા મદદ કરશો? હાથ આપશો?” “ કેમ? અમે કાંઇ મફતમાં મજૂરી કરનારા છીએ?” ઇસપે જોર કરી એક જોરદાર આંચકો માર્યો, ત્યાં તો પથરો ઊછળીને બાજુમાં જઈ પડયો. ખાડામાં જોયું તો અશરફીઓની થેલી!

ઈસપ હસી પડયો. ‘ સારું થયું પેલો મદદે ન આવ્યો!’

એટલામાં એના માલિક આવ્યા. “ ઇસપ, આ અશરફીઓ તારી છે, આજથી તું મારી ગુલામીમાંથી મુકત.

આ ગામમાં માણસ કોણ છે તે જોવું હતું.”

લોકો કેવા એદી છે? પડી જવું કબૂલ છે, દુઃખ સહન કરવું કબૂલ છે પણ કોઈને પુરુષાર્થ કરવો નથી. શ્રમ વિના સિદ્ધિ સંભવે?

માણસો ઘણા છે પણ ‘ માણસ’ કયાં છે? પુરુષાર્થ વિના પુરુષ શેનો? ‘ માણસ’ જ પુરુષાર્થથી અંદરની શક્તિઓને બહાર લાવે છે.

આપણી જ્ઞાનમય શકિત બહારથી નહિ આવે. જરાક પેલા પથ્થરને ખસેડવાની જરૂર છે. પથરો ખસેડશો તો જ્ઞાનની અશરફીઓ તમારે ત્યાં જ છે.

અભિશાપ દેવાથી ઠોકરો મળશે, જ્ઞાનની અશરફીઓ નહિ.

શરીર સામે જોવામાં ઘણાં વર્ષો કાઢયાં. હવે બાકીનાં વર્ષો આત્મા સામે જોવામાં કાઢવાની ઘડી આવી ગઈ છે. એ નિશ્ચય દૃઢ કરો.

હું આનંદમય છું, શોકને ફેંકી દઈશ. હું જ્ઞાનમય છું, અજ્ઞાનને અડવા નહિ દઉં.

૬

'હું અજ્ઞાની છું' આ નિર્બળ વિચારને લીધે માણસની સ્મૃતિ ઓછી થઈ છે. એ યાદ રાખવાનું યાદ રાખી શકતો નથી. યાદ રાખતાં પહેલાં જ એ વિચારતો હોય છે કે મારું મગજ કાચું છે, મને યાદ નહિ રહે. 'હું ભૂલી જઈશ' એ વિચાર જ તમને ભુલાવી દે છે.

પૂર્ણ શ્રદ્ધાથી વિચારો કે 'શા માટે હું ભૂલું? મારી પાસે સુંદર મગજ છે, એવી કોઈ વાત નથી જે મને યાદ ન રહે. નકામી વાતો યાદ રહે છે તો કામની વાત યાદ કેમ ન રહે? હું જ્ઞાનસ્વરૂપ જ છું. જ્ઞાન એ મારા આત્માનો મૂળ ગુણ છે.'

આમ વિશ્વાસ (confidence) વધતો જશે તેમ તેમ તમારું આત્મસ્ફુરણ (intuition) પણ વધતું જશે.

સૂર્ય પહેલાં અરુણ આવે તેમ કાર્ય પહેલાં કારણ આવે.

આજે માણસનું વાચન વધારે છે, વસ્તુઓનો સંગ્રહ ખૂબ છે, માહિતી ખૂબ ભેગી કરી છે પણ આંતરસ્ફુરણા ક્ષીણ થઈ રહી છે. એટલે જ એ જોષીઓ ઉપર, ખોટા (bogus) માણસો ઉપર, જાદુમંત્ર કરીને ચમત્કાર કરનારા બાવાઓ ઉપર, સમયને અનુરૂપ મીઠું મીઠું બોલનારા ધૂર્તો ઉપર વધારે આધાર રાખે છે.

તમારો હાથ જોઈને એ જોષીઓ શું કહેવાના? એનામાં જો જીવન ભાખવાની શક્તિ હોત તો એ આવા પાંચ–પચાસ રૂપિયા માટે તમારા હાથ જોવાનો અને તમારી જન્મોત્રીનાં કાગળિયાં

વાંચવાનો વ્યવસાય કરત ખરા ? પોતે જ દુઃખી છે તે તમને સુખી કેમ કરે ?

હું જ્ઞાનસ્વરૂપ છું, એ બળવાન વિચાર આવતાં જૂના અજ્ઞાનના સંસ્કારો નીકળી જશે અને અંદર રહેલો જ્ઞાનનો સ્રોત બહાર આવતો દેખાશે.

નિર્બળતા, થાક, કંટાળો, સતત આવતી આળસ–આનું મૂળ કારણ શું છે ? આત્મશક્તિનું વિસ્મરણ અને શારીરિક અશક્તિનું સ્મરણ. એક દિવસ માથું દુઃખે તો બીજે દિવસે પગ, ત્રીજે દિવસે શરીર દુઃખે તો ચોથે દિવસે બેચેની. મનથી સ્વીકારી લીધેલી આ પરિસ્થિતિ છે.

આત્મા તો તંદુરસ્ત છે, એને કોઈ રોગ નથી. રોગનો સંબંધ શરીર સાથે છે, શક્તિનો સંબંધ આત્મા સાથે છે. જેમ જેમ તમે દેહપ્રધાન બનતા જાઓ છો તેમ તેમ નિર્બળ અને રોગી બનો છો. અને પછી તો તમે રોગમાંથી ઊંચા જ આવતા નથી.

રોગ આખર તો મનની જ પરિસ્થિતિ છે.

તમને ખૂબ ક્રોધ આવ્યો હોય, કોઇના ઉપર ખૂબ ખીજાઇ ગયા હો, ક્રોધની તમે જબરજસ્ત તાણ અનુભવી હોય અને એ જ કલહના વાતાવરણમાં રાત્રે તમે સૂઈ જાઓ. સવારના ઊઠો ત્યારે સખત દુઃખાવાથી માથું ફાટી જતું હોય ત્યારે તમે કહો કે રાતના શરદી લાગી ગઇ એટલે માથું ફાટે છે ! પણ તમે ભૂલી ગયા કે માથાનો દુઃખાવો શરદીને લીધે નહિ પણ ગઇકાલના ક્રોધને લીધે છે. ક્રોધની અવસ્થામાં જ્ઞાનતંતુઓને વધારે પડતું જોર આપ્યું, ખૂબ દબાવ્યાં, તાણ્યાં, એને લીધે માથાનો રોગ થયો.

એ ક્રોધ ન કરે, સમતા રાખે, કહેવા લાયક વાત એક બે શબ્દોમાં કહી દે તો આ સ્થિતિ કયાંથી જન્મે ?

અમેરિકામાં ડૉ. મેયો Dr. Mayo અને એમના મિત્રે ભેગા મળીને વિશ્વવિખ્યાત Mayo Institute ની સ્થાપના કરી.

એકવાર બે મિત્રો વચ્ચે મતભેદ થયો, મિત્ર ક્રોધમાં આવ્યો અને આવેશમાં આવીને ન બોલવાના શબ્દો બોલવા લાગ્યો. પાંચ–દસ મિનિટ બોલ્યો. અંતે થાકયો: 'હું આટલું બધું બોલું છું તો તું કેમ બોલતો નથી?

ડૉ. મેયોએ હસીને કહ્યું: One madman is enough in this room, "આ ઓરડામાં એક જ ગાંડો બસ છે." બે ગાંડા ભેગા થાય તો જ ધાંધલ થાય.

જે ક્રોધના આવેશમાં આવીને પોતાનું સમતોલપણું balance ગુમાવે છે એ પરિસ્થિતિને આધીન બનીને પરિસ્થિતિથી જ દબાઇ જાય છે. એ ગાંડો ન કહેવાય તો શું કહેવાય?

પરિસ્થિતિને આધીન નથી બનવાનું પણ પરિસ્થિતિને આધીન બનાવવાની છે.

ત્રણ પ્રકારના માણસો છે. એક પ્રકાર પરિસ્થિતિને આધીન બની વિચારે કે સંયોગો જે બાજુ લઇ જાય તે બાજુ ગયા વિના ચાલે તેમ નથી.

Man is a creature of circumstances પરિસ્થિતિઓનું જંતુ બની જીવ્યા કરે. પરિસ્થિતિના પ્રવાહમાં તણાયા કરે.

એની ગણતરી કાંઇ નથી. દુનિયામાં એવા લાખો જન્મે છે અને મરે છે; એમના જન્મનો, જીવનનો કે મરણનો કાંઇ અર્થ નથી.

બીજો પ્રકાર વિચારે કે મારે પરિસ્થિતિઓમાં તણાવું નથી પણ પરિસ્થિતિની બહાર નીકળી જવું છે. એ પાણીના પ્રવાહમાં તણાવા નથી માગતો તેમ સામા પ્રવાહે જવાની એનામાં પૂરતી શક્તિ નથી એટલે એ બહાર નીકળી કિનારે જઇને બેસી જાય છે.

ત્રીજો વિચારે છેઃ મારે તો પરિસ્થિતિની સામે થઇને પણ પેલે પાર જવું છે. દુનિયા પણ જોતી રહે કે પરિસ્થિતિના પ્રવાહમાં તણાયા વિના એ બાહુબળે તરીને બહાર આવી ગયો.

જે પરિસ્થિતિને તરીને સામે કિનારે જાય તે જ માન, સન્માન અને આદરને પાત્ર બને છે.

તમે જરાક માથું ઊંચું કરશો, સારું કામ કરવા નીકળશો તો તમારી વાતો કરનારા, વિરોધ ઉઠાવનારા, પાછળથી વખોડનારા ઘણા ઊભા થવાના. કારણ કે મોટા ભાગના માણસો વામણા pigmies છે.

એવે સમયે શું હારી જશો ? શું એમ કહેશો કે હું શું કરું ? સહુ વિરોધમાં ઊભા રહ્યા; સહુ સામે થઇ ગયા; કોઈનો સાથ નથી તો હું જીવનમાં આગળ કેમ વધું ?

કવિ ટાગોરે શું કહ્યું? "તારી જો હાક સૂણી કોઇ ના આવે તો એકલો જાને રે."

તારી સાથમાં કોઇ ન આવે, તારાં દૂર દૂરનાં સ્વપ્નાં સમજવા માટે સામા માણસો પાસે હૃદય અને બુદ્ધિ ન પણ હોય તો ય તું એકલો નીકળી પડજે.

સ્વજનો અને મિત્રો સદા સાથ આપે જ એવી અપેક્ષા ન રાખશો. શુભેચ્છા માત્ર એટલી જ રાખવી કે સાથ આપે તો સારી વાત છે; પણ બધાને બધા સાથ આપે જ એવું જીવનમાં નથી બનતું.

વળી સ્વજનો અને સંબંધીઓને આપણા જેટલી સમજ ન પણ હોય.

એક જ કુટુંબમાં ત્રણ ભાઇઓ હોય; એક ડાહ્યો, બીજો મધ્યમ તો ત્રીજો વળી સાવ જ પાગલ.

જો એક કુટુંબમાં જ આવું બને તો સંસારમાં શા માટે ન

બને ? શા માટે માની લેવું કે બધાનો સાથ અને સથવારો મળે તો જ જીવનમાં આગળ વધી શકાય ?

જેણે આસપાસના માણસોના અભિપ્રાયો (opinion) પૂછવામાં જ જીવન પૂરું કર્યું તેના જીવનમાં કહી પ્રગતિ થાય ?

કહો, મારામાં અનંત શક્તિઓ પડી છે. એને બહાર લાવવા માટે મારે પ્રયત્ન કરવાનો છે. વિરોધનાં તત્ત્વો બળવાન હોય ત્યારે જ આગળ વધવામાં મઝા આવે છે. કામ કરો ત્યારે થોડાક લોકોનો ગણગણાટ હોય તો ચોક્કસ જાણજો કે તમારા કામમાં ભલીવાર છે.

માણસમાં કાંઇક છે તો સામે શક્તિ ઊભી થાય છે.

પતંગ ચગાવવો હોય તો સામે પવન જોરદાર હોવો જોઇએ. પવન ન હોય તો પતંગ પડી જાય.

જેને જીવનનો પતંગ ઉપર ચઢાવવો છે, દૂર દૂર લઈ જવો છે એને પરિસ્થિતિનો સામો પવન જરૂર જોઇએ 'તમારી સામે કોઇ કહેનાર ન હોય તો તમે કોઇ કામ વ્યવસ્થિત કરી શકતા નથી.

તણાયા વિના તરી જાય તેની જ દુનિયામાં યાદ રહી જાય છે.

શરીરનો નહિ આત્માનો વિચાર કરવાનો. મારા આત્મામાં અનંત શક્તિઓ પડી છે. શરીરને લઇ જનાર, વેગ આપનાર આખર તો આત્મા છે, અંદર બેઠેલી આત્મિક શક્તિ છે

જે ઘડીએ મન થાકે છે, ત્યારે શરીર થાકી જ જાય છે.

તમને જમવા માટે બોલાવે, મનભાવતી વાનગીઓ પીરસે, કોળિયો હાથમાં લો અને તમારા યજમાન તમને અપમાનજનક શબ્દ કહે, પછી જુઓ જમવામાં કેટલી મજા આવે છે ?

થાળીમાં ભાવતી વસ્તુઓ છે પણ મનને આઘાત લાગ્યો પછી ભોજનમાં મજા નથી આવતી, ભોજન જ નીરસ થઇ જાય છે.

શરીર ત્યાં છે, જીભ ત્યાં છે, ખાનાર મોઢું ત્યાં છે, વાનગીઓ સામે જ પડી છે પણ અંદરનું તત્ત્વ બગડ્યું એટલે આ બધું જ નાપસંદ.

જીવનનો મોટો આધાર મન ઉપર છે, આત્મા ઉપર છે. આ વાત ભૂલીને લોકો ચોવીસે કલાક શરીર ઉપર જ ધ્યાન આપે છે.

પુનઃ પુનઃ વિચારવું ઘટેઃ હું શક્તિઓનો સ્વામી આવો નિર્બળ કેમ બની ગયો? ધારું તે કરી શકું એવો હું અત્યારે દરેક બાબતમાં શંકા અને વહેમથી કેમ ઘેરાઇ ગયો?

માણસનું મન કેટલું નિર્બળ બની ગયું છે? રજાઓમાં ક્યાં જવું તે માટે પણ નિર્ણય ન લઇ શકે. કહેઃ લાવો, હવે આપણે ચીઠ્ઠીઓ નાખીએ. ચીઠ્ઠીઓ નાખવી પડે એ વિચાર શક્તિનું અપમાન નથી?

નાનપણથી જ તમારા મગજમાં વડીલો ઠસાવતા આવ્યા છે, "તું શું કરવાનો? તું શું સમજે? તારાથી કાંઇ નહિ થાય, બેસી જા."

તમે શાળામાં જાઓ ત્યાં જેને જીવનનું દર્શન નથી એવા માત્ર બી એ. થયેલા શિક્ષકો શું ભણાવે? "બેસી જા, તું નહિ સમજે. તને શું આવડવાનું છે? ઠોઠ, બેસી જા."

પછી ગુરુઓનો વારો આવે. "તમે સંસારી લોકો, પાપમાં પડેલા, અજ્ઞાની. તમે આત્માની બાબતમાં શું જાણો? સંસારના ખાડામાં પડેલા સ્વર્ગની વાત શું જાણો?" ત્યાં પણ એવો નિર્બળતા અને હીનતાનો ઉપદેશ દેવામાં આવે

પછી સમાજમાં જ્યાં કામ કરવા જાવ ત્યાં પણ એ જ પડઘા પડે, એવું જ સાંભળવા મળે.

આ અજ્ઞાનમય ઝેરી વાતાવરણ મનને એવું નિર્બળ, થાકેલું, અશક્ત, અજ્ઞાની કરી નાખે કે માણસ ખલાસ થઇ જાય અને ઉદાત્ત કંઇ વિચારી જ ન શકે.

એ કામ કરે પણ સાંજે એની અવસ્થા તો જુઓ? થાકેલો, કંટાળેલો; ઘરમાં કોઇ બોલાવે તો કહે "બોલાવશો નહિ. જોતા નથી, આખો દિવસ કામ કરી કરીને મરી ગયો."

ભલા આદમી, તું મરવા માટે કામ કરે છે કે જીવન જીવવા માટે?

તમારું પ્રત્યેક કાર્ય તમારા જીવનનો આનંદ હોવો જોઇએ; પ્રત્યેક પ્રવૃત્તિ મનને પ્રસન્નતાપૂર્વક ઉપર ઉઠાવે એવી હોવી જોઇએ. પ્રવૃત્તિ આનંદ ન આપતી હોય તો પ્રવૃત્તિને આનંદમય બનાવો. જે મોળું છે એમાં આનંદની મીઠાશ રેડવાથી એ મધુર બની જાય છે.

રસ રેડીને કામ કરો પછી એ કાર્યમાં થાક નહિ પણ ઉત્સાહ આવે. ઉત્સાહમાં માણસ શુભ ધ્યાનમાં રહે, પછી કર્મબંધન કયાંથી?

દુઃખી, થાકેલો, કરતાં કરતાં શોક કરનારો માણસ જે કાંઇ કામ કરે છે એમાં એ કર્મ બાંધે. 'શોકે સંસાર વધે ઘણોં, શોક નર્કની ખાણ.'

કામ કરતાં કરતાં માણસે મુક્ત બનવાનું છે. સતત પ્રશ્ન પૂછવાનો છેઃ "મારી પ્રવૃત્તિ મને જીવનના દૃષ્ટિકોણ તરફ લઇ જાય છે?"

પચાસ વર્ષ પહેલાંની વાત છે. એક ઝવેરી કુટુંબ ધંધો સમેટી દેશમાં જવાનું હતું પણ પિતાની ઇચ્છા દીકરાને ઝવેરાતના ધંધામાં રાખવાની હતી. દીકરાને સારામાં સારો ઝવેરી બનાવવા, ધંધામાં તૈયાર કરવા પોતાના અનુભવી મિત્રને સોંપ્યો અને એ દેશમાં ગયા.

"આજથી મારા પિતાના સ્થાને આપ છો, આપ જેમ કહેશો તેમ હું કરીશ."

ઝવેરીએ કહ્યું: "આ ઝાડુ લે, દુકાન બરાબર ઝાડુથી વાળી, બધો કચરો કાઢ."

યુવાનને ક્ષણભર વિચાર આવી ગયો. "શું હું અહીં ઝાડુ કાઢવા રહ્યો છું?"

પણ વડીલની આજ્ઞા માનીને આખી દુકાન બરાબર સાફ કરી.

ત્યાં ઝવેરીએ ફરી કહ્યું: "આ કચરો બહાર નહિ; આ ડબ્બામાં નાખવાનો."

બીજા દિવસે પણ એ જ કહ્યું: "તારે આ જ કામ કરવાનું. દુકાન ચોખ્ખી કરવાની, કચરો કાઢવાનો, બરાબર ચોખ્ખો નીકળવો જોઇએ. એ કચરો બહાર ફેંકવાનો નહિ પણ આ ડબ્બામાં નાખવાનો."

આમ કરતાં છ મહિના નીકળી ગયા. છ મહિના સુધી યુવાન પાસે એક જ કામ કરાવ્યું: દુકાન સાફ કરવાની, કચરો કાઢવાનો, ડબ્બામાં નાખવાનો. કોઈ કોઈ વાર બપોરના સમય મળે ત્યારે હીરા બતાવે.

એક દિવસે વડીલે યુવાનને બોલાવ્યો. "પેલો ડબ્બો લઈ આવ." "કયો ડબ્બો?" "કચરાનો." ડબ્બો લાવ્યો. "આ ટેબલ ઉપર ઊંધો કર." "કચરો?" "હા, હું જેમ કહું તેમ કર." પછી સારા ઝીણા ચાળણાથી ચાળવા બેઠો. ધીમે ધીમે કચરો ચળાઇ ગયો. થોડા નાના નાના હીરા કચરામાંથી નીકળી આવ્યા. !

વડીલે કહ્યું: "ઝવેરીનું પહેલું કામ આ છે: કચરો કેમ કાઢવો. ઝવેરીનો ધંધો જ એવો છે કે એ ગમે તેટલી ચોકસાઇથી

હીરા જોતો હોય તો પણ એકાદો હીરો ગમે ત્યારે ઊડી જાય, લપસી જાય, હાથમાંથી સરી જાય. ઝવેરીને ત્યાંના કચરામાં પણ હીરા હોય. જે આ નાના કામમાં ધ્યાન રાખી શકે તે જ ચીવટથી બીજામાં ધ્યાન રાખી શકે, આગળ વધી શકે

શ્રમ કર્યા વિના આગળ વધી શકાતું નથી. આ પાઠ પણ મારે તને શીખવવો હતો."

ઝવેરાતના ધંધામાં નિષ્ણાત બન્યા પછી પોતાનો જીવન પ્રસંગ લખતાં એ લખે છે : "મને કચરો કાઢવાનું કહ્યું ત્યારે મારા વડીલ મને કડવા લાગ્યા હતા. પણ આજે હું એમનો ઉપકાર કઈ રીતે વ્યક્ત કરું ? એમણે પાયાનું જ્ઞાન (basic knowledge) આપ્યું તો હું આટલો આગળ વધ્યો !"

કચરામાં હીરા શોધો તો હીરામાં તમે શું ન શોધો ?

ભણેલા યુવાનોના મનમાં એક માન્યતાં બંધાઈ જાય છે: "આવું નાનું કામ મારાથી કેમ થાય ? મારા જેવો માણસ કચરો કાઢે ?" એટલે જ સવારે સો સો દંડબેઠક કરનારા યુવાનો પિતાને પાણીનો ગ્લાસ ભરીને આપતાં શરમાય છે. "ના, પાણી લાવવાનું કામ હું કેમ કરું ? એ કામ નોકરનું !"

એણે કામને હલકું માન્યું. ખરી રીતે કામ હલકું નથી, એના વિચારો હલકા છે. જેના વિચારો હલકા છે એ જ માને કે આ કામ મોટું અને આ કામ નાનું. માણસને જે કંઇ કાર્ય મળ્યું હોય તે દ્વારા એને ઉપર આવવાનું છે. એના કાર્યનું લક્ષ્ય પૂર્ણતા હોવું ઘટે.

જીવનમાં આ દૃષ્ટિ આવતાં તમારા પ્રત્યેક કાર્યમાં સંગીતનો અનુભવ થવાનો. કાર્યદ્વારા વિકાસનાં પદચિહ્નોનું દર્શન થવાનું.

જે માણસ એકાગ્રતાપૂર્વક કામ કરતો નથી એ જીવનની કોઇ પણ બાબતમાં આગળ વધી શકતો નથી.

બાળપણની એ કવિતા સાંભરે છે ?

Work while you work

and play while you play.

ભણવા બેસે ત્યારે ભણવા માંડજે અને રમવા બેસે ત્યારે રમવા માંડજે. રમે ત્યારે ભણવાનો વિચાર ન કરતો અને ભણે ત્યારે રમવાનો વિચાર ન કરતો.

બાળકોની આ શિખામણ પ્રૌઢોને પણ એટલી જ ઉપયોગી છે.

માણસ એક કામ કરતાં કરતાં બીજો વિચાર કરે છે. પૂજા કરતાં દુકાનનો વિચાર કરે અને માળા ફેરવતાં શાક સમારવાનો વિચાર કરે. વિચાર શક્તિને એક દિશામાં વાળવાની આદત નથી. આ પદ્ધતિ ન હોવાને લીધે જે કાર્ય કરવું જોઇએ એ પૂર્ણ નથી કરતો અને નં કરવાના કાર્યનો વિચાર કરવા માંડે છે. એના પડઘા વ્યાપારમાં, વાતોમાં અને જીવનમાં પડે છે.

માટે જ આ વિચારને વિકસાવી મનમાં દઢ કરવાનો છે કે હું શક્તિમય છું, ધારું તે હું કરી શકું. મારું શરીર તો એક ઉત્તમ સાધન છે; પણ અંદર કામ કરનારો તો મારો આત્મા છે. એની પ્રેરણા પ્રમાણે જ આ શરીર કામ કરે છે.

એક અતિ વૃદ્ધ પુરુષ હતા. ખાટલામાંથી ઊભા થવું હોય તો ય નોકર ઊભા કરે તો જ એ ઊભા થઇ શકે. એવી પરાધીન અવસ્થા હતી. એક દિવસ એ ઘરમાં પહેલે માળે આગ લાગી, બૂમાબૂમ થઇ. તમને આશ્ચર્ય થાય એવી આ વાત છે. પાંચ માળના બિલ્ડિંગમાંથી પાંચે માળના દાદરા ઊતરીને પહેલા નીચે આવનાર હોય તો એ દાદા હતા !

જે ખાટલામાંથી ઊભો ન થઈ શકે એ પાંચ દાદરા ઊતરીને કેવી રીતે આવી શકે ? એનું કારણ શરીર નહિ, આત્મા છે.

આત્મવીર્ય અનંત છે, એ સ્ફુરતાં મન તૈયાર થઈ ગયું. હુકમ કર્યો ' ચાલ ' એટલે પછી શરીરને તો ચાલવું જ પડ્યું, દોડવું જ રહ્યું.

આ શરીરમાં કાંઈ જ નથી. શરીર તો માત્ર એક પંચભૂતનું મિશ્રણ છે. આપણે સહુથી વધારેમાં વધારે મહત્વ આને આપી બેઠા છીએ. પણ એ પંચભૂતના તત્ત્વનું જે સંચાલન કરે છે, એને ચિંતન આપે છે, એ દ્વારા જે કામ લે છે એનો તો અભ્યાસ પણ કરતા નથી. એનો અભ્યાસ વધતાં ખ્યાલમાં આવશે કે આ પંચભૂતના મિશ્રણ પાછળ એક અદ્‌ભુત તાકાત કામ કરી રહી છે. આ ચૈતન્ય જે રીતે દોરે છે એ રીતે આ શરીર જાય છે, એનામાં પોતાનામાં કાંઈ નથી.

શરીરને બહારના સાધન તરીકે રાખો અને સાચવો પણ અંદર કામ કરી રહેલી શક્તિ સબળ જ રહે અને નિર્બળ ન બને એ વિચારવાનું છે.

સંસ્કારોને લીધે, વાતાવરણને લીધે અને પરિસ્થિતિને લીધે મન નિર્બળ બને છે. પરિસ્થિતિ આપણા ઉપર સવાર થાય ત્યારે સાવધાન બનીને વિચાર કરવો કે આ પરિસ્થિતિને દબાવીને ઉપર કેમ આવવું ! અને તમે પ્રયત્ન કરો તો પરિસ્થિતિમાં પલટો જરૂર આવે.

શિલ્પીઓની દુનિયામાં જેનું નામ ગણાય છે એવા વિશ્વ વિખ્યાત માઈકલ એન્જલો Michel Angelo ના જીવનનો આ પ્રસંગ છે. ઘણાં શિલ્પો કર્યાં. અંતે ઇશુનું એક અપૂર્વ શિલ્પ બનાવવા એણે સ્વપ્ન સેવ્યું. તે માટે માસુમ, નિર્દોષ, જેની આંખોમાં પ્રેમ અને મૈત્રીના ભાવ ભરેલા હોય એવી આકૃતિની જરૂર હતી. આવા બાળકની શોધમાં દોઢ વર્ષ નીકળી ગયું. એક દિવસ એક બાળક રમતું દેખાયું. એને વાંકડિયા વાળ હતા, સુંદર આંખો હતી, મોઢા

ઉપર જાણે હમણાં જ પ્રભુને ત્યાંથી આવ્યો હોય એવો પ્રકાશ હતો. એની આકૃતિ સુંદર અને સૌમ્ય હતી બાળકને જોતાં જ એને થયું કે ઇશુનું રૂપ પથ્થરમાં કંડારવા માટે આ બાળક યોગ્ય છે. માતાને કહ્યું: "કહો એટલા પૈસા આપું. પણ તમે તમારા બાળકને લઇને આવો, મારી સામે બેસાડો, હું આ સૌમ્ય આકૃતિને પથ્થરમાં કંડારવા માગુ છું." માતા કાબૂલ થઇ, શિલ્પ તૈયાર થયું, Christ ની નિર્દોષતા અને માનવતા જીવંત બન્યાં.

ઘણાં વર્ષો વીતી ગયાં. માઇકલને થયું: જેવી રીતે ઇશુની સુંદર પ્રતિમા સર્જી એવી જ રીતે એની સામે હવે જેની આંખમાં ખૂનીનું ઝુન્નસ હોય અને મોં પર ડાકુ જેવો ભાવ હોય એવા જુડાસ Judasની આકૃતિ તૈયાર કરું. બાર વર્ષ પછી એક એવો જ માણસ જડી આવ્યો. દારૂડિયો, જુગારી અને વાસનાથી ચકચૂર. પચ્ચીસ વર્ષનો એ યુવાન હતો. શિલ્પીએ શિલ્પની વાત કરી, યુવાને હા કહી. જુડાસની આકૃતિ તૈયાર થઇ અને શિલ્પીએ આ કૃતિને પેલા ઇશુની પ્રતિમાની બાજુમાં મૂકી.

યુવાને બન્ને આકૃતિઓ જોઈ. ઇશુની અને જુડાસની. આ જોતાં જોતાં એનો ભૂતકાળ સાંભર્યો, મન ભરાઇ આવ્યું. આંખમાંથી અશ્રુની ધારા વહી રહી. આંસુથી આંખો ધોવાઈ ત્યારે એની એ જ આંખો સૌમ્ય અને કરુણાળુ બની ગઈ.

માઇકલ જોયા જ કરે "આ શું થયું? જેની આંખો ક્રૂરતાથી ભરી હતી, જેની આંખોમાં દયાનો છાંટો પણ ન હતો એ આંખો આટલી સૌમ્ય! આટલી મૃદુ!"

યુવાન તો પશ્ચાત્તાપથી ધ્રૂસકે ધ્રૂસકે રડી જ રહ્યો હતો. માઈકલ નજીક આવ્યો. ખભે હાથ મૂકીને કહ્યું: 'ભાઈ! રડે છે કેમ?"

યુવાને જવાબ આપ્યો " આ ઈશુને તમે કંડાર્યો છે તે બીજું

કોઈ નથી પણ હું પોતે જ છું. એ વખતે હું કેવો નિર્દોષ હતો, માતાની સાથે આવ્યો હતો. અહીં બેસાડીને તમે મારી આકૃતિ દોરી હતી. આ બાર વર્ષના ગાળામાં ખરાબ સંગતે હું કેવો બની ગયો? દારૂડિયો બન્યો, વ્યસની બન્યો, જુગારી અને અનાચારી બન્યો, રૂપ અને લાલસાની પાછળ દોડી દોડીને પશુ બન્યો. આજે હું ચોરી કરી શકું છું, ખરાબ નજર નાખી શકું છું, નીચ અને અધમ કામ હસીને કરી શકું છું, અંતરાત્મા મને હવે ડંખતો નથી. પણ આજે આ બે આકૃતિઓ જોતાં હું જુડાસ છું તે જ હું ઈશુ હતો તેનો ખ્યાલ આવે છે.

"ઇશુ જુડાસ કેમ બની શકે છે અને જુડાસ ઈશુ કેમ બની શકે છે એ જ જોયા કરું છું, બીજું કાંઈ નહિ. મારું જ તત્ત્વ મને કેમ નીચ બનાવી શકે છે અને નીચે લાવી શકે છે અને મારું તત્ત્વ મને કેમ ઊર્ધ્વગામી બનાવી ઉપર લાવી શકે છે એ બેનો જેમ જેમ વિચાર કરતો જાઉં છું તેમ તેમ મારું હૃદય ભરાઈ આવે છે, પશ્ચાત્તાપથી હું બળી જાઉં છું."

માઇકલે કહ્યું: મારો શ્રમ આજે સફળ થયો છે. મેં તો માત્ર પથ્થરમાં આકૃતિ કંડારી હતી પણ આજે મને તારાથી જીવંત પ્રભુનું દર્શન થયું કે ભગવાન અને શયતાન ક્યાંય નથી, અંદર છે માણસ જ ક્રાઇસ્ટ છે અને માણસ જ જુડાસ છે.

યાદ આવ્યું "The kingdom of Heaven is within you."

સ્વર્ગનું સામ્રાજ્ય બહાર નથી, તારામાં જ છે. તું ધારે તો સ્વર્ગ રચી શકે અને ભૂલે તો જીવનને નરક પણ બનાવી શકે. નરક અને સ્વર્ગ બનાવનાર આ શરીર નહિ, આંખો કે ઇંદ્રિયો નહિ, પણ આપણે ખુદ છીએ.

તમારામાં ઇશ્વર બેઠો છે, શક્તિનો સ્વામી બેઠો છે. ધારો એટલો વિકાસ કરીને ઉપર અને ઉપર જઈ શકો છો, દુનિયાને કાંઈક આપી શકો તેમ છો.

માણસને આ જાગૃતિની જરૂર છે, કે ક્રાંઈસ્ટ પણ મારામાં છે અને રામ પણ મારામાં છે; ભગવાન મહાવીર પણ મારામાં છે અને ભગવાન બુદ્ધ પણ મારામાં છે. જ્યારે હું અહિંસા, સંયમ અને કરુણાભર્યું જીવન જીવું છું ત્યારે હું મહાવીરના પંથે ચાલ્યો જાઉં છું અને જ્યારે હું હિંસા, વિલાસ અને ક્રૂરતાભર્યું જીવન જીવું છું ત્યારે હું ? ગોશાલકના પંથે ચાલ્યો જાઉં છું.

ઉત્તમતા અને અધમતા આ એક દૃષ્ટિ છે, પરિસ્થિતિ છે. આનો પૂર્ણ ખ્યાલ આવતાં આપણામાં જે સ્ફુરણા આવે, સ્ફૂર્તિ જન્મે–હું શા માટે આવો ન બનું? મારી આ શ્રેષ્ઠ શક્તિઓને હું શા માટે બહાર ન લાવું ?

માણસને આવા પ્રેરણાદાયી વિચારો આવતા નથી. તો કહે: હું શું કરીશ? મારાથી શું બની શકશે ? હું નિર્બળ માણસ કરી કરીને શું કરવાનો ?

નિર્બળ વિચારો જીવનમાં કાર્યનો ઉત્સાહ ક્યાંથી લાવે ?

દરિયાની ભીની હવામાં જેમ શેકેલો પાપડ હવાઈ જાય છે તેમ નિર્બળ વિચારોમાં ઉત્સાહ ઠંડો પડી, મરી જાય છે.

તમારામાં એક બળવંત જીવંત તત્ત્વ છે તેનો જે દિવસે તમને અનુભવ થાય તે દિવસે તમે જાગ્યા કહેવાઓ, જ્યાં સુધી આ વિચાર ન જાગે ત્યાં સુધી તમે ઊંઘતા છો.

'અનંત શક્તિઓની શકયતા મારામાં પડી છે', 'હું ધારું તે કરી શકું' આ ખ્યાલ આવ્યો અને નવપ્રભાત થયું.

આજે આત્મા ધારતો નથી, કરવા માટે નિર્ણય કરતો નથી; તંદ્રાને ઉડાડીને એ માર્ગે લાગ્યો નથી એટલે જીવન દુઃખી છે. તંદ્રા ઊડે પછી એને માટે કોઇપણ વસ્તુ અશક્ય નથી.

ઊંઘવું અને જાગવું એ માત્ર આંખો સાથે જ સંબંધ નથી ધરાવતાં, ખરી રીતે તો વિચારો સાથે જ ધરાવે છે. આંખ ખુલ્લી હોવા છતાં ઘણા વિચારોમાં નથી ઊંઘતા ?

બગીચામાં કોયલ અને કાગડો અથડાઇ પડ્યાં, અથડાઇને બે ઝાડ ઉપર જઈને બેઠાં. કાગડાએ "કા, કા" કરીને પોતાના કર્કશ અવાજથી વાતાવરણને કલુષિત કરી નાખ્યું ત્યારે પેલી કોયલ વિચારે છે:

કાગડાને ભૂલથી મારી ચાંચ તો નહિ લાગી હોય ને ? એને શાંતિ આપવા માટે લાવ, મધુર ગીત ગાઉં; મીઠા અવાજથી વાતાવરણને મધુર અને સંગીતમય બનાવું.

ઝાડ નીચે બેઠેલો કવિ વિચારે છે: માણસ કાગડો કે કોયલ ? એ ધારે તે બની શકે. મધુર અવાજથી વાતાવરણને ગુંજતું કરી શકે અને પોતાના કલહભર્યા સ્વભાવથી જયાં જયાં જાય ત્યાં વાતાવરણને ચિંતામય અને બળતરાભર્યું પણ બનાવી શકે.

આ કામ કોણ કરે છે ? ભાગ્યના ઉપર દોષ ન દેશો, કોઇક મને કરાવી રહ્યું છે એમ પણ ન કહેશો. એ કરનાર માણસ પોતે જ છે.

શા માટે મને આવકાર નથી મળતો એ વિચારી માણસે પોતે પોતાની શક્તિઓને વિકસાવવી જોઇએ, પોતાના ચારિત્રને સુંદર બનાવવું જોઇએ અને જીવનમાં કોયલની મધુરતા લાવવી જોઇએ.

ઘણાખરા માણસો જૂની ટેવ પ્રમાણે જ કહેતા હોય છે: હવે શું ફેરફાર થવાનો છે ? જેમ ચાલ્યું તેમ ચાલવા દો. હવે નવી

વસ્તુ આવી શકે તેમ નથી અને જૂની મારાથી કંઇ છૂટે એમ નથી. ઘણું જીવન વહી ગયું ને થોડું રહ્યું છે તે પણ એમને એમ પૂરું થઇ જવા દો.

હું પૂછું, શું સૂકા લાકડાને રંદો મારો તો સુંવાળું ન થાય ? પૉલિશ કરો તો એનામાં ચકચકાટ ન આવે ? અને એનું સુંદર ફરનીચર ન બને ? આપણું જીવન શું સૂકા લાકડાથી પણ ગયું ?

એને વિચારનો અને ચિંતનનો રંદો મારો તો જીવનમાં પરિવર્તન કેમ ન આવે ? અંદરની શક્તિઓનો આવિષ્કાર કેમ ન થાય ?

આ શક્તિઓ અંદર બિરાજમાન છે, બહારથી આવેલી કે લાદેલી નથી. આત્માનો આ મૂળ સ્વભાવ છે. એના અસ્તિત્વમાં આ શક્તિઓનું અસ્તિત્વ છે.

૭

આત્મા દુઃખી નથી, અજ્ઞાની નથી અને પાપી પણ નથી.

જે માને છે કે 'હું પાપી છું' તેની સામે જૈન દર્શને બીજો વિચાર આપ્યો. 'તું પાપી હોઇ શકે જ નહિ. જો તું ખુદ પાપી હોય, તારી બુનિયાદ જો પાપની હોય અને પાપ એ જ તારું જીવન અને સર્જન હોય તો તું પરમાત્મા કેમ બની શકે? જેનો તાણોવાણો પાપનો જ હોય એ કાપડ પાપનું જ હોવું જોઇએ. પણ ના, તારો તાણોવાણો તો દર્શન અને જ્ઞાનનો છે. એટલે પાપ તારાથી પર છે, બહારથી આવીને ભળેલું છે.'

'હું મરી જવાનો' એમ માનનારની સામે બીજું સત્ય આ છે: તું મરતો જ નથી, દુનિયામાં એવું કોઈ જ તત્ત્વ નથી જે તને ખતમ કરી શકે. પ્લેગ, કેન્સર, ટી. બી.; આ બધા રોગ શરીરને થાય છે તને નહીં, આત્માને નહીં.

માટે જ ઘણાને મૂકીને આવીએ, સ્મશાનમાં મૂકીને આવીએ, મરતાં જોઇએ તેમ છતાં ગભરાઇને જીવવાનો વિચાર માંડી નથી વાળતા. હસીને જીવીએ છીએ કારણ કે અંદર બેઠેલું તત્ત્વ કહે છે: ભલે કોઈને બાળી આવ્યો, કબરમાં દાટી આવ્યો, Tower of Silenceમાં મૂકી આવ્યો પણ હું મરતો નથી.

મનુષ્યના જીવનમાં બે જાતની વિચારધારાઓ વહી રહી છે. આંખથી દેખી શકાય છે કે લોકો મરી રહ્યા છે, પણ વ્યક્તિમાં રહેલ આત્માને લાગતું નથી કે હું મરી જવાનો છું.

જો એમ લાગે હું મરી જવાનો છું તો રાતના ઊંઘ જ નહિ આવે.

કોઈને પૈસા ચૂકવવાના હોય, ચેક લખી આપો અને આગલે દિવસે ખબર પડે કે બેંકમાં balance નથી તો આખી રાત ઊંઘ આવે છે?

કોઈ કહે કે તમને ટી. બી. થયો છે તો કેટલો ગભરાટ છૂટે છે? ઊંઘ ઊડી જાય છે. નહિ?

તો, બધાને વિદાય આપીને આવનારો જીવે છે, હસે છે, ખુશીથી જીવે છે. હસે છે, ખુશીથી જીવે છે એનું કારણ એ કે શરીરમાં બેઠેલો જાણે છે કે જગતમાં મૃત્યુ દેખાય છે પણ આત્મામાં અમૃતત્વ પડેલું છે. આ અમૃતત્વની સુષુપ્ત મન (sub-conscious mind)માં રહેલી શ્રદ્ધાને કારણે આત્માને થઈ ગયેલી પ્રતીતિને કારણે જ બીજા મરતા હોવા છતાં પોતે મરી જવાનો છે એમ તે નથી માનતો

ઇલેક્ટ્રિક થાંભલા ઊભા કરતાં પહેલાં ખાડા કરે, પછી થાંભલો મૂકી આસપાસ માટી, કાંકરા, પથરા મૂકી ચાર જણા ભેગા થઈ થાંભલાને ખૂબ જોરજોરથી હલાવે. શા માટે હલાવે? ક્યાંક જરા પણ કાચું, ઢીલું રહી ન જાય, નહિતર રાહદારીના જીવનું જોખમ. હલાવી હલાવીને ખાડો જરાક ઢીલો થાય એટલે વળી પથરા નાખે. કાંકરા ભરે અને ફરી હલાવે. એમ કરતાં કરતાં એવો મજબૂત કરી નાખે કે ચોવીસ જણા હલાવે તોય મચક ન આપે.

એવી જ રીતે ધર્મના થાંભલાને પણ હૈયામાં રોપો. શંકાઓ કરીને, પ્રશ્નો પૂછીને એને હલાવતા જાઓ તમને પૂર્ણ ખાતરી થવી જોઈએ કે હું જે માર્ગે જઈ રહ્યો છું એ માર્ગ સાચો છે—એ જ માર્ગ સાચો છે.

પ્રશ્નોથી માણુસ સાચો ધર્મી બને છે.

જે ધર્મ શંકા કરવાની ના પાડે છે, પ્રશ્નો પૂછવાની મના કરે છે એ તમને અજાણ્યા કૂવામાં ઉતારવાની વાત કરે છે.

શંકા ન કરો અને એમને એમ સ્વીકારી (accept) લો તો જીવનમાં કો'ક એવી પળ આવતાં આંચકો લાગશે, અને શ્રધ્ધાનું તત્ત્વ બહાર નીકળી જશે. તમે ખાલી બની જશો.

શંકા કર્યા વિના, પ્રશ્નો પૂછયા વિના, જાણ્યા વિના, ધર્મને સ્વીકારનાર શું સાચો ધર્મી છે.?

તેજાબમાં મૂકયા વિના, કસોટી ઉપર ચઢાવ્યા વિના, બરાબર જોયા વિના જે સોનું લે છે તેને કોઈ પૂછે: આ સોનું છે? એ ઉપરથી કદાચ 'હા' કહેશે પણ તરત મનમાં શંકા ઊભી થવાની. 'મેં બરાબર તપાસ તો કરાવી નથી, કદાચ રોલ્ડગોલ્ડ પણ હોય.

પણ જે બરાબર તપાસ કરીને લે છે એ તો છાતી ઠોકીને કહે છે: મેં બરાબર તપાસ કરીને લીધું છે, એમાં મને જરાય શંકા નથી.

પ્રશ્ન થાય કે જો હું આનંદમય છું, અમર છું તો આજે હું દુઃખી કેમ છું અને મરી કેમ જઇશ? એનું કારણ જડનો સંગ છે. પુદ્ગલની ભાગીદારી છે.

સોનાની ખાણમાં સોનું અને ધૂળ સાથે મળેલાં છે, અનાદિ-કાળથી સાથે જ છે, છતાં સોનું સોનું છે અને ધૂળ ધૂળ છે. સાથે રહેવા છતાં પોતાના મૂળ સ્વભાવને ગુમાવ્યો નથી. બન્નેનું વ્યક્તિત્વ ભિન્ન છે.

હા, પુરુષાર્થથી ધૂળને ધોઈ ધોઇને શુધ્ધ કરતાં ધૂળ એક બાજુ જાય છે અને સોનું હાથમાં આવે છે. આ આખો એક પુરુષાર્થનો ક્રિયા પ્રયોગ છે.

એવી રીતે આપણો આત્મા અનાદિકાળ (infinite time થી જડની સાથે, કર્મની સાથે, વાસના અને વૃત્તિઓની સાથે મળેલો છે છતાં તેણે પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ નથી ગુમાવ્યું. એનામાં રહેલા ગુણો (quality)ને બહાર કાઢવા હોય, એનું શુદ્ધ સ્વરૂપ પ્રગટાવવું હોય તો પ્રયત્ન કરીને એની સાથેનું જડ તત્ત્વ દૂર કરવું પડશે.

શુદ્ધ કર્યા વિના ખાણમાંથી નીકળેલી ધૂળને સોનાના ભાવે વેચવા બેસે તો કોણ લે?

માટે પુરુષાર્થ તો કરવો જ રહ્યો.

એક ફિલસૂફે જીવનની ચાર ભૂમિકા આપી છે.

ભૂલ કરે તે માનવ, ભૂલ કરીને હસે તે દાનવ, ભૂલ કરીને પશ્ચાત્તાપ કરે તે સજ્જન અને ભૂલમાંથી પ્રયત્નપૂર્વક કૂદકો મારી બહાર આવે તે મહામાનવ.

ભૂલ કરવી એ માનવીનો સ્વભાવ છે. એ ગમે તેટલો સાવધાન હોય, જાગ્રતિ રાખતો હોય, છતાં ક્યાંક તો અકસ્માત થવાનો.

એટલે જ વીમા કંપનીઓ જીવી રહી છે. વીમા કંપનીઓ શું બતાવે છે? માણસનું perfection ગમે તેટલું હોવા છતાં પણ એના જીવનમાં ભૂલનો સંભવ છે.

જીવનદૃષ્ટા ભૂલોને કરુણાભરી નજરથી જુએ છે: બિચારો માનવ છે, ભૂલ થઈ ગઈ છે, એને મારે હાથ આપીને ઉઠાવવાનો છે.

કીચડ ખૂબ થયો હોય, જમીન લીસી હોય ત્યારે પહેલવાન પણ લપસી જાય.

નબળી પળોમાં સારા સારા માણસો પ્રલોભનમાં આવી જાય છે. એ પ્રલોભન પછી પૈસાનું હોય કે સત્તાનું, પદવીનું હોય કે પશુતાનું. પતનની પળમાં માણસ નિર્બળ અને નિઃસત્ત્વ હોય છે.

Plato એ પ્રશ્ન કર્યો: માણસ પ્રામાણિક છે પણ તે ક્યાં સુધી? જ્યાં સુધી તમે એની કિંમત ચૂકવતા નથી, ત્યાં સુધી .તમે કિંમત ચૂકવો પછી પ્રામાણિક કેટલો પ્રામાણિક છે તે જુઓ.

મોટા હોદ્દા પર રહેલાને પાંચ હજાર રૂપિયા આપો, એ લાંચ નહિ લે. કહે: ઉડાવી જાઓ, મને લાંચ આપવા આવ્યા છો? પટાવાળાને બોલાવે, પોલીસ પાસે પકડાવે, છાપાંમાં આવે, જગજાહેર કરે. 'કેવો પ્રામાણિક અમલદાર! પાંચ હજારને ઠોકર મારી.'

બીજો જઈને પચાસની ઓફર કરે. પેલો કહે: તું મને જાણતો નથી? સી. આઇ. ડી. ને બોલાવી પકડાવે.

હજી એની પ્રામાણિકતાની કિંમત (value) ચૂકવી નથી. જરા આગળ વધો.

કોઇ પાંચ લાખ રૂપિયા લઈને આવે અને કહે: 'સાહેબ તમારો પગાર કેટલો?' 'બે હજાર.' 'વારુ, તમે નોકરી કરીને કેટલા વર્ષમાં પાંચ લાખ રૂપિયા મેળવી શકશો? વિચાર કરી જુઓ, વિચાર કરો, બીજું કાંઇ નહિ.'

પાંચ લાખ રૂપિયાનું વજન વધતું જાય. પ્રામાણિકતાનું પલ્લું ઉપર જતું દેખાય. બિચારી પ્રામાણિકતા વેચાઈ જાય.

પાંચ હજારમાં નહિ, પચાસ હજારમાં નહિ, પાંચ લાખ પ્રામાણિકતાને ખરીદી શકે!

'માણસ પ્રામાણિક છે' એનો અર્થ એ કે એની પ્રામા-

ણિકતાનાં મૂલ્ય ચૂકવનારો હજી સુધી એને મળ્યો નથી. મૂલ્ય ચૂકવનાર મળે છતાં પણ ન ચળે તો માનવું કે એને આત્માના અસ્તિત્વની પ્રતીતિ થઈ છે.

સામાન્ય રીતે તમે બહુ સારા છો પણ તમારા સારપની બરાબરીમાં ઊભી રહી શકે એવી કોઈ વસ્તુ જીવનમાં નથી આવી એટલે સારા!

તમારી પાસે લાખ રૂપિયાનો હીરો હોય અને એને કોઇ દસ હજારની ઓફર (offer) કરે તો શું કહો? 'ચાલ ચાલ, હવે ઊભો થઈ જા.' આગળ વધતાં નવાણું હજારની ઓફર કરે ત્યારે પણ તમે કહી શકો: મને નવાણું હજારની offer હતી પણ મેં એને ઊભો રહેવા ન દીધો.

પણ એમ કદી બને કે 'સવા લાખ આપવા આવ્યો હતો તેમ છતાં પણ મેં ના પાડી!'

પ્રલોભન ઓળંગીને બહાર આવે ત્યારે જાણવું કે એનામાં આત્મશ્રદ્ધાનો અને પરમપ્રકાશનો દીવો પ્રજવલી રહ્યો છે. એની આસપાસ હવે ગમે એવાં મૂલ્યો આવે પણ પોતાની નીતિ અને પ્રામાણિકતાને એ છોડવા તૈયાર નથી.

ભૂલ કરે તે માનવ. પણ ભૂલ કરીને જે હસે છે તે દાનવ છે. મનમાં રાજી થાય: "કેવી કુશળતાથી મેં ભૂલ કરી કે કોઈને ખબર પણ ન પડી."

ઘરાક પાસેથી પૂરા પૈસા લે પણ કાપડ એવું પધરાવે કે ધુએ ત્યારે રૂએ.

विकार हेतौ सति विक्रियन्ते येषां न चेतांसि त एव धीराः —कालिदास

*વિકાર ઉપજે એવી પરિસ્થિતિમાં પણ જેમનાં ચિત્ત અવિકારી રહે તે જ ધીર પુરુષ.

પૈસાના પ્રલોભન ખાતર હલકી વસ્તુ પધરાવવા બદલ પશ્ચાત્તાપ નથી પણ અભિમાનથી છાતી ફુલાવે છે.

ત્રીજો પણ પ્રકાર છે, જે ભૂલ કરીને રડે છે, મનમાં પશ્ચાત્તાપ કરે છે. મેં આ બહુ ખોટું કર્યું એવો આતપ અનુભવે તે સજ્જન છે.

દુર્ગુણમાંથી બહાર આવી શકતો નથી પણ આવવાની તાલાવેલી છે. મનમાં દુઃખી છે, પોતાની નબળાઈઓ માટે જાગૃત છે, ફરીથી નબળાઈઓને વશ થઈને ભૂલ ન થાય એ માટે સજાગ છે પણ નબળી પળોમાં નબળાઇઓ સામે ઝૂકી જાય છે. મનમાં રહેલ નિર્બળતાના તત્ત્વનો સામનો કરી શકતો નથી.

એ નમે છે, પડી જાય છે પણ એના મનના ઊંડાણમાં દુઃખ છે.

ભલે પડી ગયો, પણ પડી રહેવાનું નથી, ઊભા થઇ જવાનું છે. ઊભો નહિ થાઉં તો પાછળથી આવતી ગાડીઓ નીચે ચગદાઇ જઈશ.

પણ જે ભૂલમાંથી છલંગ મારીને બહાર નીકળી આવે છે એ તો મહામાનવ છે. આવા માનવોથી માનવજાત ઊજળી છે અને એમનામાંથી પ્રેરણા મેળવે છે.

કેનેડાના બગીચામાં ઝાડ નીચે એક યુવાન બેઠા બેઠા વિચારી રહ્યો હતો: જુગારી મિત્રો મળ્યા, ભણવામાં મન ન લાગ્યું. માબાપે જે થોડા પૈસા મોકલ્યા તે મેં વ્યસનોમાં એમના એમ ખરચી નાખ્યા. હવે આમાંથી હું બહાર કેવી રીતે આવું ? જીવનથી થાકેલો યુવાન વિચાર કરતાં કરતાં આડો પડ્યો. પાસે નાની–શી સુવાકયોની એક ચોપડી પડી હતી. તેનુ પાનું ખોલ્યું. વાકય વાંચ્યું:

"દૂરના અસ્પષ્ટ ભવિષ્ય તરફ નજર કરી અફસોસ કરે છે એનાં કરતાં નજીકના સ્પષ્ટ પદાર્થો સામે નજર કરીને આજની પળમાં ઊભો થઈ જા. અત્યારની આ પળમાં જ ઊભો થઈ જા. જે પળ તારા હાથમાં છે એ. પળને તું ધન્ય બનાવ."

યુવાને વાંચ્યું અને જાગૃત થયો. ઊભો થઇ ગયો અને કામે લાગ્યો. ધીમેધીમે આગળ વધતો વધતો એ ડૉકટર થયો. ઇંગ્લેન્ડમાં સંસ્થાઓ સ્થાપી અને સરનો એને ઈલ્કાબ મળ્યો. સર વિલિયમ વોલ્સ્કરનું જીવનચરિત્ર લખાયું.

વ્યસનોમાં પડેલો, બદીઓમાં ડૂબેલો, જુગારીઓમાં સમય પસાર કરનારો પચીસ વર્ષનો આ જુવાન એક વાકય વાંચી ઊભો થઇ ગયો. એવું જીવન જીવ્યો કે એવી ૧૪૬૪ પાનાંની જીવન-કથા લખવામાં આવી. જુગારીના જીવન માટે આટલાં બધાં પાનાં રોકયાં! એ કેવું જીવન જીવ્યો? માત્ર વર્તમાનને જોઇને આગળ વધતો ગયો. મનમાં એક જ સંકલ્પ કર્યો: જેમ બને તેમ હું વર્તમાનને, આજને સરસ રીતે જીવીશ.

માણસો ભવિષ્યનું આયોજન (planning) કરે છે પણ વર્તમાનની ક્ષણોને નબળાઇઓથી ભરીને બેઠા છે. ભવિષ્ય માટે વિચારો બહુ સારા પણ વર્તમાનની વાતો કરો તો કહે: અત્યારે જવા દો; ભવિષ્યમાં અમારે ઘણાં ઘણાં સારાં કામ કરવાં છે.

ઘડપણમાં અમારે આ જ કરવાનું છે. ધનપતિઓ શું કહે: અમારા થોડા problems પ્રશ્નો છે એ પતી જાય પછી દાન કરવું છે, આરામ લેવો છે, સેવા કરવી છે. પૂછો: અત્યારે? કહે: નહિ, હમણાં નહિ, ભવિષ્યમાં.

પાગલને ખબર નથી કે ભવિષ્યની પળ કોના હાથમાં છે? માણસના હાથમાં છે તે કરી શકતો નથી, કરતો નથી,

અને જે નથી તે માટે ભાવિનાં સ્વપ્નાં સેવે છે, ઊંઘમાં જ જીવન પૂરું કરે છે.

આજની પળ ગઇકાલે ભવિષ્ય હતી અને એ જ પળ આવતી કાલે ભૂતકાળ થઈ જવાની છે. ગઇ કાલે જે ભવિષ્ય હતી તે પળ અને આવતી કાલે ભૂતકાળ થનારી પળ અત્યારે તો તમારા હાથમાં જ છે,

આ પળ જો ઉપયોગમાં ન લો, આ પળમાં જો સાવધાન ન બનો, આ પળમાં નબળાઈમાંથી બહાર ન આવી શકો તો માની લેજો કે તમે કદી પણ બહાર નથી આવવાના.

જે અત્યારે નથી આવતો એ કદી નથી આવી શકતો.

અત્યારે એને વિચાર આવ્યો, એનામાં બળ છે, સારા વિચાર કરી શકે છે અને મનમાં અભીપ્સા જાગી છે એ સમયે બહાર ન આવે તો ફરી તો એ કયારે આવવાનો છે?

જે પળ સામે આવીને ઊભી છે એ સ્પષ્ટ છે, તમારા હાથમાં છે. ભવિષ્ય ગમે તેટલું સુંદર હોય પણ અસ્પષ્ટ છે, હજી તમારા હાથમાં નથી.

ખલાસ થઈ ગયેલા, દટાઈ ગયેલા ભૂતકાળને યાદ કરીને પણ હવે શું કરવાનું છે?

અત્યારે રેશન મગાતું હોય ત્યાં કરોડપતિ પિતાને યાદ કરે શું વળે? અત્યારે તો રેશનની દુકાને લાઇનમાં ઊભો રહીશ તો રેશન મળવાનું. પિતા કરોડપતિ હતા એ યાદ કરીને ઘરે બેસવાથી રેશન નહિ મળે. જે દટાઈ ગયું છે એને દટાઇ જવા દો.

પણ જે વર્તમાન છે, જે જીવંત છે એ આપણા હાથમાં

છે. વર્તમાનમાં જે બનવું હોય એ બની શકીએ તેમ છે કારણ કે એનામાં ચેતના ભરેલી છે.

જે કાંઈ કાર્ય કરવાનું છે એમાં હૃદય રેડવું પડે છે. જેમાં હૃદય રેડો છો એ જીવનમાં અમૃત બની જાય છે.

આજથી જ આ નિર્ણય થવો જોઈએ; 'આજને હું સુંદર બનાવું, હું મારી આજને બગડવા નહિ દઉં. કોઈ ખરાબ બોલશે તો હું એ કચરાને કાનમાં નહિ જવા દઉં, મારી સામે ગરમ થશે તો એની સામે હું ઠંડી તાકાતથી કામ લઇશ, મારી નિંદા કરશે તો સમજીશ કે ગામમાં ગટરો ઘણી છે, આવીને લૂંટી જશે તો બચાવ જરૂર કરીશ પણ હું મારા મનથી દુઃખી નહિ થાઉં.'

Live by day. એક એક દિવસથી જીવો. કહો: આજનો દિવસ મારે દુઃખી નથી બનાવવો. દુઃખ નથી, ત્યાં કર્મબંધન ક્યાંથી?

આર્તધ્યાન અને રૌદ્રધ્યાન એ ખરાબ અને ચિંતાજનક વિચારો છે. આ વિચારો આત્માના કાચને ધૂંધળો અને મેલો કરે છે.

બીજું કંઇ નહિ તો એટલું તો કરો કે 'આજ તો મારે મારા આત્માનો કાચ ચોખ્ખો રાખવો છે.' ખરાબ વિચાર નહિ, નબળા વિચાર નહિ, કોઇ પ્રત્યે ધિક્કાર નહિ ને ઇર્ષ્યા પણ નહિ.

આ રીતે તમારું અંદરનું તત્ત્વ એક દિવસ માટે સુંદર બનવાનું.

પછી તો ટેવ પડવાની, આજે સારા રહો તો કાલે પણ સારા રહેવાના. કાલે સારા તો પછી પરમ દિવસે પણ સારા. સારા રહેવાની ટેવ પડી જાય,

એક પિતાએ દીકરાને ખૂબ ભણાવ્યો, સરસ રીતે તૈયાર કર્યો. એક દિવસ અભ્યાસખંડમાં બેઠા બેઠા દીકરો વિચારે છે: જીવનમાં કેટલી વસ્તુઓ ઉપયોગી છે, એનું લિસ્ટ બનાવું.

પહેલાં લખ્યું તંદુરસ્તી - શરીર સ્વસ્થ જોઈએ. પણ કોઈ ચાહનાર ન હોય તો તંદુરસ્તીભર્યું જીવન પણ શુષ્ક લાગે. માટે પ્રેમ પણ જોઈએ.

માણસ પ્રિયજનને ચાહતો હોય પણ ખાવાનું ન હોય, રહેવા મકાન ન હોય તો માણસ દુઃખી થઈ જાય, આનંદ ઊડી જાય માટે સંપત્તિ પણ જોઇએ. સંપત્તિ હોય પણ જીવનની ગતાગમ ન હોય તો પશુ જેવો લાગે માટે આવડત જોઇએ.

આવડત હોય પણ શક્તિ ન હોય તો નમાલામાં ખપે એટલે થોડી શકિત પણ હોવી જોઈએ. એકલી શકિતથી ઘરમાં સુખ કયાંથી? એટલે સારાં છોકરાંઓ પણ જોઇએ. આ બધું હોય પણ ગામમાં કોઈ જાણે નહિ કે પૂછે નહિ એટલે આ બધાની સાથે કીર્તિ પણ હોવી જોઇએ.

હવે વધારે આમાં કાંઇ ઉમેરી શકાય તેમ નથી. જીવનની અનિવાર્ય જરૂરિયાતો આટલી જ છે.

મનમાં વિચાર્યું: જીવન અંગે મારી સમજદારી કેવી સુંદર અને ઉચ્ચ છે, તે લાવ હું મારા પિતાજીને બતાવું. પૂછું: હવે આમાં કાંઈ ઉમેરવા જેવું છે?

લિસ્ટ લઇને છાતી ફુલાવતો ફુલાવતો એ પિતા પાસે આવ્યો. લિસ્ટ આપ્યું, પૂછ્યું: પિતાજી દુનિયામાં આ સિવાય બીજી કોઈ વસ્તુ મેળવવાની બાકી છે?

પિતાજી લિસ્ટ જોઈ ગયા. "બરાબર છે, પણ...!"

હોંશિયાર દીકરો વિચાર કરવા લાગ્યો.

પિતાએ કહ્યું : "બેટા, ધ્યાન રાખજે. હું જે કહું છું એ બે શબ્દો ન હોય તો આ બધું ય નકામું છે, આ ફેંકી દેવાનું છે."

"ફેંકી દેવાનું ? બધું ફેંકી દેવાનું ?"

"હા, બધું ફેંકી દેવાનું"

"પિતાજી, એવી કઇ વસ્તુ છે ?"

એક જ વાક્ય લખ્યું : મનની શાંતિ !

"મનમાં શાંતિ ન હોય તો તગડા માણસો હેરાન થઇને ફરતા હોય છે..મગજમાં શાંતિ ન હોય તો પ્રિયજન પણ ન ગમે. પૈસો હોય પણ શાંતિ ન હોય તો એ રઘવાયો થઇને ફર્યા કરે. શાંતિ વગરની આવડત પણ શું કામ આવે ?"

"સત્તા ગમે તેટલી હોય પણ એની સામે એને ઉથલાવી પાડવાના પ્રપંચો ચાલતા હોય તો એ સત્તા, એ હોદ્દો એને શાંતિ આપે ખરાં ? આખી દુનિયામાં કીર્તિ હોય પણ મનમાં શાંતિ ન હોય તો વિશ્વવ્યાપી કીર્તિ પણ સુખ નથી આપતી !"

"બેટા, તું દેશ અને પરદેશમાં ભણ્યો, હું નથી ભણ્યો, પણ આટલું કહેવા માગું છું : "બધું લખ પણ પહેલાં મનની શાંતિ (peace of mind) લખ. બધું જોઇએ એ બરાબર પણ બધા પહેલાં મનની શાંતિ જોઇએ. મનની શાંતિ હોય તો આ બધું કામ લાગે. એ ન હોય તો આ બધું કાંઈ જ કામ ન લાગે."

વાત સાચી છે, મુદ્દાની વાત જ રહી ગઈ.

સીવતા પહેલાં ગાંઠ વાળવાનું ભૂલી જાય તો આખું સીવેલું નીકળી જ જાય. દરજીનો દીકરો પહેલાં શું શીખે? પહેલાં ગાંઠ વાળે, પછી સીવે.

એમ જીવનમાં બધું મળે પણ મનની શાંતિ ન હોય તો બધું હોવા છતાં પણ એ સુખેથી જીવી શકતો નથી.

વાસનાઓ, વૃત્તિઓ અને વિકારોને લીધે મનની શાંતિ ડહોળાઇ જાય છે.

જીવનની યાત્રા મનની શાંતિ મેળવવા માંટે જ છે ને? આત્માને કર્મમાંથી મુક્ત કરવા માટે જ આ વિચારમાળા છે ને?

૮

સ્ટીમરના કૅપ્તાને જાહેર કર્યું: “ સ્ટીમર ઉપડી રહી છે, જેને બેસવું હોય તે બેસી જાય. ” બંદર ઉપર ઊભેલા મુસાફરો બેસવા ગયા ત્યાં એકે પ્રશ્ન પૂછ્યો : “ આ સ્ટીમર કયા બંદરે જઇ રહી છે ? ”

કૅપ્તાને કહ્યું : આવી પાગલ જેવી વાતો શું કરો છો ? સ્ટીમર ક્યાં જવાની છે એ જાણવાની શી જરૂર ? તમે તમારે બેસી જાઓ. જ્યાં જવાશે ત્યાં જઇશું, પહોંચાશે તો પહોંચીશું, ડૂબશે તો મરી જઈશું. જેને બેસવું હોય એને માટે સ્ટીમર તૈયાર છે. ક્યાં જવાનું છે એ તો મને પણ ખબર નથી.”

આ સ્ટીમર બધી જ સગવડો વાળી છે, એમાં ઍરકન્ડીશન પણ છે, અરે ! મફત બેસવા મળે તેમ છે છતાં એમાં મુસાફરી કરવા કોણ તયાર થશે ? સહુ કહેશે : “કૅપ્તાનને જ ખબર નથી કે આ સ્ટીમર હું કયા બંદરે લઈ જવાનો છું તો એમાં કયો મૂર્ખ બેસવા તૈયાર થશે ? ”

હું પણ ભવના મુસાફરને એ જ પૂછું છું : “ તું ક્યાં જવાનો છે ? ડિગ્રીઓ મેળવી રહ્યો છે, પૈસા ભેગા કરી રહ્યો છે, મોટાં મોટાં તોતિંગ મકાનો બાંધી રહ્યો છે, રોજ નવી નવી શોધખોળ કરી રહ્યો છે, દિવસ – રાત દોડાદોડ કરી રહ્યો છે; તું આ બધું કરી રહ્યો છે પણ કહે તો, તારી આ સ્ટીમર કયા બંદર તરફ જઇ રહી છે ? ”

ક્યાં પહોંચવાનું છે એ ખબર નથી તેમ છતાં મુસાફરી ચાલુ છે, ખડકોની વચ્ચે થઈને, મોટાં મોજાઓ અને તોફાનોની વચ્ચે ચાલી જ જાય છે. એનો કપ્તાન કેવો ગાફેલ છે! પ્રમાદમાં કેવો ચકચૂર છે! કહે છે: "જ્યાં જાય ત્યાં જવા દો. કોઈ બંદર મળી જાય તો ઠીક છે. નહિ મળે તો કોઈ ખડકની સાથે અથડાઈને યાત્રા પૂરી કરીશું. ભગવાન કરશે તે ખરું; ઈશ્વર-ઈચ્છા બલિયસિ, તકદીરમાં લખ્યું હશે તે થશે."

ભગવાન જેમ કરશે તેમ જ જો કરવાનું હોય તો પછી તું શું કરવાનો? તો કહે: "હું તો જે ગોરખધંધા કરી રહ્યો છું, અસત્ય બોલી રહ્યો છું, લોકોને શીશામાં ઉતારી રહ્યો છું; સાચા-ખોટાં કરી, બનાવટ કરી પૈસા ભેગા કરી રહ્યો છું એ જ કરવાનો." "તારા જીવનનું શું?' તો પાછો કહેશે: "ભગવાન જાણે."

આ નાદાન કપ્તાન આટલેથી નથી અટકતો. કહે છે: ભગવાને જે રીતે ગોઠવ્યું હશે એ પ્રમાણે થશે. વિધિના લેખો તો કંઈ બદલાતા હશે?" જાણે, વિધિના હાથમાં બધું છે અને માણસના હાથમાં કાંઈ નહિ! માણસ પોતાને કેવો અર્થહીન માનતો થઈ ગયો છે!

સાવ ઘસાઈ ગયેલાં, નિર્બળ વાકયો બોલતાં બોલતાં માણસ પોતાનો પુરુષાર્થ ગુમાવી બેસે છે, બલહીન બની જાય છે.

જીવનયાત્રા જો આ રીતે જ પૂરી કરવાની હોય, નિરાશાનાં વાકયો જ જો બોલવાનાં હોય તો જેને શસ્ત્રો છેદી શકતાં નથી, પાણી ભીજવી શકતું નથી, પવન સૂકવી શકતો નથી અને પાવક બાળી શકતો નથી એવા અંદર બેઠેલા જયોતિ સ્વરૂપ આત્માની શકિતનો કોઈ અર્થ જ નથી!

આનંદમય, સુખમય, શાશ્વતમય એવો સમર્થ કપ્તાન

તમારામાં હોવા છતાં શું તમે એમ જ કહ્યા કરશો કે ભગવાન કરે તે ખરું, તકદીરમાં લખેલું તે કાંઇ હવે બદલાવાનું છે?

સંસારની બાબતમાં બદલાવી શકો અને આત્માની બાબતમાં કાંઈ નહિ? માલ આપવાનો સોદો કર્યો હોય અને ભાવ વધી જાય તો તમે કરારમાંથી કેવા છટકી જાઓ છો? વાત કેવી બદલી નાખો છો? વચન આપ્યું હોય તો પણ શું કહો? એ તો અમસ્તી વાત જ હતી, વચન ક્યાં હતું?

જ્યાં અનુકૂળ ન પડે, ફાયદામાં ન હોય ત્યાં બદલાય પણ જીવનની યાત્રામાં પુરુષાર્થ વડે સુકાન ન બદલાય? માત્ર નિરાશા અને નિરુત્સાહ.

આમ કેમ ચાલશે?

નિરાશા સામે આશાભરી દૃષ્ટિ કેળવો, જીવંત વિચાર મૂકો, પ્રણાલિકાઓને પડતી મૂકી મૂળ સિદ્ધાંતને પકડો.

તારા જીવનનું નિર્માણ કોઈ બીજી વ્યક્તિના હાથમાં છે જ નહિ. તું જ તારો નિર્માતા છે, તું જ તારો ઘડવૈયો છે.

Man is himself responsible for his own fortunes. પોતાના કાર્યોની જવાબદારી પોતાની જ છે. બીજાઓ તો માત્ર નિમિત્ત જ બને છે.

માટે હવે જાગૃતિ અને જવાબદારીની દોર હાથમાં લેવાની છે. જે ઘડીએ આ સમજાઇ જશે, પછી તમે જ કહેશો: "મારા જીવનને ખરાબ કરનારો જો હોઉં તો હું છું, તો સારો કરનારો શા માટે ન બનું? હું બીજાને શા માટે દોષ દઉં? મેં મારી જાતને એવા સંજોગોમાં મૂકી તો એ સંજોગોના કારણે હું નિમ્ન કોટિમાં ચાલ્યો ગયો. તો હવે, હું મારી જાતને એમાંથી ઉઠાવીને ઊંચે કેમ ન લાવું?"

પ્રભુ પાસે પૈસા નહિ, સંતાનો નહિ, આયુષ્ય નહિ પણ પ્રકાશની માગણી કરો.

કહો કે મને માત્ર પ્રકાશ આપ. પ્રકાશ હશે તો રસ્તો દેખાશે.

કો'ક સાધકે કહેલું: "હે પ્રભુ! બીજું કાંઇ નહિ, પણ થોડા થોડા દિવસે મને દુઃખ મળતું રહે એટલું તું જોતો રહેજે. દુઃખનો તાપ અભિમાનના હિમાચલને ઓગાળી નાખે તો હું સરિતા બનીને તારા ચરણોને ધોવા દોડી આવું."

અહંકારના હિમાચલને ગાળનાર દુઃખની ઉષ્મા છે પણ જ્ઞાન તો એ અહંકારના હિમાલયનું અસ્તિત્વ જ મિટાવી દે છે.

દુઃખ સહન કરવાની શક્તિ જ રહી નથી. જરાક દુઃખ આવે અને તરત ઊંઘની ગોળીઓ (tranquiliser) લે, મનમાં મૂંઝવણ ઊભી થાય તો એને ઉકેલવાને બદલે ભૂલવા શરાબ લે.

થોડીકવાર ભ્રમની ગુલાબી દુનિયામાં ફરી આવે, સ્વપ્નોની દુનિયામાં વિચરે, સૂઇ જાય. સવાર પડે, ભારે આંખ ખોલે ત્યારે એ જ મૂંઝવણ ડોકિયાં કરે. ભૂલવાનો પ્રયત્ન કર્યો પણ ભૂલી નથી શકયો થોડીકવાર માટે હકીકત જરા દૂર ધકેલી શકયો પણ એને મટાડી ન શકયો.

તમારે ભૂલવું છે કે મિટાવવું છે? શાંતિથી બેસીને કેમ ન વિચારો: 'દુઃખનું કારણ કોણ? દુઃખ કેમ આવ્યું? ક્યાંથી આવ્યું?'

શુદ્ધ સોનું ધૂળ સાથે મળી ગયું તેમ નિર્મળ, પારદર્શક આત્મા કર્મ સાથે બંધાયો.

આખું વિશ્વ પુદ્ગળોનાં ઝીણાં પરમાણુઓથી ભરેલું છે.

આંખો જેને જોવા માટે સમર્થ નથી એવાં અબજો અણુઓ નજર સમક્ષ દોડી રહ્યાં છે. એને જોવા સૂક્ષ્મદર્શક કાચ (magnifying glass)ની મદદ લેવી પડે છે. તેમ છતાં એ સૂક્ષ્મ પરમાણુઓ દષ્ટિના અવલોકનના વ્યાપારમાં અવરોધક નથી બનતાં. વચ્ચે અનંત પરમાણુઓ હોવા છતાં માણસ એકબીજાને જોઇ શકે છે.

તમારા કોમળ, ઊજળા અને શ્વેત દેખાતા હાથ ઉપર પણ રોગનાં અસંખ્ય જંતુઓ છે, અણુઓ છે. માટે જ ચિકિત્સકો હાથ ચોખ્ખા રાખે છે, એમનાં હથિયારોને જંતુરહિત (sterilize) કરે છે.

જીવો અને પુદ્ગળોના પરમાણુઓનું મિશ્રણ એનું નામ તે વિશ્વ.

કર્મ શું ચીજ છે? તમે જે કામ કરો છો એ કર્મ નથી, એ તો કાર્ય છે. તમારી સારી અને ખરાબ પ્રવૃત્તિઓનું પરિણામ (result) એ કર્મ. તમે વિચાર કરતા હો ત્યારે એ વિચારની પ્રક્રિયા (process) સાથે તમારા આત્મામાં કર્મ-બંધન ચાલ્યા જ કરે છે.

માણસ જે જાતના વિચારો કરે છે એ જાતની અસર (effect) એના શરીરમાં થાય છે ને? મારવાની વૃત્તિ જાગે તો ક્રોધ આવે, લોહી ગરમ થાય, દાંત પીસવા માંડે અને એને અનુરૂપ હાથની ચેષ્ટા પણ થાય.

તેવી જ રીતે જીવનની શાંત પળોમાં ભૂતકાળનું મધુર સ્મરણ તાજું થતાં એકલા એકલા જ મલકાઇ જવાય, હોઠો ઉપર આછું આછું હાસ્ય ચમકી જાય એ પળે સ્વજન કે મિત્ર આવી ચઢે. પૂછે: "કેમ એકલા એકલા જ હસો છો?"

તમે કહો: "હું ક્યાં હસું છું?" પણ મનમાં જે વિચારો ચાલે છે એનું પ્રતિબિંબ (reflection) આંખોમાં, હોઠો ઉપર અને સારા ય ચહેરા ઉપર આવ્યા વિના રહેતું નથી.

જે અંદરથી ઘવાયો હોય, જેનું અપમાન થયું હોય એને તમે લગ્ન પ્રસંગમાં લઈ જાઓ. બધા હસતા હોય એટલે એ પણ ધક્કો મારીને, પ્રયત્ન કરીને હાસ્યને બહાર લાવવા મથામણ કરે પણ સહજ સ્ફૂર્તિનું મુકત હાસ્ય દોડી નહિ આવે. ધક્કો મારવો પડે, હોઠ પહોળા કરવા પડે. ગાલ ખેંચવા પડે. કહે: તું બહાર આવ. આ હાસ્ય બતલાવવા માટે છે, માણવા માટે નહિ. બહાર છે, અંદર નથી.

ચતુર સમજી જાય છે. પૂછે: "કેમ તમે દુઃખી છો?" કહે: "ના, ના કાંઇ નથી." 'કાંઇ નથી' એમ ભલે કહે પણ એને 'કાંઈક' તો છે જ. માટે તો સહજ સ્ફૂર્તિનું મુક્ત હાસ્ય એ નથી કરી શકતો.

વિચારને લીધે એની પ્રકૃતિમાં પલટો આવે છે.

વિચારોની પ્રક્રિયા ઘણી ઊંડી છે. લોહચુંબક જેવી છે.

લોહચુંબકનો ટુકડો જેમ લોહની ઝીણી રજકણોને ખેંચી લે, અટકાવી દે છે તેવી પ્રક્રિયા વિચારોની છે.

એક ભાઈ મારી પાસે આવ્યા, કહે: મહારાજશ્રી, મેં એવી સિદ્ધિ પ્રાપ્ત કરી છે કે હું હાથ ઊંચો કરું અને આ ઘડિયાળ બંધ થઈ જાય.

એ ભાઇ ઘડિયાળ નજીક ઊભા રહ્યા, અંદર ગયા અને બહાર આવ્યા, અને ઘડિયાળ બંધ થઈ ગયું.

અદ્‌ભુત ચમત્કાર! બેઠેલા બધા એને ઝૂકી પડ્યા.

મેં કહ્યું : "ખિસ્સામાં લોહચુંબક તો લઈને નથી આવ્યા ને?" કહે : "ના, ના." જ્યાં કેડમાં તપાસવાની વાત થઈ ત્યાં પેલા ભાઇએ ચાલતી જ પકડી.

લોહચુંબકે ઘડિયાળના ભાગ (part)ને સ્થગિત કરી દીધું. આ ચમત્કાર.

આજે દુનિયા આવા ચમત્કાર પાછળ, આવા ધુતારુઓ પાછળ દોડી રહી છે. હાથમાંથી રાખ કાઢે તો બધા જોવા દોડે. અરે ભાઈ! ધરતીમાં રાખ ક્યાં ઓછી છે તે હવે અધ્ધરથી રાખ કાઢવાની જરૂર પડી?

જ્યાં ચમત્કાર પાછળની દોટ છે ત્યાં સમજણ ક્યાંથી? ચમત્કાર સમજને જ રોકે છે. ચમત્કાર આવતાં પ્રકાશ, પ્રજ્ઞા અને પુરુષાર્થ ઓછાં થઈ જાય.

ચમત્કાર એ અજ્ઞાનની જ સુધરેલી આવૃત્તિ છે. ચમત્કાર કરનારો અજ્ઞાની છે કે એની પાછળ દોડનારો? ઘણીવાર ભણેલા જેટલા અજ્ઞાની બની દોડે છે એટલા તો અભણ પણ નથી દોડતા.

જેણે વિચાર કરવાની શક્તિ બાજુમાં મૂકી દીધી એ ખલાસ થઇ ગયો.

દુનિયામાં ચમત્કાર જેવું કાંઇ નથી. જે વસ્તુ હોતી નથી, તે કદી આવી શકતી નથી, લાવી શકાતી નથી અને જે લાવે છે એણે એને એવી કળાથી ક્યાંક છુપાવી છે જે તમે જોઇ શકતા નથી. એટલે જ તમે એને દૈવી વસ્તુ કહો છો, અને પછી તો એની પાછળ કલ્પનાની દોર છૂટી જ મૂકો છો.

પ્રજ્ઞાને ચમત્કારથી ખલાસ કરવાની નથી પણ જ્ઞાનથી વધારે વિકસાવવાની છે.

મનની પ્રક્રિયા લોહચુંબક જેવી છે. આત્માની સાક્ષીએ મન વિચાર કરે છે. મન વિચારની જે દિશામાં પડ્યું તે પ્રમાણે રાગ અને દ્વેષ બંધાયાં.

મનમાં ચાલતા રાગ અને દ્વેષ એ જ લોહચુંબક. રાગ અને દ્વેષ થયા, લોહચુંબક આવ્યું અને વિશ્વમાંથી ઝીણા (કર્મરૂપી) પરમાણુઓને સ્વસંચાલિત રીતે (automatically) ખેંચવાનું શરુ થયું. જે પરમાણુઓ ખેંચાઈને અંદર આવ્યા, આત્માને સ્પર્શ્યા અને આત્મા સાથે બંધાતા ગયા એ કર્મ. કર્મ બીજું કાંઈ નથી. સારા અને ખરાબ વિચાર કરીને વિશ્વમાંથી જે પરમાણુઓ (atoms)ને આત્માએ પકડ્યા એ 'કર્મ'.

જયાં સુધી આ કર્મ ખરે નહિ ત્યાં સુધી આત્મા કર્મમાંથી મુક્ત બને નહિ, ત્યાં સુધી એની જ અસરમાં આત્મા અને મનને રહેવું પડે. પણ જેવી એની અસર કાયમ્ માટે નીકળી ગઈ ત્યાં આત્મા સહજ બની ગયો, મૂળ સ્વરૂપને પામી ગયો.

આ કર્મ છે તો જ જન્મ મરણની ઘટમાળ છે.

મનમાં સારા કે ખરાબ જે વિચાર આવે છે, તે એના સજાતીય પરમાણુઓને ખેંચી લાવે છે. સારા વિચારનું ફળ પુણ્ય છે અને ખરાબ વિચારનું ફળ પાપ છે. રાગ અને દ્વેષના લોહચુંબક દ્વારા જેવા સજાતીય પરમાણુઓ પકડાય ત્યાં એને અનુરૂપ જન્મ થાય, રૂપ મળે, આયુષ્ય નક્કી થાય, સ્મૃતિ વધે અને સારુ કે ખરાબ કરવાની શકિત પ્રાપ્ત થાય.

સારા વિચારો કર્યા હોય, એ વિચારોને સુકૃત્યો દ્વારા આકાર આપ્યો હોય તો સુંદર શરીર મળે, તંદુરસ્ત મન મળે, જયાં જાય ત્યાં આવકાર મળે, જીવનમાં આગળ વધવા માટે પ્રેરણા મળે.

પણ મનમાં કોઇને મારવાનો વિચાર કર્યો ત્યાં દ્વેષનો જન્મ થયો. આ દ્વેષનું લોહચુંબક પાપનાં પરમાણુઓને ખેંચવાનું કામ શરુ કરે. પછી તો વિશ્વમાં રહેલાં પાપનાં ખરાબ પરમાણુઓને સંગ્રહે જ જાય. જયાં સુધી દ્વેષ મનને બાળ્યા કરે ત્યાં સુધી એ ખરાબ પરમાણુઓને ખેંચ્યા જ કરે. આ ખરાબ પરમાણુઓ આત્મા સાથે બંધાતા જાય તેમ સારા વિચાર કરવાની, સારાં કાર્યો કરવાની આત્મશક્તિ ધીમે ધીમે ક્ષીણ થતી જાય.

કોઇ પૂછે કે મેં દસ વર્ષ પહેલાં માત્ર દ્વેષ જ નહિ પણ એક વ્યક્તિનું ઘણું જ ખરાબ કરી નાખ્યું હતું, છતાં એ પાપનાં પરમાણુઓ મારા ઉપર હજુ અસર કેમ કરતાં નથી? હું તો આરામથી મોજમજાહ કર્યા કરું છું!

આજના તર્કવાદમાં માણસની સામે આ મોટો પ્રશ્ન ઊભો થાય છે. "જો માણસનો ખરાબ વિચાર ખરાબ પરમાણુઓને પકડે તો એ કર્મબંધનથી એવો માણસ તો વહેલો ખલાસ થઇ જવો જોઇએ, દુ:ખી દુ:ખી થવો જોઈએ. પણ એને બદલે જે પાપ કરે છે, ચોરી કરે છે, જૂઠું બોલે છે, લોકોને ફસાવે છે, જીવતા મારી નાખે છે એ તો દુનિયામાં સન્માન અને સ્થાન ભોગવતો દેખાય છે તેનું શું? શું કર્મરાજાને ત્યાં પણ ન્યાય નથી?" એમ નથી.

મિત્રનું માથું ખૂબ દેખતું હોય ત્યારે તમે એને એનેસીનની ગોળી આપો. જેવો એ ગોળી મોઢામાં નાખે એટલે કહો: હવે તારું માથું ઊતરી જશે." પણ શું તરત જ ઊતરી જાય છે? એ શરીરમાં જઈ પોતાનું કામ શરુ કરે, ધીમેધીમે પંદર મિનિટ, પચિસ મિનિટ પછી આખા શરીરમાં પ્રસરે પછી જ માથાના દુઃખાવાને આરામ (relief) મળે. ગોળી લીધી અને સારું થયું એમ નથી.

વાયડી વસ્તુ ખાધી હોય, વાલ ખાધા હોય અને ખાઇને આરામથી કહે કે જુઓ, મેં વાલ ખાધા, ઉપરથી ઈલાયચી પણ ખાધી, છતાં મારા ઉપર વાલની કોઇ અસર થઈ? ભાઈ! હમણાં અસર નહિ થાય પણ ચાર–છ કલાક જવા દે. ધીમે ધીમે એ જ્યારે તારા શરીરમાં પ્રસરશે, પછી જે વાયુ ઊભો થશે, જે હેરાનગતિ ઊભી થશે તે તું જોજે.

એમ માણુસ જે અશુભ કરે છે એની તરત અસર નથી થતી, એને પણ આત્મપ્રદેશની સાથે મળી વિપાકનો સમય પરિપકવ થવા માટે થોડો સમય લાગે છે. પછી જ એનું પરિણામ (result) જણાય છે.

ઘણીવાર આ જન્મમાં કરેલું કર્મ ધીમેધીમે પ્રસરતાં આવતા જન્મમાં એની અસર જણાય છે.

શું સાંજે સૂતા પહેલાં લીધેલી ઊંઘની ગોળી ઊંઘી ગયા પછી વધારે ઊંઘ નથી આપતી?

હા, કોઇકવાર કર્મ તીવ્ર હોય તો આ ભવમાં પણ એની અસર જણાય.

દરેક કર્મ પોતપોતાની રીતે, પોતાના સ્વભાવ પ્રમાણે વ્યકત થાય છે, ઉદયમાં આવે છે. કોઇને રૂપ મળે તો પૈસો નથી મળતો અને જેને ધનની રાશિ મળે એનાથી રૂપ રિસાઇ જાય છે.

એક યુવાન કરોડપતિને કહેતા સાંભળેલા, 'મારે માથે આ ટાલ પડી ગઇ છે, હવે wig પહેરી પહેરીને થાકી ગયો. જો કોઈ મારે માથે વાળ ઉગાડે તો એક લાખ રૂપિયા આપી દઉં.'

કોઈની પાસે રૂપ છે તો કોઈની પાસે ચાતુર્ય છે; કોઇની

પાસે ધન છે તો કોઇની પાસે બુદ્ધિનો વૈભવ છે; કોઇની પાસે શરીરનું સામર્થ્ય છે તો કોઈની પાસે પ્રજ્ઞાની સ્મૃતિ છે.

આ બધું આમ કેમ? શું ભગવાન પક્ષપાતી (partial) છે? કોઇને રૂપસુંદર બનાવે તો કોઈને કદરૂપો? કોઇને એંશી વર્ષ બક્ષે તો કોઈને ચાલીસ? કોઈને તવંગર બનાવે તો કોઇને રંક?

જે પક્ષપાત કરે એ ભગવાન હોઇ શકે જ નહિ. ભગવાનને પક્ષપાત કેવો?

આપણે જે કર્યું, આપણે જે વાવ્યું તે જ હવે લણવાનું.

શ્રી લાલબહાદુર શાસ્ત્રીની આયુષ્યની દોરી તૂટી તો રશિયાના વૈજ્ઞાનિકો પણ લંબાવી ન શકયા, સાંધી ન શકયા. સંધાવવાનું હોય તો સાંધવાનું નિમિત્ત મળી જાય પણ જો તૂટવાનું જ હોય તો ઉત્તમ નિમિત્ત પણ ન મળે. જીવનની યાત્રા જે દિવસે સમાપ્ત થવાની હતી તે જ દિવસે સમાપ્ત થઇ.

આ કર્મવાદ છે, એની સામે ઈશ્વરવાદ પણ છે. એમાં ઇશ્વર જ વિશ્વનો કર્તાભર્તા મનાય છે. પણ માણસ ઘણો ઉસ્તાદ છે. એ ઇશ્વરવાદમાં માને પણ છે અને નથી પણ માનતો.

સ્વાર્થનાં કામ હોય, પોતાથી થાય એવાં સફળતાનાં કામ હોય ત્યારે ભગવાનને યાદ પણ નથી કરતો. પણ જયાં મુસીબત આવી, દુઃખ તૂટી પડ્યું ત્યાં ઝટ દઇને ભગવાનને લાવીને વચમાં મૂકી દે.

કોઈ પિતાએ હજી સુધી કંકોત્રીમાં એમ નથી લખ્યું કે અમારા પુત્રનાં લગ્ન ભગવાન કરે છે. ના, ત્યાં તો લખે કે "અમારા ચિરંજીવ છગનનાં લગ્ન અમે પૂનમે નક્કી કર્યાં છે."

ભગવાને નહિ. ત્યાં ભગવાનની શી જરૂર? કારણ કે લગ્નોત્સવ છે, શહનાઈઓ વાગવાની છે, મોટાઈ દેખાડવાની છે. વૈભવનું પ્રદર્શન કરવાનું છે, છાતી ફુલાવીને મંડપમાં ફરવાનું છે, 'દીકરાનો બાપ છે ના?'

પણ જ્યારે કોઈ મરી જાય ત્યારે શું લખે? "ભગવાનને ગમ્યું તે ખરું." મરવાની વાત કોણ માથે લે? ન દવા આપનારો માથે લે, ન ઈન્જેકશન આપનારો માથે લે, ન સ્નેહી લે કે ન મિત્ર લે. કોઇ કહેતાં કોઈ ન લે. બધાં એક અવાજે કહે, 'ભગવાનને ગમ્યું તે ખરું.'

જન્મોત્સવમાં, લગનમાં; આરંભ સમારંભમાં પોતાનું નામ અને મૃત્યુ થાય ત્યાં કાળોત્રીમાં બિચારા ભગવાનનું નામ!

કેમ ભાઇ? ભગવાનને આવી રીતે વચ્ચે કેમ લાવો છો? અને તે પણ ખરાબ કામમાં?

મુસીબત આવે; દુઃખ આવે કે આપત્તિ આવે ત્યારે ભગવાન ક્યાં દૂર છે?

પૂછો: "પૈસા કેમ કમાયો?" કહે: "Business Administrationનો special course લીધો હતો, ઘણી હુંશિયારી અને આવડતથી ધંધો કર્યો તો પૈસો આવ્યો." જ્યારે દેવાળું ફૂંકે ત્યારે પૂછો: "દેવાળું કેમ કાઢયું?" કહે: "ભગવાને કઢાવ્યું, હું શું કરું?"

ભગવાનને બોલાવે પણ જરૂર પડે ત્યારે જ.

ભગવાનને યાદ કરો જ છો તો શ્રધ્ધાથી એની ઉપાસના નહિ કરો? પણ માણસને ભગવાનમાં શ્રધ્ધા નથી, જરૂર પૂરતો એનો ઉપયોગ જ કરવો છે. એ તો ભગવાનને પણ છેતરી શકે છે.

Man is a rational animal. માણુસ દરેક વસ્તુને બુદ્ધિથી સિદ્ધ કરી આપવા માગે છે. જે કરે તેને બુદ્ધિથી ન્યાય આપે. જયાં વ્યર્થ તર્કવાદ છે ત્યાં કર્મવાદ કયાંથી ?

પણુ જો કર્મવાદ સમજાય તો મનમાં બીજો જ પ્રશ્ન ઉદ્ભવે.

જો ગઇકાલે ભૂલ કરી, ખરાબ સોબતમાં આવીને કે અજ્ઞાનમાં રહીને કોઇને નુકસાન કર્યું, કર્મ બાંધ્યું તો આ જન્મમાં ભોગવવું પડે. પણુ "ભોગવવું જ પડે" એમ નથી. પશ્ચાત્તાપ અને તપના બળથી એ કર્મને બાળી પણુ શકાય.

કોર્ટમાં કેસ ચાલ્યો અને ગુનેગારને ફાંસીની સજા ફટકારી દેવામાં આવી. પણુ એ શું કોર્ટની છેલ્લી સજા છે ? ના, એની ઉપર વડી અદાલત છે. ત્યાં હારી જાય તો એની ઉપર સુપ્રીમ કોર્ટ છે.

એમ ગયા જન્મમાં જે કર્મ બાધ્યાં એ આત્માની આસપાસ જરૂર બંધાઇ ગયાં. પણુ જો એ સુષુપ્ત (dormant) અવસ્થામાં હોય, હજુ એનો ઉદય ન થયો હોય તો તે અવસ્થાને અબાધાકાળ કહેવામાં આવે છે. એવી અવસ્થામાં તમે જો પ્રયત્ન કરો, જાગી જાઓ, પ્રબળ પુરુષાર્થ કરો તો એ પાપનો ઢગલો કદાચ પુણ્યમાં પણુ ફેરવી શકાય.

ચીકણાં નહિ એવાં કર્મને પુરુષાર્થથી ફેરવીને માનવી જીવન પલટાવી શકે છે.

અમેરિકામાં રોકફેલર Rockfellar એકવાર માંદા પડ્યા. શરીરમાં ખૂબ સણુકા મારે. નિષ્ણાતોને બોલાવ્યા, દવાઓ કરી, ઇંજેકશનો લીધાં પણુ સણુકા ઓછા ન થાય. ડૉકટરોનું માનવું હતું કે ઑપરેશન કરવાથી કદાચ આંખ ગુમાવવાનો વારો આવે.

આશ્વાસન આપવા સહુ આવે પણ દર્દમાં ભાગ કોણ પાડે ? એક રાત્રિએ જ્યારે સ્નેહીઓ અને સ્વજનો શાંતિથી ઊંઘી ગયા હતા ત્યારે રોકફેલર દર્દથી ખૂબ પીડાતા હતા. એમને વિચાર આવ્યો :

"હું માનતો હતો કે ધનથી દુનિયાને ઝુકાવી શકાય છે, આખા વિશ્વને ચરણે નમાવી શકાય છે પણ એ જ ધન મારું શારીરિક દુઃખ દૂર નથી કરી શકતું. સણકા મારે છે અને મારું માથું ફાટી જાય છે. હવે શું કરું ? સહન થતું નથી.

"જો મારું ધન મને આવા દુઃખમાંથી બચાવી શકતું નથી તો ધન પાછળ મારે ઘેલા થઇ શાને મરવું ?"

મનમાં સંકલ્પ કર્યો: જો હું સારો થાઉં તો ગરીબો માટે મોટામાં મોટી હૉસ્પિટલ ખોલું. હું ધનપતિ છું એટલે દવાઓ લઈ શકું છું ઊંઘની ગોળીઓ ખરીદી શકું છું. અને થોડા સમય માટે દર્દને વિસરી શકું છું. પણ જેમની પાસે કોઈ જ સાધન નથી એ કેવા તરફડતા હશે ?

પ્રાર્થના કરી, અંદર રહેલી આત્મશકિતને જાગૃત કરી, સબળ સંકલ્પ કર્યો અને જીવનમાં પલટો આવ્યો.

અંદરથી સંકલ્પનું ચક્ર ફરે અને આસપાસના વાતાવરણમાં પલટો આવી જાય, સંકલ્પવાળા પુરુષો જ મહાન બન્યા, એ દુનિયામાં અદ્ભુત પલટો લાવી શકયા.

રોકફેલરે સંકલ્પ કર્યો: હું સારો થાઉં અને લોકોની સેવા કરું, લોકો માટે પૈસો ખરચું, સંસ્થાઓ ખોલું.

સવાર પડી અને રોકફેલરે છૂટે હાથે દાન દેવાનું શરૂ કર્યું. એના નામે ચાલતી સંસ્થાઓ આજે વિશ્વવિખ્યાત છે.

ઇચ્છાશકિત (will power)થી અશાતાનું કર્મ પલટાઇ ગયું. અશાંતિમાંથી શાંતિમાં આવ્યા.

મનમાં શુભસંકલ્પનું બીજ વાવો. "મારાથી હવે કોઇ સારું કામ થવાનું છે, એ કામ હું કરીશ જ."

નવી સંકલ્પ શકિતથી તમારામાં એવું બળ આવે, એવી તાકાત આવે કે ખરાબ કર્મ ફેંકાઈ અને દુઃખ આપનારું તત્ત્વ સુખમાં પલટાઇ જાય.

અબાધાકાળમાં–કર્મ હજુ ઉદયમાં ન આવ્યું હોય ત્યારે સારા વિચારો, સારા સંકલ્પો, સારું વાતાવરણ, સારા મિત્રો મળે તો એ માણસ ખરાબ કર્મને સારા કરી શકે.

અપંગ અવસ્થામાં, પ્રતિકૂળ દશામાં સંકલ્પ બળ કેળવ્યું તો પ્રતિકૂળ કેવું અનુકૂળ બની ગયું તે હેલન કેલરના જીવનમાં જોવા જેવું છે.

સુંદર દૃષ્ટિવાળા, સારા શ્રવણવાળા અને વાચાળોને એમના ગામમાં પણ ઘણા ઓળખતા નથી અને હેલન કેલર (Helen-Kellar) જેવી અંધ, બહેરી અને મૂંગી સ્ત્રીને આખી દુનિયા ઓળખે! જેને મળવામાં સહુ ગૌરવ અનુભવે! કારણ શું? પ્રતિકૂળતામાં મનોબળ વડે બીજી શકિતઓને એ બહાર લાવી. આંખ ગઈ એ નિકાચિત કર્મ હતું, ચીકણું કર્મ હતું, એ માટે કાંઇ શકય નહોતું પણ એણે પરિશ્રમથી બીજી શકિતઓ ખીલવી. અપંગતા ઉપર વિજય મેળવીને દુનિયાને બતાવી આપ્યું કે આત્મશકિતનું સામ્રાજય કેવું પ્રબળ છે!

આત્મશકિતનો ખ્યાલ આવશે પછી 'ભગવાન જયાં લઈ જશે ત્યાં જઇશ', 'તકદીરમાં જે લખ્યું હશે તે થશે' એવા

નિર્બળ વાક્યો નહિ બોલો. પછી તો પ્રાર્થના કરશોઃ "પ્રભો! મને તું પ્રકાશ આપ. રસ્તો કાપવાનું કામ મારું છે. મારો રસ્તો જો હું નહિ કાપું તો બીજું કોણ કાપશે?"

લોકો વિમાનની વાટ જોઈને બેઠા છે. જો નરસિંહ મહેતા માટે વિમાન આવ્યું તો મારે માટે કેમ નહિ? હું ગમે તેવા ધંધા કરું પણ એકવાર તિલક કરી ધૂન લગાવીશ તે વિમાન જરૂર આવશે.

"એરણકી ચોરી કરે, દિયે સોયકો દાન;
ઉપર ચઢકર દેખતો, કબ આવે વિમાન?"

એમ વિમાન નહિ આવે. એવા ભ્રમમાં ન પડશો. જીવનના પરમતત્ત્વોને જાણીને તમારે માટે શું શક્ય છે, શું કરી શકાય તેમ છે તે જાણી લો.

રાજ્ય છોડયા પછી ભર્તૃહરી બેઠા બેઠા ગોદડી સીવી રહ્યા હતા ત્યાં સાંજ પડી ગઈ. સોય દોરામાંથી સરકી ગઇ. ઉંમરને લીધે આંખોનું તેજ ઓછું થઇ ગયું હતું, પ્રકાશ ઓછો હતો, ભર્તૃહરીને સોય પરોવવી હતી. એટલામાં ત્યાંથી લક્ષ્મીદેવી પસાર થતાં હતાં. પૂછયું: 'ભર્તૃહરી! આ શું ફાટલી ગોદડી સાંધો છો? લો, આ નવી રેશમી ગોદડી લઈ લો, ભર્તૃહરીએ કહ્યું: 'મારે તમારી ગોદડી નથી જોઇતી. મારે તો મારી જ ગોદડી સીવવી છે"

લક્ષ્મીદેવીએ ખૂબ આગ્રહ કર્યો પણ ભર્તૃહરી અફર રહ્યા.

અંતે થાકીને દેવીએ કહ્યું: "હું ખાલી હાથે કેમ જાઉં? બોલો, તમારે શું જોઈએ છે? કંઈક તો માગો જ."

"લો, આ સોયમાં દોરો પરોવી આપો!"

"શું કહો છો? માગી માગીને આ માગ્યું?"

દેવીએ પૂછ્યું : “ તમારે સુખ નથી જોઇતું ? ”

ભર્તૃહરીએ કહ્યું : “ જે ચિત્ત અંતરયામીમાં લાગી ગયું એને ફરી પાછાં સુખ, સાહેબી, ભોગ મળે તો સુખની એષ્ણામાં મન તૃષ્ણામાં લાગી જાય. અંતરયામીમાં લાગેલું મન સુખની એષ્ણામાં લપસે તો ઉપર જનારું મન નીચે આવી જાય. આ ગોદડી ઠીક છે, સીવતાં સીવતાં અંતરયામીમાં હું ડૂબી ગયો છું તો શા માટે સુખની એષ્ણામાં મનને જવા દઉં ? સુખ અને પૈસો આવે છે પણ અંતે અશાંતિ મૂકીને જાય છે. મારે અશાંતિ નથી જોઇતી. મારે આ ફાટેલી ગોદડી મજાની છે ન એને કોઇ લેવા આવે કે ન એને માટે કોઈને ઇચ્છા થાય; ન એને માટે મારામારી કે ન કોઇ ઝઘડા. ”

ભલે આ રૂપક કથા છે પણ એની પાછળ વિચાર છે, ચિંતન છે.

પ્રાપ્ત પરિસ્થિતિમાં સુખ અને સંતોષ માની પ્રયત્નથી પ્રારબ્ધને જગાડે તો માણસ જરૂર ઉપર આવી શકે. પરિસ્થિતિને પ્રેરણા બનાવી શકે.

પરિસ્થિતિને પલટાવવાની છે અને એ કામ ઇશ્વરને નથી સોંપવાનું, તમારે કરવાનું છે.

ભગવાન બોલતાં હોત તો કહેત કે તને આટલું બધું તો મળ્યું છે. હવે કામ કર. આખો દિવસ ભિખ અને મદદ તું શું માંગ્યા કરે છે ?

ના, હવે મદદ નહિ, પુરુષાર્થ. હવે સ્ટીમર ગમે તે અંદરે નહિ જાય પણ નિશ્ચિત બંદરે જ જવાની.

કપ્તાનને જાગૃત કરવાનો છે, સાવધાન કપ્તાને plan અને chart સામે રાખવાનાં છે. વિશાળ સમુદ્રના કિનારે કેટલાં બંદરો છે અને કયે કયે બંદરે તારે જવાની શકયતા નથી ?

જે કપ્તાનની સામે સરસ chart હોય, એ દિશામાં નૌકાયંત્ર ગોઠવી ધીમે ધીમે એ દિશામાં આગળ વધતો જાય છે. રાત અને દિવસ પથ કપાતો જાય અને બંદર નજીક આવતું જાય.

કર્મવાદ સમજાય પછી દિવસો જાય, વર્ષો જાય અને આત્મા એના ધ્યેય તરફ નજીક અને નજીક આવતો જાય.

એના જીવનમાં નિર્બળતા નહિ સબળતા છે. એના વિચારોમાં નિર્માલ્યતા નહિ, સંકલ્પબળનું દર્શન છે. જ્યાં સંકલ્પ છે ત્યાં જ સાફલ્યતા છે.

પૂ. મુનિશ્રી ચિત્રભાનુ મહારાજનાં
ચિન્તનસભર પુસ્તકો

ધર્મરત્નનાં અજવાળાં	(કર્તવ્યનું દર્શન)	આ. ત્રીજી	૩–૫૦
પૂર્ણના પગથારે	(જીવનનું દર્શન)	,, બીજી	૩–૦૦
ઊર્મિ અને ઉદધિ	(પ્રાર્થનાઓ)	,, પહેલી	૨–૦૦
પૂર્ણિમા પાછી ઊગી	(પ્રવચનો)	,, પહેલી	૨–૦૦
હવે તો જાગો	(પ્રવચનો)	,, પાંચમી	૨–૦૦
સૌરભ	(ચિન્તનકણિકાઓ)	,, છઠ્ઠી	૨–૦૦
જીવનમાંગલ્ય	(મનનીય પ્રવચનો)	,, છઠ્ઠી	૧–૭૫
ચાર સાધન	(પ્રવચનો)	,, ત્રીજી	૧–૫૦
ભવનું ભાતું	(વાર્તાઓ)	,, ચોથી	૧–૨૫
બિંદુમાં સિંધુ	(પ્રસંગો)	,, છઠ્ઠી	૦–૭૫
પ્રેરણાની પરબ	(રત્નકણિકાઓ)	,, ત્રીજી	૦–૫૦
બંધન અને મુક્તિ	(પ્રવચન)	,, ત્રીજી	૦–૪૦

हिंदी

जीवन पाथेय	प्रथम आवृत्ति	०–५०
बंधन और मुक्ति	,, ,,	० ४०
जीवन मांगल्य	,, ,,	०–२५

The Beacon	4–00
Lotus Bloom	4–00
Fountain o	3–00
Bondage	1–50
To the cit	1–00
Inspiring An	(In Press)